સત્પંથની સમજ

(અને)

દુરાગ્રહીઓને ઉપદેશ

લેખક :

પીરજાદા સૈયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી)

મુ. પીરાણા.

પ્રકાશક :

સતપંથી પીરજાદા સૈયદ શ્રી શમ્સુદ્દીન બાવાસાહેબ (ખાકી)

આવૃત્તિ-૧ સંવત ૧૯૭૬

પ્રત : ૨૦૦૦ A.D. ૧૯૧૯

કિંમત : રૂ. ૫/-

મુદ્રક : નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ

સત્પંથની સમજ
(અને)
દુરાગ્રહીઓને ઉપદેશ

લેખક :
પીરજાદા સૈયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી)
મુ. પીરાણા.

પ્રકાશક :
સતપંથી પીરજાદા સૈયદ શ્રી શમ્સુદ્દીન બાવાસાહેબ (ખાકી)

આવૃત્તિ-૧ સંવત ૧૯૭૬
પ્રત : ૨૦૦૦
કિંમત : રૂા. ૫/-
A.D. 1919

મુદ્રક : નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ

અર્પણ પત્રિકા

પરમ પુનિત પવિત્ર પુજ્ય શ્રી શાહ દીન દયાળ ભક્ત વત્સલ પરમ પુજ્ય દયાનિધિ શ્રી અલીની પરમ જ્યોતિનાં પવિત્ર પાત્ર શિરછત્ર સર્વ ગુણ સંપુરણ શ્રી ઈમામ સૈયદ જલાલોદ્દીન (જલાલશાહ) સાહેબની પવિત્ર ઈશ્વરી આત્માની હુજુરમાં આ "સત્પંથીઓને સમજાવવા અને દુરાગ્રહીઓને ઉપદેશવા"નો આ લઘુ લેખ અર્પણ કરી વિનંતી કરી અરદાસ માગું છું કે હે દયાનિધિ! ઉપદેશ આપવું ને સમજાવવું એ કાર્ય આપના જ નુરી સ્વરૂપનું છે, અને આ લેખ એવા જ ભાનથી લખાએલ આપની જ સહાયતાએ આપની જ વાણી આધારે, તેથી આપનું જ કામ હોવાથી આપની સેવામાં જોડાઈ આપનું આપને અર્પણ છે, પણ સેવકની દાસ વર્તિ કબુલ કરશો એવી આશાએ આપના શરણે આવ્યો છું. આપનું પવિત્ર વૌંશ એજ પવિત્ર નુરનો પ્રકાશ પાડનાર જ છે. જેમકે શ્રી સૈયદ ગોર હ. પ. ઈ સે. બ. પીર ઇમામોદ્દીન (ઇમામ શાહ) સાહેબ તેમના શ્રી સૈયદ નર. શાહ ઈ. પ. પુ. હ. મહમ્મદ શાહ દાતાર, તેમના સૈયદ શાહ. પ. પુ. હ. સહાબોદ્દીન સાહેબ તેમનાં જ આપ પવિત્ર પુત્ર (નુર) છો.

લી. આપની સેવાનો ઉમ્મેદવાર
(ખાકી) સૈયદ બાવા સાહેબ અહમદઅલીના
હેજદા સ્વિકારશો.

પ્રસ્તાવના

નોંધ કર્યા તા. ૨૮-૩-૮૬, પીરાણા

લેખક : અનામી અંતર આત્મા

કચ્છ ગુજરાતભરના સતપંથીઓને નમ્રતા પૂર્વક જણાવીએ છીએ કે,

(૧) આ પ્રકાશનમાં સ્વ. નારણભાઈ રામજીભાઈને સંબોધીને લખવામાં આવેલી વિગતો ગત ૬૭ વર્ષ પહેલાં સ્વ. ખાકી સાહેબે લખેલી છે. તેમ છતાં તેવી હકીકતો હાલ પીરાણા સંઘના મેળા પ્રસંગે તાત્કાલીક છપાવી પ્રસિદ્ધ કરેલ છે. જેથી આ પ્રકાશન બાબતે આપ સુજ્ઞ વાચકોને હમો યાદ અપાવીએ છીએ કે જ્યારે ગત ૬૭ વર્ષ પહેલાં આપણા કચ્છ કડવા પાટીદાર સમાજમાં, સૌ પ્રથમ સતપંથ ધર્મ છોડનારા તથા ધર્મની ટીકા કરનારા સ્વ. નારણભાઈ રામજીભાઈ વગેરે આપણા શ્રદ્ધાળુ વડીલોની ધાર્મિક લાગણી દુભાવવા જાહેર સભાઓ આંદોલનો કરીને, પત્રિકાઓ છપાવીને ટીકા કરતા હતા ત્યારે તેમના સામે લેખીત જવાબ સવાલ કરવા આપણા

સતપંથી સમાજમાં નારણભાઈ રામજીભાઈ જેવા કોઈ લેખક વિદ્વાન ન હતા.

તે સમયમાં આપણા સતપંથ ધર્મનું રક્ષણ કરવા, સૈયદ કુળમાં જન્મેલા બ્રહ્મસ્વરૂપ સ્વ. બાવા સાહેબ અહમદઅલી ખાકી સાહેબે તેમની વિદ્વતાથી તથા સદ્‌ગુરૂ શ્રી ઇમામશાહ બાવાની પ્રેરણાથી, જે જવાબ સવાલો કરેલા તેની કેટલીક પત્રિકાઓ સ્વ. નારણ રામજીનો પ્રતિધ્વની નામે છપાવીને પ્રસિદ્ધ આપણે કરેલી છે. પરંતુ તેવી જ મતલબના જવાબ સવાલોની સ્વ. ખાકી સાહેબના હસ્તેની લખાયેલી ફાઈલો હાલમાં જ હમોને પીરાણા મુકામે તેઓશ્રીની લાયબ્રેરીમાંથી મળી આવેલ છે અને આ ફાઇલો વિગત છપાવતા પહેલાં હમોએ જ્યારે આપણા જ્ઞાતી સમાજના કેટલાક જીજ્ઞાસુ સતપંથીઓની સલાહ લીધેલી ત્યારે તેઓએ આવી મતલબની જુની ફાઇલો તાત્કાલીક છપાવીને આગામી ચૈત્ર સુ. ૨ ના સંઘના મેળા વખતે જ પ્રસિદ્ધ થઇ જાય તેવી સલાહ આપેલ છે.

જેથી આપણા સતપંથી સુજ્ઞ વડીલો તથા શ્રદ્ધાળુ યુવાન મિત્રોને હમો નમ્ર વિનંતી કરીએ છીએ કે, આવી મતલબનું પ્રકાશન પ્રસિદ્ધ કરાવવામાં કોઇ ભૂલચૂક કે ક્ષતી જણાય તો દરગુજર કરી માર્ગદર્શન આપશો.

(૨) ઉપરાંત આપને યાદ અપાવીએ છીએ કે, સ્વ. ખાકી સાહેબે તેમની હયાતીમાં જ એક સતપંથ સાહિત્ય સેવા મંડ-

ળની રચના કરીને તેવા મંડળનાં કાર્યની રૂપરેખા તથા મુખ્ય ૪ પ્રતિનીધીઓની નિમણુંક કરી હતી. તેવા ૪ પૈકીના ૧ સ્વ. કાનજીભાઇ રતનાભાઈ, (૨) સ્વ. ભગત અરજણભાઈ સવગણભાઇ, (૩) સ્વ. દેવજીભાઇ લાલજીભાઇ, (૪) સંત-શિરોમણી શ્રી રામજીભાઈ પેથાભાઇ હાલ હયાત છે. અને સ્વ. ખાકી સાહેબની પ્રેરણાથી ઉપરોક્ત પ્રતિનીધીઓએ જે ભગિરથ કાર્યોની શરૂઆત કરી તેમાં દસ અવતારની જાહેર કથાઓ કચ્છ ગુજરાત ભરમાં છેલ્લા ૩૦ વર્ષથી કરાવીને સતપંથ જ્ઞાન પ્રચારનું કાર્ય કરેલ છે. તે આપ સૌથી અજાણ નથી.

અને સ્વ. ખાકી સાહેબ જ્યારે દેવલોક પામ્યા તે સમયમાં તેમના વારસદાર સતપંથી શ્રી શમ્સુદ્દીન બાવા નાની વયના હતા, તેમ છતાં ઉપરોક્ત પ્રતિનીધીઓએ શ્રી શમ્સુદ્દીન બાવાની પ્રેરણા માર્ગદર્શનથી સાહિત્ય પ્રકાશન કાર્યની અખંડ જ્યોત જલતી રાખેલ છે. તેવાં સાહિત્યો છપાવવા કે પ્રસિદ્ધ કરાવવાના કાર્યમાં જે, જે દાન દાતાઓએ સહયોગ આપેલો તેવા દાનવીરોની યાદી, યજ્ઞબિધી પુસ્તકની બીજી આવૃત્તિમાં પ્રસ્તાવનામાં પ્રસિદ્ધ થયેલ છે. તે આપ સૌની જાણમાં છે જ.

(૩) આ પ્રસ્તાવનામાં ઉપરોક્ત હકીકત યાદ આપાવીને જણાવીએ છીએ કે, આપણા જ્ઞાતી સમાજમાં સતપંથ ધર્મનું રક્ષણ કરવા માટે સ્વ. ખાકી સાહેબે તેમના જીવન કાળમાં

ત્યાગ અને વૈરાગની ભાવનાથી તન, મન, ધનની કુરબાની આપીને તેઓશ્રીની વિદ્વતાથી જે જે સાહિત્યોમાં આપણને દિવ્ય પ્રકાશ અને પ્રેરણા આપી ગયા છે. તેમ છતાં હાલના સંજોગોમાં અમારે દીલગીરી સાથે યાદ અપાવવાની જરૂર જણાય છે કે, સ્વ. ખાકી સાહેબની વિદ્વતાથી પ્રસિદ્ધ થતાં સાહિત્યોનો વિશેષ પ્રચાર આપણા કચ્છ ગુજરાત ભરમાં થાય તેવું પ્રોત્સાહન મળે, અને સતપંથ સાહિત્ય સેવા મંડળને આવા કાર્યમાં સાથ સહકાર મળે તેવું જનરલ સમાજે લક્ષે આપેલ નથી અને આવા પ્રસિદ્ધ થતાં સાહિત્યોની બાબતોમાં જ ભૂતકાળમાં દસ અવતાર પુસ્તકની બાબતે તથા પુજાવીધી પુસ્તક બાબતે સતપંથી સતપંથીઓમાં જ મતભેદો તથા સાહિત્ય પ્રસિદ્ધ કરનારા કરાવનારાઓની ઉપેક્ષા થતી જણાય છે તે દિલગીરીની બાબત છે.

(૪) આવા અંદરો અંદરના મતભેદોનાં મુખ્ય કારણ વિષે સંશોધન કરતાં અમને એવું કારણ જણાય છે કે જે સુરત વિભાગમાંથી ગત ૨૫ વર્ષથી સાહિત્યો ખાસ કરીને પુજાવીધી પુસ્તકમાં અરબી ભાષાની બાબતમાં ભાષાકીય સુધારા વધારા કરી કરાવીને–સદગુરૂ ઇમામશાહ બાવાની મુખ્ય

પુજાવીધી ભાષામાં કે મુખ્ય સિદ્ધાંતોનું ખંડન મંડન કરાવતાં પુસ્તકો જે પ્રસિદ્ધ થયાં અને તેવા પુસ્તકોને આપણા કચ્છ તથા ગુજરાત ભરના યુવાન શ્રદ્ધાળુ સતપંથીઓએ તેમાં સુરત વિભાગની પુજાવીધી પુસ્તકોનો પ્રચાર કરવા તેમજ પ્રોત્સાહન આપતા રહેલાના કારણે જ સ્વ. ખાકી સાહેબનાં પ્રસિદ્ધ થતાં પુસ્તકોને પ્રોત્સાહન કે પ્રચાર કરવામાં વિઘ્નરૂપ થયા હોય તેવું અમારૂં અનુમાન કદાચ જો ખોટું હોય તો હમોને દર ગુજર કરશો. અને આવી બાબતોમાં આપણા સમાજમાં કેટલાક સંતો, ભક્તો કે પંડિતો આવી બાબતોથી સુજાણ હોવા છતાં સાહિત્ય પ્રકાશનના ગુણદોષની તુલના વિવેક બુદ્ધિથી કરી કરાવી શકયા નથી તેવું હમારે આ પ્રસ્તાવનામાં દીલગીરી સાથે જણાવવું જરૂરી છે.

અંતમાં આ પ્રકાશનની પ્રસ્તાવનાના અંતમાં અમો પ્રકાશકોના આ ઉદગારો તથા અમારી નમ્ર વિનંતીને આપ વાચકો વિવેક બુદ્ધિથી વાંચી વિચારીને આ પ્રકાશનની વિગતોમાં પણ જે ગુણ દોષ જણાય તેને દરગુજર કરશો. તેમજ આજ પછીથી આપણા સતપંથ સમાજને કચ્છ ગુજ-રાતભરમાં સહિત્ય જ્ઞાન પ્રચાર કાર્ય કરવામાં સંપ અને સંગઠનથી સતપંથી સંતો ભક્તો તથા પંડિતોએ સલાહ સુચના

માર્ગદર્શન આપીને પ્રચાર કાર્યમાં પ્રેરણા અને પ્રોત્સાહન આપશો. એ જ અમો પ્રકાશકોની આશા અભિલાષા છે.

સતપંથ સેવા મંડળ વતી
લી. શ્રી રાવજીભાઇ કાનજીભાઇ પટેલ
(અનામી અંતર આત્મા)

૨. શ્રી અરજણભાઇ કાનજીભાઇ પટેલ
૩. શ્રી દેવજીભાઇ કાનજીભાઇ પટેલ
૪. શ્રી સવજીભાઇ અરજણભાઈ ભગત
૫. શ્રી રવજીભાઇ જીવરાજભાઇ પટેલ માનકુવા-કચ્છ ભૂજ
૬. શ્રી ધનજીભાઈ નારાયણભાઈ પટેલ
૭. શ્રી નાનજીભાઇ હીરજીભાઈ પટેલ
૮. શ્રી પ્રેમજીભાઇ ગોવિંદભાઇ-ગણેશપુરા
૯. શ્રી ગોવિંદભાઇ શામજીભાઇ-આનંદપુરા
૧૦. શ્રી ભાણજીભાઇ ધનજીભાઈ મમાઇમોરા-કચ્છ ભૂજ

ૐ

"સત્પંથની સમજ
અને
દુરાગ્રહીઓને ઉપદેશ"

આદ નારાયણ શ્રી જગત્પતિ પરમ પરમાત્મા નિરંજન નિરાકાર, પ્રસંગે નુરરૂપે સાકાર વર્તમાન, શ્રી નિષ્કલંકી પરમ પૂજ્ય જગદિશ્વરના સર્વ વખાણ, વર્ણન કરી શકાય તેમ ન હોવાથી ટુંકમાં સર્વ વખાણયોગ, સર્વ તત્વોની ખાણ, શ્રી અલખ તું જ છો, ૐ તું જ છો, એટલું કહીને જ શાંત થાઉં છું.

શ્રી નિષ્કલંકીના વખાણ બાદ સર્વ સત્પંથિઓને સત્પંથની ઉત્તમતા સમજાવતાં અને દુરાગ્રહીઓને સવિનય વિનવતાં આ શક્ય જેટલો લેખ જરૂર હોવાથી, જરૂરનો ટાઈમ રોકી પ્રવૃત્તિમાં રોકાવવું જરૂર જાણી, સત્પંથનો જરૂરી ખુલાસો વખતસરનો આપવો જોઈએ, તેટલો જ આપું છું. સજ્જનો પણ યોગ્ય વિચારે સાર ગ્રહણ કરી દુરાગ્રહીઓનાં હઠ્ઠવાદ ઉપર તિરસ્કાર પ્રગટ કરશે. અને તેવી જ રીતે દુરાગ્રહીઓ

સત્યને સમજી લઇને પોતાનો દુરાગ્રહ તજી સત્યને શરણે આવશે. આ કારણે આ લેખ લખવો નિર્માણ કરી શ્રી અલખ પાસે આશિષ માગું છું કે અમો સતપંથીઓની આશા પૂર્ણ કરો.

આ લેખ ખંડનમંડનના ભાવે નથી પણ સત્યતા પ્રગટ કરવાના ભાવે છે. ઘણું કરીને ઢોંગી લોકો ખોટા 'ટાઈટલ' પોતાને માટે ગોઠવી લઈ પોતાનો ખોટો ડોળ લોકો આગળ સત્ય કરી દેખાડવા પ્રયત્ન કરે છે, તો તેવા માણસોમાં કેટલે અંશે સત્ય સમાએલું છે તે જાહેરમાં મૂકવા માટે જ આ લેખની જરૂરીઆત છે, જેમકે "બારમી આર્ય ધર્મ પરિષદ" જે ભાવનગરમાં ભરાઇ હતી તેમાં મિ. નારણભાઇએ પોતાના સારૂં "પીરાણા ઉપદેશક" એવો ટાઇટલ બનાવી લઈ લોકોને ઠગવા પ્રયત્નો કર્યા છે, તેનો ખુલાસો તો તે ટાઇટલમાં વિટ્લાઇ મિ. નારણભાઇએ એક લેખ કપંચની ખાણ જેવો છપાવ્યો છે. તે સર્વેનો કાંઇક ખુલાસો કરવાની અગત્ય પણ સમાએલી છે.

Narayan Ramji at 12th Arya Dharm Parishad at Bhavangar

મિ. નારણભાઈ એ લેખમાં લખે છે કે હું "જે વિષય ઉપર બોલવા પ્રવૃત્ત થયો છું. તે વિષય મારા પીરાણાપંથમાં ગુપ્ત ગણાય છે અને તે ગુપ્ત હોવાથી અટપટીવાળો છે. હું જે સમજ્યો છું તે આપ સજ્જનો સમક્ષ જણાવવા લોભાયો છું."

એક તરફ પોતાને પીરાણા ઉપદેશક જાહેર કરે છે અને એક તરફ 'મારો પીરાણાપંથ' બતાવે છે. વળી તે સાથે જે વિષય એ બોલવાના છે તે ગુપ્ત ગણાય છે. વળી કહે છે કે ગુપ્ત હોવાથી અટપટીવાળો છે.

વાચકવીરો ! આપ સર્વ નારણભાઈનું પોકળ સમજી ગયા હશો કે ધર્મના દરેક વિષયો દરેક ધર્મમાં સર્વ માણસો સમક્ષ પ્રગટને સરળ હોય છે. ગમે તેવા ગુંચવણવાળા વિષયો પણ ધર્મીઓ સમજી શકે છે. તો નારણભાઈ જેવા સુજ્ઞ માણસથી વિષય ગુપ્ત અને અટપટીવાળો કેમ રહી ગયો ? અહીં તો પોતે ઉપદેશકનો ડોળ દેખાડે છે. ઉપદેશક ? સત્પંથના વિષયો સરળ ને સહેલા જે સર્વ માત્ર ગુજરાતી ભાષામાં હોવાથી સહેજમાં સમજીને બોલી શકાય તેવા છે, તેને પણ કેવા ભાવથી ગુપ્ત અટપટીવાળો લખો છો ? તમો તો વળી ઉપદેશક છો. વાહ ? ? વાહ ? ? ? ઉપદેશકજી ? ? ? ?

ઉંચે બેઠે નવૂલહે, ગુણબિન્ બડપન્ કોય;
બેઠે દેવળ શિખર પર, વાયસ ગરૂડ ન હોય.

નારણભાઈ તો ઉપદેશક ! ને તેમના વળી ઉપદિષ્ઠ રણછોડભાઈ ! જોડી તો ખરેખર વિદ્વાનોની ખાસી મલી છે. ગુણ, જાત, વિદ્વતા વગેરેની પરીક્ષા કરવી હોય તો નામ તપાસતાં જ થઈ જશે.

જુઓ, આ લેખ ટુંકાણમાં લેવાનો હોવાથી તેમ વાચક વર્ગને બહુ વખત ન રોકાય તેથી ફક્ત એકલાં તેઓનાં નામ તેઓના લેખમાં છપાએલાં છે તે પ્રમાણે તપાસો.

'નારણ' = (ના + રણ, ના = નકાર, નહિ; + રણ = શૂરવીરોનો ક્ષેત્ર) શૂરવીરોના ક્ષેત્રનો નકાર કરનાર; શૂરવીરોનાં ક્ષેત્રમાં જનારને ના કહેનાર, અથવા રોકનાર, નજનાર, અગર ના હિંમત, બીકણ, પુરુષાતન વિનાનો, કાયર.

'રણછોડ' = (રણ + છોડ; રણ = શૂરવીરોનું ક્ષેત્ર + છોડ = છોડાવનાર; છોડનાર, (તજનાર કે તજાવનાર) શૂરવીરોનાં

ક્ષેત્રને છોડનાર, છોડાવનાર, બીકણુ, હિંમત વગરનો, પુરુષાતન વગરનો, કાયર.

"હરિનો માર્ગ છે શુરાનો; નહિ કાયરનું કામ જોને" અસ્તુ; સત્પંથ એજ હરિનો માર્ગ છે, તેમાં આવા નામ ગુણધારી પુરુષો કેટલી વાર ટકી શકનાર છે? સત્પંથનું તો અન્યત્ર લખવામાં આવશે, પણ અહીં તો ઉપદેશકના લેખનો ખુલાસો પ્રથમ કરવાનો છે.

નારણભાઇ લખે છે કે, "હિંદુ પુરાણાદિ શાસ્ત્રોમાં કહેલું છે કે કળિયુગના વખતમાં જુદા જુદા ધર્મ પાખંડો ઉભા થશે તથા ધુતારા પાખંડીઓ આડા પંથો અને આડા માર્ગો ચલાવશે."

અહાહા, કેવો આશ્ચર્ય! પુરાણાદિ શાસ્ત્રોને નહિ માનનારાજ, આજ પુરાણોને લઇને આસ્થાવાન બનવા પોતાની પ્રતિષ્ઠા જાહેર કરે છે. નારણભાઈ! પુરાણોએ કહેલા ધર્મો કબુલ કરશો? અને આ પંથનો વિષય, કયા પુરાણમાં લખેલો છે, તે કૃપા કરી બતાવશો?

નારણભાઇ પાખંડ ધર્મ વિષે કહે છે "એટલે આ પીરાણા મત,-પંથ-પણ કળિયુગમાં એટલે સને ૧૪૪૦ માં એક ઇમામશાહ ઉર્ફે ઈમામોદ્દીન નામના સૈયદે ઇરાનથી ગુજરાતમાં આવીને એ મતની સ્થાપના કરી" વાહરે વાહ! ઉપદેશક! મૂળ પુરુષથી પણ અજાણ!

પીરાણાના ઉપદેશકતો નહિ જ, પણ નાસ્તિકોના રક્ષક, મિ. નારણભાઈ! શ્રી ઇમામશાહ સાહેબની ચાર પાંચ પેઢીઓ પંજાબમાં જ થઈ છે. તેમ તેમનો જન્મ પણ પંજાબમાં જ વિક્રમ સંવત ૧૪૯૬ ની લગભગ થયો હતો. સતપંથના સ્થાપક શ્રી ઇમામશાહ નામે રૂપે પંડે નથી, પણ એ પંથ

વેદોથી આગળનો છે. જુઓ, એ પંથના શાસ્ત્રો, શ્રી પીર કબીરદીન, શ્રી પીર સુદરદીન, શ્રી પીર સાહેબદીન, શ્રી પીર ઈમામ શમ્મસ દીન (શમસ્સો તબ્રેઝી સાહેબ) શ્રી પીર નુર સતગોર (સલાહોદીન). એ સાહેબો ગુજરાતમાં પધારેલા હોવાથી ગુજરાતી ભાષામાં અમોને આપી ગએલા તે પ્રત્યક્ષ છે. તેઓ સાહેબો પણું શ્રી ઈમામશાહથી ઘણા વર્ષો પહેલાં થઈ ગએલા છે, એ તેમાં પ્રગટ છે. હાં! શ્રી ઇમામશાહ એક નુરી મહા પુરુષ પવિત્ર અવતારી આત્મા બ્રહ્મરૂપ હતા. "તો તેમને હમો હાલ પણ તેવાજ માન્ય કરીએ છીએ."

સ્વહસ્તે બનેલા પ્રપંચી પીરાણા ઉપદેશક મિ. નારણભાઇ! તમો કયા ધર્મી છો, તે જરા સમજી બતાવશો? ભાઈ, પીરાણા ઉપદેશકનો ડોળ કરતાં તો કરી ગયા, પણ તમો સત્યનાશક હોવાથી ભજવી શકયા નહિ. કેમકે તમો સત્પંથમાં હોત તો સત્પંથને દુષ્ટ ને ચંડાળ ન કહેતા, તેના જેવી વાણી તમારા મુખમાં હોત જ નહિ અને તમે સત્પંથ વિરુદ્ધ છો તો અન્ય ધર્મી સત્પંથનો ઉપદેશક હોય જ નહિ.

આગળ જુઓ, તમારા પ્રપંચનો પોટલો કેવો ઉઘડયો છે. જુઓ! જુઓ! શું લખો છો! તપાસો???

"શરૂઆતમાં અમદાવાદ નજીકનાં ગીરમથા ગામની સીમમાં મુકામ કરી રહ્યો. ત્રણ વર્ષથી વરસાદ નહિ હોવાથી અને ફકીર જાણી સૌ કણબીઓ વૃષ્ટિ વિષે પૂછવા ગયા. 'તેવામાં વરસાદ થયો.' તેથી લોકોની શ્રદ્ધા બેઠી ને ઝૂંપડી બાંધી આપી ત્યાં રાખ્યો. બાદ તેનો અજ્ઞાન લોકોમાં સારો વક્કર બેસાડતો ગયો."

વાહ! પીરાણા ઉપદેશક! મિ. નારણભાઈ! કેટલો બધો મુર્ખવાદ! કેટલી અણસમજ! જ્યાં જેના કહેવાથી વરસાદ આવ્યો તે તો પ્રપંચી, અજ્ઞાનોને છેતરવાનું? નારણભાઈ! જેને આધીન વરુણ વાયુ, અગ્નિ આદિ દેવો છે, જે ધારે છે તે કરી શકે છે, એવા પુરુષો તો અજ્ઞાની આગળ ફાવે છે! તો તમારા જેવા-ભણેલા—બોલે એક અને બતાવે બીજું, તે કોની આગળ ફાવવાના? બતાવશો? રણછોડભાઈ જેવા વિદ્વાન ભક્તો આગળ? કે અન્ય આગળ? જૂઓ

"સજ્જનથી સજ્જન મળે, મળે નીચથી નીચ;
પાણીથી પાણી મળે, મળે કીચથી કીચ."

"અંધો અંધ અંધારે મલ્યા,
જેમ તલમાં કોદરા ભલ્યા.
ન થાએ ધરો ન થાએ ધાણી;
એ વાત અખાએ જાણી."

"અંધલો સસરો સણવટ વહુ,
કથા સુણવા ચાલ્યું સહુ,
કહ્યું કંઇ ને સાંભલ્યું કશું,
આંખનું કાજલ ગાલે....એ ઘસ્યું."

શ્રી ઈમામશાહ જે મહાબ્રહ્મપુરુષ આધીન બાદશાહો, રાજાઓ, જ્ઞાનીઓ ને ભક્તો વગેરે હતા, તો તે સમયે તેઓ શ્રીના ચારિત્ર ઉપર તેવા મહંત પુરુષોને કાંઈ જોવાનું નહિ મલ્યું હોએ? અરે, તે પછી અઢીસો વરસ ઉપર જ શ્રી અસરફશાહ બાવાને દિલ્લીના ઔરંગઝેબ બાદશાહે પરીક્ષા કરવા બોલાવી લોઢાના ખૂબ તપેલા તવા ઉપર ઉભા રાખ્યા, ત્યાં તેમણે ધર્મવાદ કરી ખાત્રી કરી આપ્યા પછી પરવાના

વગેરે કેટલાં ફરમાનો આપેલાં છે. તેજ અરસામાં અશરફશાહ સાહેબને પંડિત શ્રી શ્યામ લાલજી સાથે પણ "ધર્મ નિર્ણય" નો સંવાદ થયો હતો. જેથી શ્યામલાલજી પણ સતપંથમાં આવી પાવન થઈ ચૂકેલા છે તે જુઓ. ભાઈ! તમારી જ આંખો સુધારો પછી સત્પંથના મહાપુરુષોને જુઓ. જ્ઞાની પુરુષો સત્યને સત્ય જ કહેશે. જેમ સ્વામી રામતીર્થ પીર સમશોતબ્રેજી (પીર શમ્મસ) ને પોતાના ખરા અંતઃકરણના ભાવથી જ કહે છે કે "પીર સમશોતબ્રેજી સાક્ષાત ભગવાન હતા." આવા મહાન પુરુષોના પવિત્ર ચારિત્ર્ય ઉપર, તમારા માથામાં ભરી રાખેલો અપવિત્ર ભુસો નાખવા ખોટા પ્રયત્નો ન કરો. યાદ રાખજો એથી સૂર્ય ઢંકાશે નહિ. અંતે '**सत्यमेव जयते।**' આ સૂત્ર સ્મરણમાં લાવશો.

નારણભાઈ! ધર્મદ્વેષથી પ્રથમના જ પૂર્વજોની જે નિંદાઓ વળગ્યા, ને પોતાના જ વડીલોનો અપમાન કરી, તેઓની પવિત્રતાને કલંક લગાડવાનું કરી, પોતાનો વ્હેર ખોટી રીતે વસુલ કરવા ઉમંગી બની લખે છે કે, "કારણ કે તે સમયમાં હિંદુસ્તાનમાં ધર્મ વિષયક એટલી બધી અજ્ઞાનતાને પહોંચ્યો હતો કે, મહાત્મા એટલે કાંઇક ચમત્કાર બતાવીશ એમ કહે કે; તે વ્યક્તિ શ્રેષ્ઠ મનાય, અને પુણ્ય ગણાય, પરિણામ એ આવ્યું કે, ખરા સાધુઓનાં શુદ્ધ ચારિત્ર્ય (સ્મરણો) ભૂસાઈ ગયા, ચારિત્રના માટે બેદરકાર થએલી લોકવૃત્તિ જ્યાં ત્યાં ચમત્કારોને શોધવા લાગી અને ચમત્કારોના બાનાથી અસાધુઓ જેમનું ચારિત્ર એક પીસાચને લજ્જા ઉત્પન્ન કરે એવું હોય, તેઓ પણ પોષાવા અને પૂજાવા લાગ્યા."

નારણભાઈ! આ તમારી અજ્ઞાનતા અને નબળાઇ છે, તેને વેરના બળે તમારા વડીલો ઉપર ન નાંખો, તે સમયનું

જરા ભાન કરો, કેવો પવિત્ર સમય હતો ? કેટલા મહાત્માઓ અને સાધુપુરુષોથી પુણ્યમય ભરતખંડ ચારેખુણે ગાજી રહ્યો હતો. સર્વત્ર આર્ય પ્રદેશ ચમત્કારમય ને સાધુમય બની રહ્યો હતો. ગુરૂ નાનક, પીપાજી, વલ્લભાચાર્ય, કબીર, તુકારામ, નિત્યાનંદ, સુરદાસ, રામાનંદ, ચૈતન્ય સ્વામી, અદ્વૈતાનંદ, ભક્તનરસિંહ મહેતા, શાકર મલિક (સનાતન ગોસ્વામી) ગોરાંગ (નીમા) જ્ઞાનદેવ ભટ, રઘુનાથ, પરમભક્ત મીરાંબાઇ, ભડીબાઈ, લીલળબાઇ વગેરે વગેરે પુષ્કળ મહાપુરુષો નીતિનું મહાન જ્ઞાન ગજાવી રહ્યા હતા. ચમત્કારોનો વરસાદ વરસી રહ્યો હતો. તે સમયનો મનુષ્યવર્ગ ચમત્કાર અને પ્રપંચનો પાવરધો બનેલો હતો. જરાતરામાં તમો ધારો છો તેમ ઠગાઈ જાય તેવો ન હતો. પણ હાં ! તેઓ પૂર્ણ શુદ્ધ જ્ઞાની નિરાભિમાની હોવાથી, સત્ય વાતને માનનાર, સત્યની ખોળ કરનાર હતા. તેથી જ તેઓએ સર્વ રીતે ખોળ કરી વર્તમાન કાળનો યોગ્ય પુરુષ યોગ્ય જ્ઞાને ખોળી સત્પંથ સ્વીકાર્યો છે.

નારણભાઇ ! તમારી જ વિદ્વતાનો પાર રહ્યો નથી શું ? જેનાં ચારિત્ર્ય શુદ્ધ નથી, એવા પુરુષો ચમત્કાર બતાવે છે તેમ તમારું માનવું છે ? ચમત્કારનો અર્થ નારણભાઈ કેવો સમજતા હશે ? ચમત્કાર બતાવવો બહુ સહેલો છે ? અહા ! ધન્ય છે ! દ્વેષ દૃષ્ટિને.

નારણભાઈ ! તમો જો એમ માનતા હો કે, ગમે તેવા ચારિત્રવાળો પુરુષ ચમત્કાર બતાવી શકે છે, તો મહેરબાની કરી આપ એક નાનકડું ચમત્કાર બતાવી આપશો ? તે પણ આટલું જ કે "મારા હાથમાં ઝાલવાની નેતરની લાકડી તે જમીનમાં વાવો, તે નવપલ્લવિત થઇ ફળ (દાઢમના) આપે." આપનાં ચારિત્ર તો સારાં જ હશે ? તમો પોતાને સુધરેલા

માનો છો, પહેલાંના વગર સુધરેલા ચમત્કાર બતાવતા હતા, તો તમારા જેવા સુધરેલાનું તો અત્યારે પૂછવુંજ શું ?

નારણભાઈ ! બુદ્ધિને સંભાળો, વિદ્યા હોય તો તેનો સદુઉપયોગ કરો, ને દ્વેષને દૂર કરી ફરી બોલો, શું ? પવિત્ર પુરુષો વગર અન્ય પુરુષો ચમત્કાર (દૈનિક કાર્ય) કરી શકે છે ? અહાહા, કેટલો બધો દ્વેષ ! જગત દ્વેષીઓનો સમાગમ થવાથી, તેમ સહાય મલવાથી આવેશમાં ખેંચાઇ જઇ "સોબતે અસર તુખમ્ તાશીર" વગેરે કહેવતનો ભાવ પુરેપુરો દેખાડી આપ્યો, કાંઈ ભાન ઠેકાણે રાખો, પછી બોલો. ઉપદેશક બનવું સહેલું નથી. એમ કહો કે ઉપદેશક તો નહિ, પણ એક ઇર્ષાખોર વૈર્યમાં રચ્યોપચ્યો નિંદાખોર છું.

આગળ ચાલતાં લખો છો કે "હું મારા પીરાણા અર્ધદગ્ધ પંથથી તેમ અસલ હિંદુ ધર્મથી ઘણોખરો વાકેફ છું. મારો મત અસલ હિંદુ ધર્મથી જુદો છે."

કુંડળીઓ

"જબ લગ ફાંસી મઝહબ્કી, તબલગ હોત નહિ જ્ઞાન,
તુટે ફાંસી મઝહબ્કી, તો પામે પદ નિર્વાન,
પામે પદ નિર્વાન, નિરંજન માંહી સમાએ,
તરે ભવસાગર કે માંહી, ચોરાસી બાહેર ન આવે,
કહે ગિરિધર કવિરાજ, બોધ બિન જગ ભમે ચોરાસી;
તબ લગ હોત નહિ જ્ઞાન, મઝહબ્કી જબ લગ ફાંસી."

નારણભાઈ ! ઉપદેશકનો ફાંકો ક્યાં સુધી નભવાનો ? ઉપર લખેલી ગિરિધર કવિની વાણી સાંભળી ? તમારો પીરાણા અર્ધદગ્ધ પંથ (તમારો એ પંથ હોય તે તો તમે જાણો)

પણ ભાઈ અર્ધદગ્ધ કોને કહેવો ? નારણભાઈ ! ઉપદેશકની વિદ્વતા આનું જ નામ છે ? જેઓ પોતપોતાની ખેંચી રાખી, એકબીજાને ભુંડા કહેવા ઉભા થાય છે તેઓ જ અર્ધદગ્ધ પંથી છે. જેણે હિંદવાઇ અને મુસલમાની એવા દ્વેષ ભાવોમાં બંધાઈ રહી અરસપરસ વઢાડી મારવાના બંધો બાંધ્યા છે, તેજ અર્ધ, (સર્વ)દગ્ધ પંથી છે. એક માર્ગના અનેક માર્ગ બનાવી સરળ માર્ગમાં ગુંચવણો નાખી દીધો, એજ અર્ધ-દગ્ધી, અરે ! સર્વદગ્ધી છે. કહેવત છે કે "ચોરને અંધારૂં વ્હાલું" "તેમ પાખંડીઓને અજ્ઞાન વ્હાલું" તેથી જ્ઞાનને બહાને અજ્ઞાન વધારવા એવા લુચ્ચાને ધુતારા આગેવાનોએ પ્રયાસ કરી સંપસુલેહને મટાડી દેવા આવા પ્રયત્નો કર્યા છે.

'સત્પંથ' પવિત્ર ધર્મ છે કે જે 'જગતમાં સત્યનો જ પ્રકાશ પાડી રહ્યો છે, 'હિંદુ' કે 'મુસલમાન' કોઇની પણ મમતાની (હંઠવાદ) પક્ષ ન કરતાં ઇશ્વરીવાણીનો જ ખરો માર્ગ અને સંપ અને સુલેહનો પંથ" નમુનાનો પ્રચાર કરી રહ્યો છે. કોઈ પણ પ્રકારના મતવાદને નહિ મળનારો હોવાથી સંપૂર્ણ રીતે પવિત્રને અખંડ ધર્મ છે. સનાતની છે. ઇસ્લામ (સલામતીવાળો, રક્ષિત, અક્ષયિ.) છે. પણ તમો પાખંડીઓ સત્યના શત્રુ હોવાથી તે ભાવે એને અર્ધદગ્ધ કહેવાનું સાહસ કરો છો, એટલે તમો પોતે પોતાનું મોઢું પાણીમાં જોવાથી તેવા ચાળા કાઢો છો, અને પોતાનાં દુર્લક્ષણો બહાર પાડવા પ્રયત્ન કરો છો; અન્ય કાંઈ નહિ.

જેઓને સત્ય માર્ગની કાંઈપણ ઝાંખી થઈ છે, તેઓ એકતા, સલાહ, સંપ, હેત આદિને ઇચ્છે છે, અને તેઓજ "હિંદદેવીનાં બે લોચન હિંદુ અને મુસલમાનને ગણે છે,"

તમારા જેવા 'અધુરો ઘડો છલકાય' એવા નહિ. જેમકે ડોક્ટર કે.બી. પટેલ રાંદેર નિવાસીએ 'માતાનો અફસોસ'નો લેખ તમારા જેવા વિઘ્નસંતોષીઓના ઉપદ્રવને લઈનેજ લખ્યો છે. પરમાત્મા પોતાની કૃપાથી જ્યારે ભારતપ્રદેશમાં સંપ-સુલેહની ઈચ્છા પ્રદર્શિત કરવા ઈચ્છે છે, ત્યારે આપના જેવા સુજ્ઞ મહાશયો, (સંપના શત્રુઓ) ધર્મના બ્હાનાં હેઠળ વેર, ખાર, વિઘ્ન વધારવા ખોટા છિદ્રો અન્યના ખોળવા મંડી પડી, નાના પ્રકારના, દ્વેષનાં બીજો રોપવા, કુસંપનો અગ્નિ પ્રજ્વલિત કરવા, પોતાનું સર્વસ્વ ખર્ચી રહ્યા ને, નકામું-ડહાપણ લોકોની સમક્ષ મૂકી ડાહ્યા ઉપદેશક બનવા ઇચ્છો છો. ધન્ય છે! એવા ખોટા વેષધારીઓને "કે જે હંમેશાં પોતાના દેશ અને ધર્મ પ્રત્યે પણ વેરની લાગણી ધરાવે છે," ધન્ય નહિ પણ ધિક્કાર છે!!!

મિ. કે. બી. પટેલ પોતાના લેખના ચોથા પૃષ્ઠ ઉપર હિંદના પ્યારા પુત્રો હિંદ મુસલમાનોની મૈત્રિ અને બંધુ ભાવ ધરાવનારા કબીર ભક્તના નીચેના શબ્દો લખે છે કે ("નીચલા શબ્દો જ્યારે પડદા પર નજરે પડે છે ત્યારે કેટલા બધા પ્રેક્ષકોના હ્રદય પ્રેમથી છલકાય છે અને 'બંધુ પ્રેમ'ની ગાંઠ બાંધી ઘેર સીધાવે છે.")

"મુસલમાન ઓર હિંદુઓ, સબ ઘટમેં પ્રભુ દેખ;
બેટા હે એક બાપકા, ક્યા સાધુ ક્યા શેખ."

કહેવત છે કે "સતી ગુણકાને વેર વેર કાયર ને સુરા; જગત ભક્તને વેર, વેર પુરા અધુરા" તે ન્યાયે કે.બી. ડોક્ટર સાહેબના શબ્દો, તમારાથી સંભળાઇ પણ નહિ શકતા હોવાથી કાનમાં ડુચા દેવા પડતા હશે ? મહાત્મા કબીરની

ફીલમ કદી ભૂલેચૂકે જોવા ગયા હશો તો ત્યાં સંપની વાત જોવામાં આવતાં મોઢું ખાટું ચેડ થઇ ગયું હશે! અને તેથી કરી પડદો, આંખો, ફિલમ, કે કાંઇપણ તોડી ફોડી નાખવા પ્રયત્નો કર્યા હશે? જ્યારે તેમાં નહિ ફાવવાથી સંપના ઇચ્છક પ્રેક્ષકો વિરૂદ્ધ દુશ્મનાઇની ગાંઠ બાંધી આખરે દિલગીર થઇ બીન ઉપાયે બહાર નિકળ્યા હશો? કેમ વારૂ?? તેજ ભાવે તમો તમારા લેખોમાં જગતને બોધ આપવા ઉપદેશક બન્યાં છો. એટલે જ્યાં સંપ ને સુલેહ જોવામાં આવ્યાં, તો ત્યાં ગમે તેવા ખોટા ખોટા પ્રપંચો ગોઠવી તે તોડી નાખવા? આ કેવો! તમારો ખોટો પ્રયાસ?'? ભાઈ! સહેજ ધૈર્યનો ગુણ દાખલ કરો. આમ સંપ નહિ તુટે. ધર્મ સર્વ જગતનો એકજ છે. તમારા જેવા વિઘ્ન સંતોષીઓ હંમેશના છે. "યુગયુગના પ્રમાણમાં ધર્મનો સુધારો કરવા પરમાત્મા પોતાનું નુર સાકારરૂપે (મનુષ્યરૂપે) પ્રગટ કરતા, ત્યારે ત્યારે તે પવિત્ર પુરુષથી વેર બાંધી પોતાનો મતવાદ (દ્વેષનો વહેળો) પ્રગટાવતા અને સત્ય ઉપર ખોટા ખોટા આક્ષેપો બાંધી નોખા નોખા ફાંટા પાડવા. પ્રયત્ન કરવા મંડતા, જેનો દૃશ્ય આપ જેવા પ્રત્યક્ષ છે. જુઓ, પરમાત્મા એક છતાં ધર્મ અનેક શા કારણે દેખાય છે? તે ધર્મ (ઢાંગ)ની રક્ષા હેઠળ વિઘ્ન શાંતીથી ફેલાવતા કલ્પ-યુગોથી સત્યના શત્રુઓ હતા, અને તે જ પ્રથા આજ પણ ચાલી આવેલી છે.

પરમાત્માએ સૃષ્ટિ રચી મનુષ્ય માત્રને એક દિશાએ વાળવા. પોતે તેઓ ભેળા આવી માર્ગ દેખાડી સંપનો પ્રચાર કરાવ્યો, ત્યારે હિંદુ મુસલમાન રૂપી વહેરભાવ કાંઇ ન હતો" પણ જમાનાને અનુકુળ પરમાત્મા જગતમાં ફેરફાર કરતા રહ્યા, ત્યારે હઠવાદી જુના ઉપર મોહી રહી સત્યના વિરોધી બની

પરમાત્મા ઉપર દુરાગ્રહ બાંધી પોતાનો પક્ષ વધારવા સત્યની નિંદા કરતા હતા, જેથી એક પછી એક એવા પંથો ને ટોળાંઓ જુદા પડતાં ગયાં. તે આજ સુધી પોતાની થોડીક બાજુ (પક્ષ) સત્યમાંથી ઘડાએલી હોવાથી તે કેટલીક દ્વેષથી ભીંજાએલી તેવા ઘણા ટોળાઓ બન્યા. કાળાંતરે છેવટ કળિયુગમાં આર્ય પ્રદેશમાં હિંદુ મુસલમાન એવા બે મોટા વિભાગ, ઘણા પેટા વિભાગોથી પડયા. કેટલાંક પોતે જ અર્ધા દ્વેષ અને અર્ધા સત્યથી બની નોખા પડેલા હોવાથી અર્ધદગ્ધ છે. પણ આતો આખેઆ ' સત્પંથ ' છે. આમાં અર્ધદગ્ધપણું કાંઇ નથી. તેમ હિંદુ મુસલમાનનો દ્વેષ કે ભાવ કાંઇ નથી. પુરેપુરી સત્યતા સ્વીકારવામાં આવી છે. સનાતનપણુ જાળવવામાં આવ્યું છે. ઇસ્લામ=(રક્ષિત) સચવાએલો, પુરાતન ધર્મભાવ જરાપણ તજવામાં આવ્યો નથી. કોઇપણ પક્ષનું સત્યપણું સંતાડવામાં આવ્યું નથી.

હાં ? છેટે રહી જોનારાઓ સત્પંથમાં ઘણા પંથોના ભાવો જુએ છે તેનું કારણ એટલું જ છે કે, જોનાર ટુંક દૃષ્ટિનો હઠ્ઠવાદી હોવાથી વિશાળ દેશ જોઈ ન શકવાથી ભેળ-સેળીઓ પંથ કહે છે. ખરી વાત તો એ છે કે સત્પંથીમાંથી ઘણા પંથોના ફાંટા કાળાંતરે, વિઘ્ન સંતોષીયો એક એક કરી પાડતા ગયા, ને સત્પંથથી વિમુખ કરી, અજ્ઞાનીઓને ભેળા કરી લીધા. સર્વપંથો સત્પંથમાંથી ફૂટેલા હોવાથી સર્વ ધર્મનો ભાસ એમાં જરૂર થાય જ; તો તેને ભેળસેળીઓ ધર્મ કેમ કહી શકાય ? પૃથ્વીમાંથી તમામ વસ્તુઓ ઉત્પન્ન થાય છે, તો તેને પણ ભેળસેળીઆ કે અર્ધદગ્ધ પૃથ્વી કહેશો ? પરમાત્માએ સર્વ વસ્તુ ઉત્પન્ન કરી સર્વમાં વસી રહ્યો છે, તો તેને પણ ભેળસેળીઓ પ્રભુ કહેશો ? અર્ધદગ્ધ પ્રભુ કહેશો ?

એક તરફ નારણભાઈ પોતાને પીરાણાપંથી કહી લોકોને ઠગવા પ્રયાસ કરે છે, ત્યારે બીજી બાજુએ કહે છે કે "મારો મત અસલ હિંદુ ધર્મથી જુદો છે જેઓ સુધારાવાળા કહેવાય છે તે મધ્યેનો હું છું."

કેમ નારણભાઇ ? તમો પોતાને હિંદુ ધર્મથી પણ જુદા કહેવરાવ્યાથી કેવા કહેવાશો ?

"દાઢી મુછ મુડાવીને વરવું (નવરૂ) કીધું મુખ;
શોભા સઘળી જતી રહી, પણ શીરાવ્યાનું સુખ."
"મોઢામાં રામ, બગલમાં છુરી,
ભક્ત થયા પણ દાનત બુરી"
"વર્ણાશ્રમથી વંઠીઓ તો એકે ખપનો ના રહ્યો."
"તુલસી આ સંસારમેં સર્યો ન એકે કામ
દુગ્ધામાં દોનુ ગએ માયા મીલી ન રામ."

'સુધારાવાળા' એનો અર્થ તો તમારા કહેવા પ્રમાણે એજ થયો કે, "અસલ સનાતન હિંદુ ધર્મ (વેદધર્મથી) વિમુખ" = નાસ્તિક, કે બીજું કાંઇ ?

નારણભાઇ આગળ લખે છે કે "અસલ હિંદુ ધર્મ જે વેદને નામે ઓળખાય છે" જુઓ ! જ્યારે, વેદને માનનારજ અસલ હિંદુ ધર્મ છે, ને તમો તો પોતાને કહો છો કે "હું તો હિંદુ ધર્મથી જુદો છું" ત્યારે વેદને નહિ માનનારાને કેવો માનવો ? તેમ તેની વાત સાંભળતાં મનુષ્ય કેટલો દોષીત થાય, તે કહેશો ?

સજ્જન વાચકો ! ઉપરની નારણભાઈની કબુલાતથી તેઓને વેદને ન માનનારા જાણી ઝટપટ મળની સમાન તજવા જ જોઇએ અને તેની વાત સુદ્ધાં સાંભળવી નહિ જ જોઇએ.

ઉપદેશકપણાની કપટ જાળ ઉઘડી જાય છે, તેનું પણ ભાન ન રહ્યું. ને સતપંથની ખોટી નિંદા કરવાનો વળગાડ દેખાડી દીધો. "આ પીરાણા અર્ધદગ્ધ પંથ તદ્દન જુદો છે." નારણભાઈની આંખો ઈર્ષાઅગ્નિમાં બળેલી હોવાથી, આવેશમાં ને આવેશમાં સત્યને જોવા જતાં સત્યના પ્રભાવ આગળ અંજાઈ જવાયાથી પુરેપુરૂં જોઇ ન શક્યા, તેમ પોતાનો દ્વેષ-ભાવ આંખો આગળ ફરી વળવાથી દ્વેષવર્તી પ્રગટ કરતાં છેવટે મહામહેનતે અર્ધદગ્ધ પંથ કહી શક્યા. નહિ તો કોણ જાણે, કેટલાએ ભાવો પ્રદર્શિત કર્યા હોત! તોએ શું? છેવટે ત્યાં પણ લાચાર થતાં નારણભાઈની શુદ્ધ ઠેકાણે આવે તેમ નથી.

જુઓ? સંપના શત્રુ કેવા આગળ લખેછે કે "હિંદુઓના પુરાણ તેમજ ઇસ્લામીઓના મત અને રિવાજ ઉલટા છે."

સુજ્ઞ વાચકો શું નહિ સમજી શક્યા હશે? કે આ લેખકનો મગજ દ્વેષાગ્નિએ બળેલો હોવાથી, તેમાં કેટલોએ ધુમાડો ભરાયો હશે? કે બુદ્ધિ શુન્ય બની ગઈ છે. જો કાંઈ પણ ભાન હોત તો આમ ન લખત, કે "હિંદુ ઈસ્લામીઓના મત ઉલટા છે."

સુજ્ઞ વાચકો! આપ એકવાર આજુબાજુ અને પડોશના જ હિંદુ ધર્મની જ શાખાઓમાં તપાસ કરો, એકમેક એક બીજાના રિવાજ અને મતભાવ કેટલા ઉલટા છે? 'મત' ઉલટા ન હોત તો આટલા બધા પંથોને ટોળાં કેમ પડત? નારણભાઈ! આવા દ્રષ્ટાંતોના દેખાડનારા, આપના જેવા જ વિદ્વાન, વિઘ્નસંતોષી, ને ભાગ્યશાળી, ધર્મશીલ પુરુષોને જ આભારી છે. જો જગતમાં વિઘ્ન સંતોષિઓ ન હોત, તો

આટલા ધર્મો થાત જ નહિ "સર્વ ધર્મની દષ્ટિ એક જ પરમાત્મા તરફ હોવા છતાં કેમ જુદા જુદા પંથો થઈ ગયા હશે ? એજ પ્રશ્ન સ્પષ્ટ કરે છે કે વિઘ્ન સંતોષી ઉપદેશકોનો જ પરીશ્રમ છે. જેમકે :—

'કુંડળીઓ'

" પાગલ કુક્કર જયોં કટે, ત્યોંવે પાગલ હોજાએ;
ત્યોં મઝૂહૂબી કે સંગતે, નર મઝૂહૂબી હોજાએ;
નરમઝૂહૂબી હો જાએ, બાત હૃદય ધર લીજો,
પ્રાણ જાએ તો જાએ, મઝૂહૂબીકા સંગ ન કીજો;
કહે ગીરીધર કવિ રાએ, સબસે અધમ હૈ.શુક્કર,
તિનતે બી એ અધમ, મઝૂહૂબકા જોનર કુક્કર."

જુઓ, ઉપદેશકની ખોળ, ને સુક્ષ્મ દષ્ટિ લખે છે કે, " દશ અવતારો સિવાય હિંદુઓ બીજા અવતારોને માનતા નથી ત્યારે ઈશ્વરના સર્વે અવતારોમાં ઈમામુદ્દીન ઉર્ફે ઈમામ-શાહનો અવતાર મ્હારા પીરાણાપંથીઓ સૌથી ઉત્તમ ગણે છે પણ તે નામનો દશ અવતારોમાં સમાસ થતો નથી. હું પીરાણા મત પંથમાં જન્મ્યો હતો."

નારણભાઈ ! તમામ જગત ભાષાના ફેરફારથી એ દશે અવતારોને જ જાણે છે, માને છે, ને કેટલાક પુજે છે. તેમ તે દશ અવતાર વિના બીજું મનાવવા કોઇપણ આગ્રહ કરતો નથી. ભાઇ ! તમો દ્વેષનાજ રસથી તરબોળ થએલા હોવાથી તે દ્વેષનું જ જ્ઞાન જાણો છો, સતપંથનું કાંઈ પણ જ્ઞાન પામ્યા હશો તો વેદ આજ્ઞા પ્રમાણે તે ફળીભુત થયો નથી "ચંડાળ વૃત્તિએ જ્ઞાનનો નાશ થાય છે" અવતારની સંકળના ને અવતારોના યોગ, નિયમ, હિસાબ ને ખોળ તમામ શું ભૂલી ગયા ? દ્વેષમન કાળું થવાથી

હૃદય ઉપરથી ભૂંસાઈ ગયા છે. નહિતો શ્રી સદ્ગુરૂ ઈમામુદ્દીનના વિષયમાં આમ પ્રપંચભર્યો લેખ લખતેજ નહિ. ભાઇ, એક અવતાર કેટલા વરસ ભોગવે છે? ને કેવી રીતે? કેમ? ને ક્યાં થઇ શકે? તે સર્વ સતપંથીઓ જાણી શકે છે. તેમજ વેદનાં એ વિષય પ્રગટ હોવા છતાં વિઘ્નસંતોષીઓ, મનગમતું કરવા સ્વાર્થના અંધે ઉપદેશક બની સ્પષ્ટ સમજાવતા નથી, અને અન્ય ભળતો અવળો અર્થ કરી અવળે રસ્તે દોરી સત્યમાર્ગથી અંતરાએ પાડી અવતારથી વિમુખ કરી દે છે. તેમજ આ "શ્રી ઇમામોદીનના અવતારને સૌથી ઉત્તમ માને છે" એમ બતાવે છે. પણ સતપંથ તો અવતાર અને અવતારના વંશના પવિત્ર પાત્રોને કોઈ દિવસ હલકા ગણવા કહેતોજ નથી, તો સૌથી ઉત્તમ કેમ માનતા હશે? શ્રી વેદમાં પોતે "દશે અવતારોમાં હુંજ હાલું છું, ચાલું છું, પોતાની રમત રમું છું" એમ બતાવે છે, તેમજ બીજી પણ ઘણી શ્રોતિયો ને સ્મૃતિઓ શું આજ્ઞા કરે છે? તેતો નારણભાઇને ક્યાં જોવું છે? શાસ્ત્રોને વેદોના કહ્યા પ્રમાણેજ સતપંથીઓ માને છે. પણ આપ તો દ્વેષાદિનો પાઠ કરનાર હોવાથી તેની કદર ક્યાંથી કરી શકો? સતપંથમાં જન્મવાથી પોતાને સતપંથી ધારે છે, પણ "રાવણ પોતાને બ્રહ્મપુત્ર ધારી બ્રાહ્મણ કહેવરાવતો હતો" મહારૂષિ આદિઓ ઘણા પવિત્ર ધર્મમાં અવતરી રાક્ષસ પદવીને પામ્યા છે. ભાઈ! સતપંથમાં જનમવાથી કાંઇ સતપંથી થઇ શકાતું નથી. તેમજ ધર્મ લીધાથી (કંઠી બંધાવ્યાથી) ધર્મિ થઇ શક્તો નથી. પણ ધર્મ લઇ માની તે પ્રમાણેજ સર્વ વર્તન રાખે તોજ તે ધર્મિ કહેવાય.

આગળ લખે છે કે "અમે બે ભાગ છાપીને બહાર પાડ્યા છે વગેરે."

એ ભાગ છપાવ્યા છે તેમાં, અને તે પહેલાંના એજ ટોળીના મેમ્બરોએ અવારનવાર છપાયેલા લેખો એક જ પદ્ધતિના હતા, તેમ તે અને તે પહેલાના લેખોનો જવાબ ઘણે ઠેકાણેથી અપાએલો છે. હમોએ પણ સ્પષ્ટ રીતે "સતપંથ સંબંધી ટુંક નિવેદન" નામની બુકમાં આપેલો છે, તોએ તમો તમારૂં પાપીષ્ટ પીંજણુંને વળગી રહી એકપછી એક અવાર-નવાર મેમ્બરો એને એજ મતલબના લેખો લખી છપાવી પ્રગટ કરતા રહ્યા છે. પણ સતપંથીઓ તરફથી અપાએલા જવાબોના રદીઆ ને તેઓએ માગેલા સવાલના જવાબો તમારા કોઈપણ લેખમાં અપાયા નથી, તેમ તમારાથી તે થઇ શકનાર પણ નથી. કેમકે સતપંથીઓનો મુકાબલો કુપંથીઓથી થાયજ નહિ. ભલે ! "ઇર્ષા ભાવે શંકાસુર" બની નિંદાએ વળગ્યા રહે, પણ તે ક્યાં સુધી ટકી શકશે ? તમારા આ લેખનો જવાબ પણ આગળ અપાઇ ગએલો છે. કેમકે આ લેખ પણ પહેલાના લેખો જેવોજ નમુનો છે. ને તેનો સચોટ જવાબ અપાએલો છે. પણ રણછોડભાઇને સંતોષ ન વળવથી તેમને અને નારણભાઇને કાંઈ પણ આપવું જોઇએ, અને ક.ક.ક.સુ. યુવક મંડલને સમજાવવા અને સતપંથીઓને ખરી રીતે જાહેર કરી દેવું જોઇએ, તેથી શ્રી ઈમામગોરની કૃપાએ આ લેખ થવા પામ્યો છે. હવે બંને ભક્તો અને મંડળ જોઇએ કેવી ભક્તાઈ બતાવે છે ? તે જોવાનું રહ્યું.

નારણભાઇ આગળ 'ખોજા વૃત્તાંત' ને 'ખોજો કોમની તવારીખ' નામના પુસ્તકોના હવાલા આપી પોતાનો પ્રપંચ સંતાડવા પ્રયત્ન કરે છે; પણ તે પણ છાનું રહેતું નથી. કેમકે નારણભાઇ પ્રથમથી જાણે છે કે ખોજાવૃત્તાંતના કર્તા સતપંથમાંહેથી ફૂટેલા હતા, તેમ ખોજા કોમની તવારીખના

કર્તા પણ એસના અસરી છે. તે જાણ્યા છતાં પણ અન્યધર્મી લેખકોના હવાલા (સતપંથને નહિ સમજી શકનારના લેખોના પુરાવા) આપવાથી તમારો ખોટો ભાવ સ્પષ્ટ દેખાઈ આવે છે. સતપંથીઓ દરેકને બોધ આપતાં તેઓના જ ધર્મજ્ઞાનના તત્વથી સતપંથ સિદ્ધ કરી આપે છે. સર્વ ધર્મોનું 'મુળ' સતપંથમાં છે. તેથી ગમે તેના ધર્મના પ્રમાણો અપાય છે. હું આગળ કહી ગયો છું કે સતપંથમાંથી સર્વ ધર્મ કાળાંતરે નોખા પડેલાં છે. સર્વની અસ્લિયત સતપંથમાં જ મળે છે. તો સર્વ ધર્મ પોતાના મુળ તત્વો ઉપર આકર્ષાઈ સતપંથમાં ભળે, તેમાં સતપંથ કે સતપંથીઓનો કેવો દોષ? પણ ભાઈ! દોષમાત્ર વિઘ્નસંતોષીઓનો જ, કે ઇર્ષાગ્નિએ બળતા જેમ તેમ બુમો પાડે જાય છે, જેથી અજ્ઞાની લોકોને ભડકવાનું સાધન પ્રાપ્ત થાય છે. સર્વ રીતે સિદ્ધ જ છે કે સતપંથથી મુકરી (ફરી) જનારાઓ જે છે, તે કાંઈ સતપંથને પુરેપુરી રીતે સમજી શક્યા નથી. દુષ્ટ સોબતમાં સપડાઈ પડયા, જેથી સતપંથના શત્રુ થઇ સત્યવસ્તુ સંતાડવાનું કાર્ય માથે લે છે.

જે સતપંથના શત્રુપણામાં ભળેલા લેખકો સતપંથને સંતાડવાના પ્રપંચભર્યા લેખો પ્રગટ કરે, ને તેને તમો પુરાવામાં લો. એટલે બંને એકસરખા. જેમ કે:– "જેસેકુ તેસા મીલા, મીલા બંમનકુ નાઈ; એકે દિખાઈ આરસી એકે ઘાંટ બજાઈ."

આગલ અવતાર વિષે લખે છે; તે પણ સત્યપણાથી ઘણા દૂર જઈ પોતાના મનનો ઉભરો બહાર કાઢે છે. નારણભાઈ! દશ અવતારમાં પાછળના બે અવતાર, પાંચ તત્વમાં માટી તત્વની પ્રધાનતાવાળા શરીરનાં હતાં, અને તે પહેલાંની સૃષ્ટિ

અગ્નિતત્વની પ્રધાનતાવાળા શરીરની હતી. તેથી માટીની ગંધ તેઓને પસંદ ન આવતી, તેઓને દુર્ગંધી અને દૂરદેશ(યુનાનાદિ)થી આવેલા હોવાથી યવન, એમ નામ આપી વિઘ્નસંતોષીઓએ ભોળાને ભમાવ્યા. તે વાત સતપંથીઓએ જાહેર કરેલી છે. એમાં હિંદુ, મુસલમાનનો ભેદ કયાં છે? તેમજ તેજ નુર (કળા=તેજ) શાસ્ત્રો (વેદ) પ્રમાણે મદીનામાં અલીને કહ્યા છે. જુઓ, અથર્વવેદ, સામવેદ, પ્રાતઃસંધ્યાના મંત્રો, વાલ્મીકિ રામાયણ, ભવિષ્યપુરાણ વગેરે.

નારણભાઈ પીરોને ફકીર બનાવી લેખે છે કે "હિંદુઓને પ્રસન્ન કરવા ફકીરો કોઈવાર ઇસ્લામની પણ નિંદા કરતા હતા."

નારણભાઈ, શાન્ત થાઓ, બહુ ધુમાડો ના ઉડાડો. તમે જેને ફકીરો લખો છો તે પવિત્ર ફકીરો જ હતા. વંશવારસવાળા દેવ હતા. જગતહિતનાં ઇચ્છુક પીર હતા. સંપના ચાહનાર સદ્દગોર બ્રહ્મા હતા, સર્વ સત્તાવાન વિષ્ણુ પ્રમાત્મા હતા. તેઓ પક્ષાપક્ષી કરનારાં હતા જ નહિ. ત્યાં 'હિંદુ' 'મુસલમાન' ભાવ હતો જ નહિ. એક જ સનાતન (=રક્ષિત =ઇસ્લામ=સલામતીવાળો) જુનો (અસલનો) ધર્મ તેનો જ બોધ એ મહાત્માઓ આપતા, ને તેજ પવિત્ર ધર્મ એ પોતે માનતા, તેમને ભાષા પ્રત્યે દ્વેષભાવ ન હતો, તેમનું લક્ષ મુળતત્વો તરફ જ હતું. તેઓ મસીદ, ધર્મશાળાનો અર્થ નોખો સમજતા જ ન હતા, તેમને તો જ્યાં ધર્મક્રિયા થતી તેજ મસીદ ને તેજ ધર્મશાળા હતી. પણ ભાઈ! આ પ્રપંચ તો તમારા જ મગજની બલીહારી છે. તેને એક પડાવવાની ને ચણાવવાની જરૂર નથી.

નારણભાઈ લખે છે કે "ગાદીપતી આચાર્યોને ઇશ્વરા-

વતાર માની અંધ શ્રદ્ધાળુ ભાવિકોએ દેશમાં અનાચાર વધારી દીધો છે. તે ત્યાં સુધી કે તેમનો ઉચ્ચીષ્ટ તાંબુલાદિકનું પ્રાશન કરી ગમે તેવા રોગની વૃદ્ધિ થાય એવું પરિણામ કરી નાખ્યું હતું, માત્ર ગુરુપ્રસાદથી જ મુક્તિ મળવાનો મિથ્યાચાર વધી પડ્યો હતો."

નારણભાઈ! તમોએ સતપંથશાસ્રોનો અભ્યાસ કર્યો છે? કે પ્રપંચનો? તમો સતપંથની ગાદી વિષે કાંઈપણ માહીતગાર નથી કેમકે સતપંથની ગાદી બ્રહ્મા કે વિષ્ણુરૂપે, પવિત્ર દેહ માન્ય, બાર કે સોળ કળાવાળા પુરુષ વગર બીજો કોઈ દીપાવી શકતો જ નથી. તો અન્યત્રે બાર કે સોળ કળા વગર કોઈ ગાદીવાળો જાહેર કહેવરાવતો હોય તો, તે ઢોંગને પ્રપંચ જાણવો. ને જ્યાં ઢોંગ ને પ્રપંચ હોય, તેને સતપંથ કહેવાય જ નહિ. ને જે સતપંથ નથી, તેના આક્ષેપો સતપંથ ઉપર શોભે જ નહિ. શ્રી ઇમામશાહ બાવાની આજ્ઞા એઠું નખાવા તથા નખરાવવાની છે. અરે! એઠ વિષેની એવી સખ્ત મનાઈ છે કે 'પશુને પણ એઠું ન આપો, અગ્નિ ઉપર પણ એઠું પાણી ન છાંટો' ભાઈ પ્રસાદીનો અર્થ ઉચ્ચીષ્ટ ન સમજો. પ્રસાદી દેવની કે ગુરુની કૃપાનો ને દયાનો ભાગ છે. પ્રસાદીના આવા ઉલટા અર્થો આપના જેવા અજ્ઞાનીઓને જ મોઢે શોભે! આગળ નારણભાઈ પોતાના ગુરુ દયાનંદ સરસ્વતીનો લેખ લખે છે, તે વિષે અમારે લખવાની જરૂર રહી નથી. કેટલોક જોઈતો ખુલાસો આગળની બુકમાં લખી ચૂકયો છું તેમ મહાત્મા સંઘવી તેમ હિમ્મતલાલ વગેરે વગેરે ઘણા સજ્જનો એ વિષે લખી ચૂકયા છે.

"હિંદુ સોસાયટીઓ ધર્મ ફેલાવો કરી રહી છે છતાં

ઘણા હિંદુઓ બહારના ધર્મો સ્વીકારતા જાય છે ને ઇસ્માઈલી ગુપ્તીઓ વધતા જાય છે.

નારણભાઈ! આવો બળાપો કાઢ્યથી ને ઈર્ષા કરવાથી શું વળવાનું છે? એજ સતપંથના સત્યપણાનો સબળ પુરાવો છે, કે તમારા જેવાઓ સત્યના શત્રુઓની કપટજાળ વિસ્તરેલી હોવા છતાં તેને ન ગણકારતાં સતપંથના સૂર્ય ઉપર આકર્ષાઈ સત્યમાં ભળી જાય છે. હાં! સતપંથમાં જેવા તેવા નામરદ ઓછી બુદ્ધિવાળા તો ટકી શકતા જ નથી. તેથી આપને બળાપો આપના જ પેટમાં રાખો. બહાર કાઢે કિંમત અંકાઇ જશે.

નારણભાઈને 'સતપંથ' ને હિંદુ મુસલમાન વચ્ચેનો માર્ગ સ્વીકારવો તો પડ્યો. એમ તો તે સમજી શક્યા કે "હિંદુ મુસલમાનોમાં મૈત્રી કરાવનાર, સંપસુલેહને ચાહનાર, અદ્વિત ભાવનો પ્રચાર કરનાર, આ એક જ સતપંથ છે." ધન્ય, ભાઈ તમોને કે બંને પક્ષને સમાન રાખનાર એટલે ખરું કહેનાર નહિ ગમ્યો તો ભલે! તમો તમારા મતવાદમાં પડ્યા રહો. સતપંથને કજીઆખોરનું કામ નથી.

નારણભાઈ પોતાને જ્ઞાની જાણી ડંફાસ કેવી મારે છે કે "એક માણસ સામાજીક બંધનને લીધે ધર્મની વર્ષોથી બેઠેલી આસ્થા છોડે તે ન માનવું. જેઓ ધર્મ શું છે તે સમજે તેઓજ પીછાણી શકશે."

એટલે નારણભાઈ ઘણા વરસથી સતપંથી હતા, પણ સામાજીક બંધન (વ્યસન)થી ઘણા વરસની બેઠેલી આસ્થા તજી દીધી, તેથી એમના જેવાજ વ્યસની હશે તે જાણશે ને સમજશે. નારણભાઈ! તમારા જેવાજ જે સતપંથથી અજ્ઞાન હતા. તેમજ ધર્મના નિયમો જાળવતાં કંટાળેલાઓએ એજ સતપંથ તજ્યો છે.

અનાદિકાળથી તેવાઓ જ તજતા આવ્યા છે તેમાં તમો ખરૂં જ કહો છો. તમો તમારા જ્ઞાન ઉપર ઘણો જ ઘમંડ કરી લોકો આગળ જ્ઞાની બનવા ગડમથલ કરી ખોટી ધાંધલ મચાવી રહ્યા છો. પણ તમો કેવા છો? એતો સર્વ તમારૂં પોકળ પ્રકાશી ગયું. રંચમાત્ર પણ સતપંથ તમોએ જાણ્યો હોત તો માંહોમાંહે કે એકબીજાના દ્વેષથી વેગળા રહ્યા હોત, નિંદાથી મોઢું બંધ કર્યું હોત. ભાઈ! બહુ કુદાકુદ ન કરો, સાચવી પગ ભરજો. તમોએ સમાજ શું છે, તે પણ ઓળખી નથી. તેમ ધર્મ શું છે, તેમ તે પણ ઓળખવા પામ્યા નથી. એટલે 'અતો ભ્રષ્ટ, તતો ભ્રષ્ટ.'

નારણભાઈ! તમને લખતાં લાજ પણ આવતી નથી! આવું કેટલુંક જુઠું લખો છો! શું આ તમોએ સત્ય લખ્યું છે કે "અમારો પીરાણા ધર્મ ખાધા ઉપર જ નભે છે. મરણ પછી તેના વાંસે ઉઠામણા, માસીશો, છ માસી, વરસી, તે દિવસે પેટ ભરાએ."

હવે નારણભાઈ કહેશો! કે એ વખતે તમારા પેટ ભરનારા કોણ? તમારૂં મરે ને તેની પાછળ મરણ ક્રિયા કરાવો ને તે નિમિત્તે તમે ખવરાવો, તેનો ખરચ તો તમને થાય, તેમાં ધર્મ તરફથી તમને શું મદદ મલી? શું તમોને રોજ ધર્મના આગેવાનો ખવરાવ્યા કરે છે? તમારે ખાધા, પીધા, વાપરવા, પહેરવાનું કાંઇ લેવું નથી પડતું? લખો છો કે "ખાધા ઉપર ધર્મ રહ્યો છે" કેવી ચાપલુશી, અયોગ્ય નિંદા, નારણભાઇ! ધન્ય છે. નામનું માપ તો ઠીક રાખ્યું છે.

નારણભાઇ જેમ જેમ લેખ આગળ વધારતા ગયા તેમ તેમ પેટનો આફરો પણ વધતો ગયો, નિંદા અને ખોટા

આક્ષેપોનો ઢગલો કરતા ગયા. હરણ્યાકશ્યપને હિરીણ્યાકશ્ય રાવણાદિની પેઠે હામભીડી કે સતપંથ જાણે હમણા ઉખેડી નાખીશ. પણ ધીરા ? નારણભાઇ ! ધીરા ? " કુડ તે ધૂળ; કપટનો ચપટ."

તમારા સતપંથીપણાનો ઢોંગ ફૂટી ગયો. પાપ પ્રગટ થયું આપના લેખને ફરી હાથમાં લો ! વાંચો ? " જેઓ એ ખાત્રીપૂર્વક માને કે હિંદુ ધર્મ અપૂર્ણ છે. મોક્ષ મેળવવા ખરૂં સાધન પીર ઈમામુદ્દીન, ઉર્ફે ઇમામશાહે બતાવ્યું તે છે. એ માને છે તેઓ વિદ્યામાં પાછળ પડતા, અને ખરા હિંદુધર્મથી અજ્ઞાન છે."

નારણભાઈ ! આમ મસકાપટ્ટીનો લેખ લખવાથી વિદ્વા કે પંડિત થવાવાનું નથી. સતપંથ વેદો અનુકુળ છે. વિવાદરૂ અપવિત્રપણું એમાં નથી. કાંઈક તો સતપંથ અને વેદ એને અભ્યાસ કરો. કોઈ પવિત્ર હૃદયવાળા પુરુષની સેવામાં રહીને પછી બોલો ! તમે તો અસલ હિંદુધર્મથી વિમુખ છો, તે શું સમજો ? ને નામ માત્રની જ શત્રુવટ રાખો છો. "હિંદુ ધર્મથી વિમુખ છો" એમ કબુલાત આપ્યા પછી હવે ખરા હિંદુ ધર્મમાં ગરવાના ચાળા બતાવી છેતરવાનું ના કરો. આમ સત્પંથીઓને છેતરનાર ઉત્પત્તીના સમયથી પાછળ લાગેલા જ છે, તેમ સતપંથી આલમ જાણે છે. તેથી જ તેઓ કરોડોની સંખ્યાથી સતપંથનો લાભ લઈ ચૂક્યા છે, ને શત્રુ ઓનું કાંઇ વળ્યું નથી. તેમજ તમારે સમજી રાખવું !

વળી લખે છે કે ' આ પીરાણા ગુપ્તીઓને શીઆ ઈમામી ઈસ્માઈલી ધર્મ ફરજીઆત ધર્મ મનાવવામાં આવતો નથી. નામદાર આગાખાને પણ ચોકખું કહી દીધું છે કે " દુધમાં અને દહીંમાં પગ ન રાખો."

નારણભાઈ ! તમારો ઉપદેશકપણાનો દાવો આવી રીતે રજુ કરો છો ? શું તમો સતપંથી કોઇ દિવસ પણ હતા ? ના, ના, આ ખોટો દાવો તમારો છે, તમો સતપંથમાં કાંઈ પણ સમજતા જ નથી. નારણભાઈ ! કેટલાક ફાંટાબાજો પોતાને સતપંથી કહેવરાવી માથે નવા નવા ટાઈટલ બનાવી લે છે, તેવા કેટલા છે ? તેની પણ તમને ખબર નથી ? "હુમબી ડીચ" શાબાશ ! સતપંથી નારણભાઇ ! શાબાશ ! આગાખાની શાખાએ 'ઈમામી ઈસ્માઈલી' એવું ટાઈટલ પોતાના સારૂ પસંદ કરી લીધેલું છે. તેને અને તમો જેને 'પીરાણા વાલા'ના નામથી સંબોધો છો તેને કાંઈ સંબંધ નથી. તે તો અલગ અલગ ધારાઓને માનનાર છે. આહારવિહારમાં પણ ઘણો તફાવત છે. સ્થળ, સંખ્યા, માનિન્તા, વગેરે વગેરે ઘણો હેરફેર છે. 'પીરાણાવાલા' જેને તમો કહો છો તેઓ પુર્વના મહાપુરુષોના વચનો પુરી રીતે પાળીને, પળાવવાનો આગ્રહ કરે છે. બીજાઓ પોતાના સ્વાર્થ પુરતો હેરફેર કરી મરજી મુજબ કરે છે. તેથી પણ તમો અજાણ રહ્યા છો. પણ હવેથી સર્વને એકસરખા ગણતા નહિ. સતપંથ 'દૂધમાં ને દહીંમાં પગ રાખવા જેવી દ્વિત્ય ભાવના પોષનારી આજ્ઞા કરતું જ નથી, સતપંથમાં આવો પ્રપંચ ને મિથ્યાવાદ હોયજ નહિ ને તે તડા નોખા પાડેજ નહિ.

નારણભાઈ ! તમારા અક્ષરેઅક્ષર નોંધી જવાબ લખું તો એક મોટો ગ્રંથ થઇ જાય. તેથી આપના બાકીના આખા લેખનો ભેળો જવાબ આપું છું. આપ પણ આપનો લેખ આ સાથે રાખી વાંચતા જજો.

તમોને નાતબાર ને ધર્મબાર કર્યા છે તેના કારણો

તમો સારી રીતે સમજી ગયા લાગો છો. જેમ કોઈ કવિએ કહ્યું છે કે :–

દુહા

નૃપ પણ્ડિત અરૂ સુજન જન, હેત પ્રિત બશ હોત,
પણ પાજી ઈતરાજી બિના, કબુના રાજી હોત.

ધર્મદૃષ્ટિએજ નાતબાર કરેલા છે. અને તેજ વેરનો આ ઉભરો તમોએ કાઢ્યો છે, નવો નથી ! 'ધર્મના નિયમો તેજ નાત સુધારવાના પગથીઆ છે, તો ધર્મ તજનારને નાત પોતામાં ન રાખે એ સ્વાભાવિક છે. તમારા મંડળ તરફથી ઘણા ઘણા ઉપરાઉપરી દુષ્ટ લેખો છપાવી ચૂકયા છો. તેમાં તમારા મિત્રો કબુલાત આપી ગયા છે. ને તેવાજ ઇસારા તમારાં સર્વ તરફથી ઠામઠામ થયા કરે છે કે "હમોને નાત અને ધર્મમાંથી કાઢી મુકયા" પણ તમારે વિચારવું હતું કે

'દોહા'

" તેરા વેરી કોઈ નહિ, તેરા વ્હેરી ફેલ;
એલફેલ કું મેલતો, ગલીગલીમાં સેલ. "

નારણભાઈ ! તમો જુના હિંદુ હોવ તો, જે જુના હિંદુ અનાર્ય (દ્રસ્યુ) હજુએ છે. ભલે તેમાં જઈ ભલો. અમારે કાંઈ હરકત નથી. તે વ્યવહાર જો તમને વ્હાલો હોય તો તે પાલજો !

સતપંથ ઇશ્વરી વાણી આધારે છે. ને તેજ પ્રમાણે સે પાળે, માન્ય કરે, ને વ્યવહારમાં સાચવે, તો તે ધર્મી છે. ભાઈ ! ધર્મ કાંઇ પુસ્તક ને વાણીમાં રહ્યો નથી. વ્યવહારમાં રહ્યો છે. અજ્ઞાનીના બોલ્યાનો ને બાળકના બોલવાનો કોઈ રોષ રાખતું નથી.

તમો તો સતપંથના પરંપરાના નિંદાકારો જેવા છો, તે તો ભલે ! પણ અન્યને ભેળવવા જે મંથન કરો છો ને 'ઓજો સમાજને શીર છે' એમ લખો છો એટલે એક ડુબતો માણસ બીજાને પકડી રાખી પોતાનો સોબતી કરે તેમ સમાજને શા વાસ્તે ઘેરો છો ? સમાજમાં સર્વ મૂંઢા-અજ્ઞાનીઓ નહિજ હોય, વિદ્વાનો પણ હશે. ન્યાથી નહિ હોય તેનું કાંઈ નહિ. પણ જાણનાર કોઈ દિવસે પણ ઠેકાણે આવે.

આર્યસમાજે જે બીડું ઝડપ્યું છે તે તો સમાજીકોનાં મોઢામાં ભરાઇ જવાથી અવાજ નીકળતો બંધ થઈ ગયો છે, તેથી તેઓએ તમારા જેવા મોઢું ખોતરનાર મજૂર ઉભા કર્યા હશે ! તો ભલે, તેના ડુચા કાઢી તમારા મોઢામાં ભરો. લો, આ તૈયાર છે. તેમાં અન્યને કાંઇ નુકસાન નથી. જેની આંખમાં ઝેર, વેર, રૂપ, કમળો હોય, તે કેવું જોશે ? "જેવો પાત્ર તેવો રણકારો."

વિચારના દોષોએજ આજ ઘણા ધર્મો કરી નાખ્યા છે. ને તેજ ઈર્ષાએ આખા જગતના ધર્મની નિંદા કરનારા ઉભા થયા. સંપ સુલેહને તિલાંજલી આપી જગતમાં ખાર વેર વધારી દીધો. વિચારના દોષોજ આજ સર્વ જગતના નાશનું બીજ રોપી રહ્યા છે. વિચારમાં દોષો જો નહિ હોત તો આજ આટલા બધા ધર્મો હોતજ નહિ. શુદ્ધ સતપંથ આજ સર્વત્ર પળાતો હોત. પણ અનાદિ કાળનો ધારો છે કે 'સત્યના શત્રુઓ હોય, તેમ તમારા જેવા થતા આવ્યા છે ને થશે તેનો હમને કાંઇ હર્ષ કે શોક નથી.

તમો ફોગટનો ફાંકો મારો છો કે 'હું પીરાણા ધર્મમાં હતો" એજ તમારી મૂર્ખતા દર્શાવો છો. પીરાણાધર્મ કહેવાયજ

નહિ, પણ 'સતપંથ' અરે કહી તમારાજ બોલેબોલ પીરાણા ધર્મમાં તમો હોત તો "ઈમામી ઇસ્માઇલી ધર્મ" એને કહેતેજ નહિ. તેને પીરાણાધર્મ કહેતેજ નહિ. ખરી રીતે સતપંથજ કહેત. સતપંથીઓ હિંદુ મુસલમાન એવો એકબીજાને ખાર પડે તેવો ભાવ રાખતાજ નથી. અનાદિ કાળથી ઈશ્વરીવાણી અનુકુળ પવિત્રપુરુષો જગતમાં જેટલા આવ્યા છે ને જેણે વિદ્યા, જ્ઞાનનો પ્રચાર કર્યો છે તે સર્વને માને છે. તેને કોઇપણ દેશવાલા સાથે વેર નથી કે અન્ય દેશ વાળો આવી જ્ઞાન કરે (કથે) તો ન સાંભળવું ! એમ સતપંથી નથી ધારતા. પણ તેઓ તો સત્યજ્ઞાન કહેનારા દેવજ છે, એમ માને છે. પછી તે મહાપુરુષ ગમે તે ભાષામાં કહેતા (બોલતા) હોય. તેઓની વાણી યુગોના પ્રમાણે અનુકુળ જ્ઞાનમય હોય, પછી તે અરબ્બી, સંસ્કૃત, ગુજરાતી, ફારસી વગેરે ગમે તે ભાષામાં હોય; તે પ્રેમથી સાંભળશે. મિશ્રિત ભાષા હોય, સાદી કે ગુંચવણવાળી હોય, તે દેશ, વંશ, સ્વરૂપ, જાત કે વેશ તરફ નહિ જુએ, 'સતપંથી ગુણના ગુલામ છે' સર્વ સતપંથીઓ તેઓને બોલાવશે, તેઓનાં જ્ઞાન સાંભળશે. તેઓને પુજશે, સેવા કરશે, દક્ષિણા આપશે, પણ તમારી પેઠે ભાષાનો દુરાગ્રહ કરી સત્યના શત્રુ નહિ થાય. તમો જે "ફરમાનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહમાં નિર્રહમ" વગેરે જે શબ્દો લખ્યા છે, તેને શુદ્ધ ગુજરાતીમાં બોલો. પછી તેનો વિચાર કરો, "કે સર્વ કાર્ય કરતાં પહેલાં "દયાળુ પરમેશ્વર આ કાર્ય તમારા નામથી આદરૂં છું" એટલે 'હે પરમાત્મા ! આ કાર્ય તમને અર્પણ કરૂં છું.' (બ્રહ્માર્પણ) એમ બોલવાની ટેવ પાડવી એ દોષયુક્ત છે; અને તેમ તમો ધારતા હો તો હમોને તે જણાવો, પછી તેનો ઇન્કાર કરો. ભાઈ ! તે ખોટું છે કે ખરાબ છે, તે સમજીને કહો. નારણભાઇ !

આપની વિદ્વતાને જરા હદમાં રાખો. ભલે આપને ભાષાનો દ્વેષ હોય તો તમારા બ્રાહ્મણોને કહો, કે તમો જે અન્ન કહી મંત્ર બોલો છો, તે બંધ કરો. "અલ્લોપનીષદ્ ૧૭૦૦ તથા ૬૦૦ વરસ પરનાં લખેલા જે અથર્વવેદો શાહપુરાહ રાજસ્થાનમાં છે, તેમાંથી કઢાવી નાખો. અંગ્રેજી ભાષામાં જે ગ્રેજ્યુએટ ને સિવિલિઅન થાય છે તે બંધ કરો. પછી ભાષાનો દ્વેષ કરો. વાહ ! પરભાષા કહી અરબ્બી ભાષાનો દ્વેષ, પણ એ જ પર ભાષા દ્વેષીઓને અંગ્રેજી ભાષા શીખવાનો મોહ કેમ થયો હશે ?

મુંબઈમાં નામદાર આગાખાનનો કેસ ચાલ્યો તેમાં આખી સતપંથી આલમને તેનો પ્રતિબંધ કે લાભ હાની નથી. (આગળ લખી ચુકયો છું)

તમો કહો છો સતપંથને ગુપ્ત રાખ્યો છે. એકવાર સામવેદ તપાસી જુઓ, ધર્મને કેમ જાળવવો તે વિષે તેમાં સ્પષ્ટ ખુલાસો છે. કાંઇ પણ જ્ઞાન રાખી પછી બોલો. સતપંથને ગુપ્ત રાખ્યો હોત તો મુલકોમુલક ને ગામોગામમાં એનો પ્રચાર શી રીતે થયો હશે ?

નારણભાઈ! "અથર્વવેદમાં અવતારોની ગંધ નથી" એમ જે તમોએ લખ્યું છે તે તમોએ કોઇનું શીખવાડેલું લખ્યું છે, કે વેદ વાંચી સમજીને લખ્યું છે ? ભાઇ ! વગર સમજે વેદોના નામ અજ્ઞાનતાના પુરાવામાં ન લો, સુખ કરશો, તેમજ કુરાન સુધી પહોંચવાની તમો બડાઇ કરી રહ્યા છો. પણ ઈશ્વરીવાણીનું જ્ઞાન મદાંધીઓને હોય જ કયાંથી ? પણ તેમાં શું છે ? તેની સમજ તો પવિત્ર બ્રહ્મ પુરુષો (નબિયો) ને તથા શ્રી શાહ (ઇમામ) રૂપોને પાસે જઈ મેળવ્યા.

વગર ફિસાદિયો પાસેથી નહિ પામો. આર, વેરવાલાઓ તો પ્રથમથી અજ્ઞાને ઘેરાએલાં હોવાથી જગતમાં નોખા નોખા ટોળાં ધર્મને નામે ઉભા કરી દીધાં ને હળીમળીને બેસવાનું ન ગમવાથી હિંદુ, મુસલમાન એવા ભાવોમાં ગુંથાઇ એક પિતાના પુત્ર છતાં લઢી મરી ઘણા ફાંટા ધર્મને નામે કરી, પોતાના વેર લેવાના પ્રયત્નો પુરા કરી દીધા છે. એવા પુરુષો જ પ્રથમ હતા. તેઓની બુંદના પાકેલા શું તેઓથી ઓછા ઉતરે તેવા હોય? 'ના જ હોય.' તો તે અનાદિ કાળથી વારસામાં આવેલી સતપંથની શત્રુતાની પુંજી કેમ તજી દે? નહિ જ તજે. તો સતપંથ જે સરળ ને હિંદુ મુસલમાનોમાં વેરભાવને નષ્ટ કરનાર 'એ' એક જ પવિત્ર માર્ગ છે. તો તે સત્યના શત્રુઓને કેમ ગમે? 'ન જ ગમે.' નહિ ગમે તો તે જગતને સરળ માર્ગથી પદચ્યુત્ત કરવા કેમ ફાંફા ન મારે? ને આવા ગપાસફ્ટકો ન હાંકે? નારણભાઈ! તમોએ પણ એજ પ્યાલો પીધો લાગે છે, નહિ તો આટલો બધો ઘેન હોય જ નહિ. જેમકે

કવિત્ત

"બાજનીકે જાએ બાજ, લાજહે લોકાઈ લોક;
મુર્ધીકે જાએ બાજ, નાં હોત હો સદાએ સે.

સિંહન કે જાએ જાકી, એરાવત માને આન;
સીયાલ નહોત સિંહ, મૌંશન કે ખાએ સે.

ગવ્વનકો બછરો, ધુરમે લપટાઇ રહે;
ગદધાહુ ન હોત બછરો; ગંગા હુકે નાહેસે.

હંસ તો મોતી ચુગે,
બગલા નહોત હંસ મોતી કે ચુગાએ સે.
કહે સ્યાને સુનો ગુનીજનો,
બફાન હોત હે ગુલામકે બડહાએ સે.”

સતપંથના મહોર નબુવતનાં જે ઘોડો, બુરાખનું બોલી તમો ચેષ્ટા કરો છો તે કેવી મુર્ખતા બતાવો છો? તેની સતપંથીઓ પુજા કરે છે? તેને થાલ પ્રસાદ ધરાવે છે? પાચે નમી તેને ઈશ્વર પરમાત્મા કહે છે? કાંઇ લખશો? ભાઇ! સત્યના શત્રુ થવાથી તમારી શાંતિનો પણ નાશ થઈ ગયો છે. તમો સતપંથી હોત તો આવા ધુંવાડા ઉડાડત જ નહિ. જુઓ, મહોર, તો ખાસ ઈશ્વિરની બ્રહ્મરૂપ (નબિ સા.) ને પ્રસાદી મળેલી વસ્તુનું ચિહ્ન હોવાથી તે નુરરૂપે માની તેની એંધાણી છે કે જેના દર્શન કરે પાપ જાય. ઘોડો, બુરાક વગેરે પવિત્ર પુરુષોના ઉપયોગની વસ્તુ હોવાથી તેમ તેમાં ઈશ્વરી સત્તાનો તેથી ભાસ થાય. એમ ધારી તેવાં ચિત્રો ત્યાં રાખ્યાં છે. તો તેથી કાંઈ મુર્તિપુજકો ન જ ઠરે. આપ જરા આંખ ઉઘાડી જુઓ. જગતમાં ઘણી જગાઓએ જેમકે રોજાઓ, રાજમહેલો, દુકાનો, મંદિરો, મસીતો, મોહોલાતો વગેરે ઘણે ઠેકાણે ‘એ’ અને બીજા ચિત્રામણો દેખાતા હશે. તખ્તાઓ લટકતા જોતા હશો. પણ ભાઈ! ત્યાં આંખ કામ કરતી ન હોય! તેથી તે ભુલી જવાતું હશે. કેમ ભાઈ ખરી વાત છે ને?

નારણભાઈ! હવે તો આપની બુદ્ધિને ધન્યવાદ આપતાએ થાકી જવાય, એટલો જ આપવો રહ્યો! ઉપદેશક કે ઉભયે-હસત તે પણ કોના? અરે શું! સતપંથના? સાબાસ! આવા ઉપદેશક સતપંથમાં ન હોય તો ચાલે કેમ? ચોરીમાંજ રંડાપો! મુળ પુરુષથીજ અજાણપણું? “નકલંકી અવતાર તરીકે

મવલા મુર્તજા અલીને લખી, ઇમામશાહ ઉર્ફે ઇમામુદ્દીનને માને છે." એમ લખે છે. ઉપદેશક ભાઈ ! સતપંથ બ્રહ્મા, વિષ્ણુ એમ બે નુર દર વખત જગતહિત કારણે અવતારી પુરુષ તરીકે આવે છે એમ માને છે. તેમ બંને નુરને એક જ માની, સરખાજ પુજ્ય માને છે તે વાત, ને તેની સમજ (ઓળખાણ) સાથે સતપંથ શાસ્ત્રોમાં પ્રગટ છે. ગુપ્તને અટ-પટીવાળી નથી. છતાં તમો અજાણ કેમ રહી ગયા ? કે લોકો આગળ અવળસવળ બોલી ભરમાવવાનું શીખ્યા છો ? ડોળ તો ઉપદેશક બનવાનો કર્યો છે, ચરિત્ર તો સત્યના શત્રુનાં દેખાડો છો. તમને પ્રપંચ કરી વેર વધારવાનું પસંદ હોય ? તો તે તમો જાણો. સતપંથીઓને તે વાત નવી નહિ લાગે. સતપંથમાં ભિન્નભાવ મટાડવાની આજ્ઞા છે તે આપનાથી દેખી, ન ખમાતી હોય તો, તેમાં બીજાને શું ? "સાહેબ તમને સદ્બુદ્ધિ આપો."

તહેવારો કરવાનો જે લેખ છે તે તો નારણભાઇનો પ્રપંચ ફેલાવવાનો જે ભાવ છે, તેનો આબેહુબ ચિતાર છે. વાહ જી ? તહેવાર એટલે શું ? તહેવાર કેમ પાળવો ? હિંદુ, મુસલમાનોના તહેવારોના મેળા હોય છે. ત્યારે ઘણા હિંદુ, મુસલમાનો એકબીજાના મેળામાં જાય છે. નવાઈની વસ્તુઓ, સારૂ સારૂ ખાવાનું, રમકડાં વગેરે લાવે છે. સારાં લુગડાં પહેરે છે. બચ્ચાંઓ ને બૈરાંને ઘરેણાદિ પહેરાવે છે. સગાં-વહાલાંને ત્યાં સોગાત તરીકે મેલાની એંધાણીરૂપ ખપતી ને ભળતી વસ્તુઓ મોકલે છે. તેથી કાંઈ તેણે તેનો તહેવાર પાળ્યો ઠરતો નથી. ને તેથી તે હિંદુ કે મુસલમાન થઈ ગયો તેમ ઠરતું નથી. ઉલટો તેથી બંને કોમોને હળીમળી સાથે હરવા-ફરવાનો શુભ પ્રસંગ મળે છે. ભાઈચારો વધારવાનો

છે ભાઈ! તે પણ આપને ન ગમ્યો ? હશે. કેમ આપને તેવી જ ટેવ પડી છે. જુઓ બાલકરામ છે ?

કવિતા

લા તિલ્લક ન આદ, બાજ પક્ષ કરે અજ્ઞાની,
શ્રમ કો ધર્મ, વેદ વિધિ માને પ્રાની,
દર્શન જગ માંહી, છો નવ પાખંડ ગાયા,
નામ પ્રપંચ, સંપ્રદા ભેખ બનાયા,
વર્મ અનાતમ દેહકો, સુન જ્ઞાન પ્રંથ બે દાંતકો;
બાલકરામ ભરમે નહિ, રાખે એક સિદ્ધાંતકો.

જુદો વાડો કોને કહેવો ? તે તો આપ જરા સમજો, સર્વત્ર સમાનપણું છે. હિંદુ ને મુસલમાનમાં જુદાઈ વહેરભાવ મુળમાંથીજ ટાળી રાખ્યો છે. જગતની થી તે આજ સુધીના જેટલા મહાપુરુષો આવી જગત્- કાર્યો કરી ઉપકાર કરી ગયા છે તે સર્વની યાદી સચવાએલી છે ને તે સર્વે ગુણકર્માનુંસાર પુજ્ય લા હોવાથી તેમના નામો સતપંથની ક્રિયા વખતે માં આવે છે. કોઇનો પણ દ્વેષ કરવામાં આવ્યો નથી. પણ છિદ્ર ખોળી નિંદા કરવાની સતપંથમાં સખત કરવામાં આવી છે. ગમે તેવો પુરૂષ હોય તો તેના ખોળી તેના ગ્રાહી થવું એવી આજ્ઞા કરેલી છે. વખાણ જ કરવાં. હાં ! કદી આપને તે ગુણ, દોષરૂપ હોય તો ! તમો જાણો ! ભાઈ ! નિંદા, દ્વેષ, કુસુંપ તે કામ સેતાનનું છે.

સતપંથની ક્રિયા કોઈ પણ અનધિકારી કે બાહેર પુરુષ હાથે કરાવવામાં આવતી જ નથી. સતપંથમાં અધિકારી હોય તેજ કરે! તો બીજાઓ પાસે કેમ ચલા લેવાય?

જ્યાં એંઠુ ખાવાની કે આપવાની સખત મનાઈ છે ત્યાં ભેળાસેળી ખાવાની વાત જ ક્યાં રહી? સદ્‌ગોર વાતની મના કરે, તેજ વાત સતપંથી કરવાનું સાહસ કરે? ગુરૂ આજ્ઞા ઉથાપવાનું કેમ ઉચિત માને? આપનાં વચનો કેવી મુર્ખતા દર્શાવે છે?

"સતપંથમાં નિયમ નથી" એવું તમારૂં લખાણ કેવ અજ્ઞાનતાજ પ્રદર્શિત કરે છે. ભાઈ! તમોએ સતપંથના નિયમ બુક "સદ્‌ગોરની શિખામણ" એ નામની જોઈ નથી? જુ એથી પવિત્ર નિયમો બીજે કયાંથી લાવશો? ભાઈ, ધર્મ ને પ્રતિનિધિઓનાં વચન જુઓ? જુઠની એ હદ હોય આપ તો આરપાર નીકળી ગયા.

સતપંથ હિંદુ, મુસલમાનનું ખંડન નહિ પણ મં કરી રહ્યું છે. એકત્ર ભાવ બાંધવા મથન કરી રહ્યું છે. ખંડન–મંડન એ ભાવ તો આપની ઈસ્ટ મંડળીનો છે. આપને સ્વપ્નાં પણ તેવાંજ આવતાં હોવાથી તેમય થઈ સ તેવુંજ જુઓ છો. પણ એકવાર સતપંથના જ્ઞાનના પાણ આંખો ધુઓ.

—: છપ્પો :—

ભક્તિ વિષે નહિ ભેદ, વેદયું બોલવાની,
અંત્યજ બ્રાહ્મણ આજ, જાત જગદીશ સમાની;

કલિ કબીર કુલ અસુર, સમદ કુલ પ્રગટે દાદુ;
ભક્ત વિભિક્ષણ ભયે, અસુર કુલ ભયે પ્રેહેલાદ;
પુની ગુનક. કુબજા ભિલની, ગોપી વૃંદ ગોવિંદ મહે.
કહે બાલકુરામ હરિ ભજન બિન અભિમાની ત્યારે રહે.

'જીવદયા' સતપંથની અતિ પવિત્ર ને જગજાહેર છે. જુઓ, સતપંથ સંબંધી ટુંક નિવેદનમાં સદ્ગોરની શિખામણનો લેખ વગેરે" પણ આપની આંખો આગળથી દ્વેષના પડદા દૂર કરો. એમ નહિ સૂઝે ભાઈ! આ તો 'જીવદયા'ને બદલે 'જીવહિંસા'નું લખી સ્વબંધનો મત પ્રગટ કર્યો, સતપંથની ઉપજના પૈસા તો પવિત્ર સૈયદના ઉપયોગમાં આવે છે અને સદાવ્રત અને ધર્મ સંસ્થાના કાર્યવાહકો અને સાધુઓના ભરણપોષણમાં વપરાય છે. એવા પવિત્રમાર્ગે વપરાતાં નાણાં તમારે ઉચાપત કરાવી, ટંટા, બખેડા, ઝાંટાકુટી, કોમેકોમમાં અથડમઅથડી, નિંદા, દ્વેષ વગેરે કરાવવાના ઉપયોગમાં વપરાવવા છે? તેમ સતપંથના પૈસા નહિ વપરાય.

મિ. નારણભાઈ, સૈયદો જે કે સતપંથી છે તે તો જીવહિંસા કરે જ નહિ. કેમકે સતપંથના શાસ્ત્રોમાં સખત મનાઈ છે. જુઓ 'સદ્ગોરની શિખામણ' વળી શ્રી શાહ અલીમુર્તુજા સાહેબની આજ્ઞા કેવી પવિત્ર છે. "**फला तुज्ञ अल्तुतून कम्, मका बरिल हय् वानात्**" (ભાવાર્થ) તમારા પેટને પશુઓની કબરો ન બનાવો. તેમ પવિત્ર શાસ્ત્ર સુરે અનામ, આયત '૧૪૨' "મનુષ્યના આહાર સારૂ વનસ્પતિ ને અનાજ પેદા કર્યું છે. ઓજો ઉપાડવા પશુ બનાવ્યા છે. મશતવી મવલ્લાના રૂમી "**न साझी मुकामे शिरूम्रा नगोर, ज बहेरे बहायम, ज बहेरे चु, योर**" (આપણુ

શ્રી શાહ અલ્લીની આજ્ઞાને મળતી જ આજ્ઞા છે.) लैंयनाल्लाहो, लोहु, मोहा वलादेमा ओहा, वाले कैं यना लहुत तकवा य मिन्कुम ભાવાર્થ: પરમેશ્વર પાસે ચોક્કસ રક્ત અને માંસ નથી પહોંચી શકતું પણ તમારી ભક્તિ પવિત્રપણે કરેલી ને પવિત્ર રહેણી ઇંદ્રી સંયમની તે ફળદાઈ છે તે પહોંચે છે. તેમજ બીજું પવિત્ર શાસ્ત્ર સુરેવાસીન 'સુરે માયદા' આયત-૩ માં "મક્કા શરીફ ને તેની હદમાં કોઈ પણ જનાવરને ન મારો" તેમ લખ્યું છે. પણ જે સતપંથ વિનાના બીજા ધર્મના હોય તેની વાત સતપંથમાં કેમ ઘાલો છો ? જુઓ, પીર કબીરદીનનું જ્ઞાન, "માંશ ખાયે ભક્તિ નહિ ફળે, નહિ પામો સદ્દગોરનું જ્ઞાન" વગેરે સતપંથના પૈસા તો સતપંથી વિના અન્યને અપાતા નથી ને જે અપાય છે તે સદાવ્રતમાં આવતા સાધુ, ફકીરો, અભ્યાગતો, બ્રાહ્મણ વગેરે વગેરે ગરીબોનો અપાય છે. "સૈયદો બ્રાહ્મણો જ છે" ને તે તમારે જોવું હોય તો યવન નામના પુરુષે યુનાન, તુર્કસ્થાન વગેરે મુલકો વસાવ્યા. ત્યારે તે મુલકમાં વસતા બ્રાહ્મણની વંશાવળી તપાસો તેમ મહાકવિ નર્મદાશંકર પણ તુર્કસ્થાનમાં બ્રાહ્મણ, યાહુદી, (ઈસરાઈલી) હતા એમ લખે છે. તેમની ઉત્તપતિ ને વંશ ઓળખો. ઇનાંભાઈ થી કુરેશી પછી હાસમી એ નામ સ્થાનાંતર ને પુરૂષાંતરથી બદલાતા આવ્યા ને તેજ હાસમીવંશ પવિત્રસ્થાન મક્કા (મક્કેશ્વર)નાં આચાર્ય, અધિપતિ ને પુજારી હતા. તેમ સર્વ મનુષ્ય તેમને પુજ્ય માનતા ને આજ્ઞાધીન રહેતા. તેજ વંશ આજ સૈયદ તરીકે મનાય છે. તેથી જ પારશર ઋષિઆદિએ કહ્યું છે. "યુગયુગના બ્રાહ્મણો યુગ રૂપ હોય છે તેથી તેની નિંદા ન કરો." વગેરે. વર્તમાનકાળે એ જ પવિત્રવંશ સપાટ

હોવાથી તેનો દ્વેષ ન કરો. જીવહિંસાદિક ખોટાં તહોમતો ન મૂકો ભાઈ! ખોટા તહોમતો મુકતાં ચાલાકી બતાવવી તેનું નામ વિદ્વતા છે? ધર્મ પાળે તે ધર્મી, હિંસા કરનાર ને ખાનાર, સતપંથમાં ન ગણાય, કુળમાં આવે એકલી ઉત્તમતા નથી. ધર્મ પાળે ઉત્તમતા છે. ઉત્તમ કુળ ને ઉત્તમ ધર્મ સાથે જ હોય તો જ સપાત્ર કહેવાય.

નારણભાઈ! સતપંથી રોયદો કદી કખાજ ખાનારાજ નથી. સિંહનાં પુત્રો સિંહ જ હોય. જુઓ, સિંહણ પોતાની મર્યાદા સાચવવા પોતાના સિંહને કેવી રીતે વિનવે છે.

કુંડલિયો

"સિંઘણ શિખવત સિંદ્ધકું, બાલમ સુરત સંભાળ,
જિન હાથન હસ્થિ હણે, તિન મેંડક મતમાર.
તિન મેંડક મત માર, કલંકકો ડાગ લગાવે,
સાથ લંઘન કર હોચાર, સભામેં શોભા પાવે.
કહે ગિરધર કવિરાજ, બિપતસે મોહ નહિ મોડે.
"લંઘ્ઘન પડે હજાર, ચાલ આપની કહું છોડે."

"દુનિયામાં બેસી ખાવાનું નવ ખાશો." એ સતપંથ શાસ્ત્રની આજ્ઞા છે. તો પણ તેઓના પવિત્ર વહેવાર ઉપર ખોટા આક્ષેપ મુકવા?

'ઘટપાટ' વિષે મિત્ર, "પાણી માત્રને અધિકાર આપો" વગેરે આજ્ઞા વેદોની છે. તે માટે ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ તપાસો.

મહાત્મા પુરુષોના કથનો વિષે આપનો દુરાગ્રહ છે. તો તેઓના વિષયમાં સ્વામી રામતિર્થના વાક્યો સાંભળી કાન-

માંથી ઝેરના પુંમડાં કાઢી નાંખો, તો જ તમુને તે વચનો અમૃત તુલ્ય લાગશે. પીર સદરોદ્દીન વગેરે એઓએ જે મતવાદીઓ, અને અહંભાવી, સ્વદર્શી, ફિશાદ ઉભા કરનાર, ટોળેટોળા ને ફાંટાફાંટા પાડનાર હિંદુ, મુસલમાન માંહેલી વ્યક્તિઓના ગુણો વર્ણવ્યા. તે આપના સ્વભાવ વિરુદ્ધ હોવાથી ખોટા ને ઝેર જેવા લાગ્યા હશે? તેમાં તેમનો શો વાંક? પણ તે વાણી, સુલેહ, સંપનાઇચ્છીક, અદ્વિત ભાવના-ચાહક, સુફી=બ્રહ્મજ્ઞાનીને તો મીઠી અમૃત તુલ્ય લાગે છે. ચંદ્ર 'ચકોર'ને અમૃતના કળશ સમાન વ્હાલો હોય, પણ ઘુવડને બળતા અંગારા સમાન લાગે. તેમાં ચંદ્રનો શો દોષ? ભાઈ! પવિત્ર ભાવ વગર દેખાદેખીએ કે મોટાઇ મેળવવા ગમે તે માણસ ગમે તે ધર્મ ક્રિયા કરે તો તે શું ફળદાયી થશે? ત્રણ વેદને માની ચોથા વેદનો અનાદર કરનાર શું સત્યધર્મી કહેવાશે? જરા સમજતા આવો, કાગળ અવળ-સવળ ચીતરવાથી વેર નહિ વળે.

'સતપંથીને' પીરાણાધર્મી કહો કે, જેમ તમને સુઝ પડે તેમ કહો, ને તમારા વેરના પડળો તમોને જેમ સુઝાડે તેમ બોલો. પણ એ તો અનાદિકાળથી દરેક વેદને અનુકુળ યુગમાં સત્ય રીતે પળાતી યોગ્ય ક્રિયા ને પવિત્ર આજ્ઞા ને નિયમે સચવાતો ધર્મ ચાલ્યો આવ્યો છે. સમય સમયના અવતારી પુરુષો સોળ ને બાર કળાવાન ને પ્રત્યક્ષ ઇશ્વરી આજ્ઞા પ્રમાણે પુજાતો, ઓળખાતો ને માનતો--મનાવાતો-આ સતપંથ છે. તો તે યુગમાં યોગાનુકુળ પ્રહલાદ, હરિશ્ચંદ્ર, પાંડવાદિક ભક્તો હતા. જે ધર્મક્રિયાથી એ ભક્તો મોક્ષપદને પામ્યા છે. તેજ માર્ગ યુગાનુકુળ હમો માનીએ છીએ. ગાયવધ વિષે તમો ભળતું લખી ગયા છો, પણ જ્યાં નિર્મિત કાર્ય હોય, તેમાં કોણ

પણ કરનાર છે? મહાકવિ નર્મદાશંકર, મહાદેવ મોરેશ્વર રે, બી. એ., ડોકટર રાજેન્દ્રલાલ મિત્રા પણ "દ્વાપર યુગમાં ગોમાંશ બ્રાહ્મણોમાં ખવાતો હતો" એમ કબુલ કરે છે. ઋગ્વેદ પથ બ્રાહ્મણ, શુકલ યજુર્વેદ વાજસ નેયીસહિતા, બ્રાહ્મણ વશિષ્ટ, વિશ્વામિત્ર, વાલમિક, જનક, શતાનંદ, જમદગ્નિની રોણાગતમાં સેંકડો ગાયો કાપી ખાધી છે. જુઓ "વૈદિક હુ ધર્મ" આદિ પુસ્તકોમાં ગૌમાંશ વિષે પ્રથમાવૃત્તિ, સત્યાર્થપ્રકાશ' તપાસો. શ્રાદ્ધવિષય 'મનુસ્મૃતિ' જુઓ. સંસ્કાર વિધિ' પ્રથમાવૃત્તિ જુઓ. તેમ આજ પણ કાશી, બંગાલ, પંજાબ તરફ પધારી ખાત્રી કરો અને પછી તમારા પોતાના જ પહેરવાના વસ્ત્રની ચાળ ઉંચી કરી તપાસી લો પવિત્ર દેવોનાં કાર્યને વખોડવા પ્રયત્ન કરો છો. તે ફક્ત મદાંધપણું છે. છતાં ચારયુગના ધર્મનો ઘડો લીક્ષમ-એ કહ્યો છે તે વાંચો. અશુરભાવ પ્રાપ્ત કરવા મથન કરો. યુગયુગને અનુકુળ જ પરમાત્મા આજ્ઞા કરે છે. ને તે આજ્ઞાઓ ભક્તો પોતાના શીરને સાટે પાળે છે ને સંકાસૂરો કાઓ કરી દૂર રહે છે. પણ પ્રચલિત સમયે શ્રી ઈમામ શાહ બાવા આદિઓએ જરા પણ જીવહિંસા કરવાની સખત મનાઈ કરી પવિત્ર જીવદયાની આજ્ઞા કરી છે. દ્વાપરયુગમાં શ્રીબુદ્ધાઅવતારે જે કામ કરવાની આજ્ઞા પોતાના અનુયાયી-ઓને કરેલી, તે પરીક્ષક તરીકેની હોવાથી, પોતાના ભક્તો તે પરીક્ષામાં પાસ નીવડેલા જોવાથી, ભગવાન અતી પ્રસન્ન થયા, તેમ તે વાત તે જુગમાં હોવાથી આજ તે વિષયમાં કંઈ બોલવાનું નથી. કેમકે શ્રી ઈમામશાહ બાવાની આજ્ઞા છે "ગઈ ગઈ વાતો ન વાંચવી" વગેરે. તેવી મનાઈ હોવાથી તેમ વર્તમાનકાળ પ્રમાણે જ ધર્મ ને સંસાર સાચવવાનો

હોવાથી સતપંથી આલમ પોતાનો ધર્મ ઘણી જ સંભાળ સાચવી રહી છે. તમે બળ્યાઝળ્યા ગમે તેમ બોલો.

સતી તારામતીના સતીત્વમાં તમો તાણીમચડી ખો લગાડવા છિદ્ર ખોળવા ગોટાળા વાળો છો, પણ તેમ ન સતપંથ તમો ધારો છો તેવી આજ્ઞા નહિ કરે. સતપંથ શાસ્ત્ર જેવી વાત લખવામાં આવી છે તે સતી તારામતીનો પતિ ધર્મ કેવો ઉત્તમ હતો તે સાથે સત્યધર્મની પણ કેવી અ લાગણી હતી. તેનો આબેહુબ ચિતાર આપતા દ્રષ્ટાંત સતીઓએ કેવી રીતે પતિધર્મ પરાયણ રહી ઇશ્વરી ધ સાચવવો ? ધર્મસંકટ કેટલાં કષ્ટે સહન કરવો ? ને તે સ કેવી રીતે સાચવી તરી પાર ઉતરે છે. સતી ધર્મના પ્રભ પુરુષ કેવા પવિત્ર બને છે, તેનો નમુનો સતીદ્રષ્ટાંતમાં બતા છે. ભાઈ, તે પણ તમને ખારો લાગ્યો ? કેમ ન લાગે ? આપ નિયોગ પસંદ તો તે આગળ સતીત્વની મહત્વતા કયાં રહે સમજો ? દ્રોહિક પુરુષોની કેવી ગતી થવાની છે ? તે તપાસો ને જરા સમજી દ્રોહ તજો ભાઇ ઠીક કહું છું હરિશ્ચંદ્રની પવિત્રતા તારારાણીને લઇને થઇ છે. નહિતો વ ભંગ કરનાર, પ્રપંચ કરનાર, મનુષ્ય વધ કરનારો દુષ્ટ રાજા હતો જૂઓ ઋગ્વેદ શુનઃશેપનો મંત્ર, ને ઐત્તરિય બ્રાહ્મણાદિ–ગ્રંથોમ

નારણભાઈ ! વ્યક્તિ દોષો જોકે કેટલાક હોય, તેને ત રૂપાંતર આપી વિશેષતા આપતા હોવ, તેથી કાં ધર્મ દોષીત ઠરતો નથી. વ્યક્તિ દોષો ઉપર દોરવાઇ ધર્મ દ્વેષ કરવા ઉભા થવું તે વિદ્વાન અને લાયક પુરુષનું કા નથી. ન્યાય તો એ હતો કે જે વ્યક્તિઓ દોષીત હોય તે તેથી સંબંધ ન રાખવો, તેથી કામ ના પાડવું. જેથી ક મનુષ્ય પોતાનો ધર્મ નિર્વિઘ્નપણે સાચવી શકશે. તેમ કર

તુંજ આ તો આપે ઉછંળીને પણ ભાગ્યો અને બીજાઓના પણ ભાગે તેવી તજવીજ કરો છો. ભાઈ ! એ મમતા ત્યાગો, હજી એ પસ્તાવો કરો ? પ્રાયશ્ચિત લઇ પવિત્રમાર્ગ ગ્રહણ કરો.

અમીની ગોળીઓ વિષે તમો જે લખો છો તે તદ્દન ખોટું છે. તે કેમ બને છે તે જોવું હોય તો, જ્યાં બને છે ત્યાં જઇ તપાસ કરો. પછી લખશો કે ક્યાં ? કેમ બને છે ? કોણ બનાવે છે ? ત્યાંસુધી મોઢું બંધ રાખો. નહિતો આ અધમીના દિવસોમાં ધૂળ બહુ ઉડે છે. તો મોઢું પુરાઇ જશે.

પ્રાયશ્ચિત્ લેવાની તમામ ધર્મમાં આજ્ઞા છે. વેદો વર્ણવે છે. ધર્મ ક્રિયાનો મહિમા દરેક ધર્મવાળાઓ વર્ણવે છે. તે વખતે તેનાં ફળમાં સ્વર્ગનાં સુખ બતાવે છે. કોઈ ધર્મ પાળતાં નર્કમાં જાએ એમ બતાવતો નથી, તો કોઇ ધર્મક્રિયા સાચવતાં સ્વર્ગને પામે. તેમાં તમને શું નુકસાન ? ભાઇ, તેમાં તમોને કેમ ઝેર આવે છે ? તમને શી અદેખાઈ ? ભાઈ, દરેક ક્રિયાનું ને ધર્મનું મહાત્મ જાણવા સિવાય તે ઉપર માણસ પ્રેમ કેવી રીતે કરે ? ક્રિયાઓ પળાવવા તેનું ફળ ને લાભ બતાવવુંજ જોઇએ. આપ તો એમ જાણતા હશો કે ધર્મક્રિયા કરવાથી કાંઈ લાભ મળતો નથી. એ તો પુસ્તકોમાં લખેલીજ રહેવી જોઇએ, કાં મોઢે ગોખી રાખવી; કે ધર્મમાં આટલી ક્રિયા છે. ભાઈ ! સમજો. ક્રિયાઓ પાળવાથી ધર્મ પળાય છે. ધર્મ પાળવાથી સ્વર્ગાદિ સુખો મળે છે. મોક્ષ પામવાનો એજ માર્ગ છે.

નારણભાઈ ! તમારા ઉદ્દેશમાં જે ધર્મ વર્ણવ્યો છે. તે જ ધર્મ સતપંથ છે. એ જ અસલી અવિનાશી છે. તે જ ધર્મની કીર્તિ જાળવી હમો મગરૂર બનેલા છીએ તેમ બીજાઓ પ્રત્યે

ન્યાયી થવા સારૂ જ હમો દરેક વખતે આપના તેમ અન્યના પ્રત્યે લેખો મોકલી સતપંથ જાહેર કરી વિનંતીએ છીએ. હમારો જ સતપંથ ધર્મ વૈદિક, હિમાલયથી પણ પુરાણો અને સંગીન છે. પાસીફિક જેવા અનંત સમુદ્રો જેટલો અગાધ રહસ્યવાળો ભવ્ય છે. તેની ગતિ કુપમંડુકો નહિ પામે. જરા જરા વાત પર તપી જનારાઓ પોતાના વેરધર્મને નામે લેનારાઓને સહનશીલતા હોય જ કયાંથી ? જે અનાદિ કાળથી જોડાએલી સાંકળના એ સમયાનુસાર ઉપદેશકને ઓળખતો પવિત્ર ધર્મ તેઓને સુઝેજ કયાંથી ? વૈરભાવના બંધને પાછળ પડી ગએલા અને પવિત્ર પુરુષોથી ખાર રાખનારા ટોળાંને વળગી સતપંથની નિંદાએ વળગ્યા છો. પણ યાદ રાખજો ! આ પવિત્ર ધર્મ સામે લડતાં કદિએ ફત્તેહ નહિ પામો. કેમકે તમારી ને તમારા પહેલાના કલ્પના કરનારાઓ, કલ્પના યુક્તધર્મ બનાવી તે ઉપર લોભાઈ, મિથ્યા, પતંગીઆવત્ત, દેહ વગેરેનો નાશ કરતા થયા ને એકને બદલે અનેક ધર્મો બનાવી પોતાની કલ્પનાનો પાર નહિ આવ્યો તેમ જય નહિ મળ્યો છતાં પણ સતપંથ ઉપરનો વેર પુરો કરવા શાંત ન થતાં ઘણા ધર્મો (ફાંટા) ઉપજાવી, પોતાની કલ્પના શાંત કરવા મથન કર્યું. દરેક વખતે ને યુગેયુગે સતપંથની નિંદા ને આક્ષેપોનાં પ્રહારો ચાલુ રાખ્યા. એથી કાંઈ જગતનું કલ્યાણ ને સુધારો ન થયો. ઉલટા બમણા ફાંટા વધતા ગયા. 'કુસંપ ફેલાતો ગયો' કારણ કે જે મુળસિદ્ધાંત " વેળા વર્તમાનના મહા પુરુષને માની તેની આજ્ઞા પાળવી " તેને જ ભૂલી જઈ તેનો દ્રોહ કરવા મંડી પડી. વેરી બન્યા ને અન્યને પણ તેમ કરવા ઉશ્કેરવા લાગ્યા. જેથી આખા જગતના દ્રોહકર્તા થયા. મહાભારતનો શાંતીપર્વ જુઓ. શ્રી વ્યાસજી શું કહે છે ? " પ્રાણીમાત્રનો

મન, વચન અને કર્મથી કદી પણ ન કરો. પણ 'અનુગ્રહ' દાન (દશાંશ) એજ સનાતન ધર્મ છે. માટે મિત્ર ! તમારી કપટજાળ તજી દઈ, સાંપ્રત ધર્મ અનુસાર પવિત્ર ધર્મ સતપંથ છે તેને પાળી, તમારી સંસાર સાગર તરી પાર રૂપ બે બાજુઓ 'અનુગ્રહ' ને 'દાન' મજબુત બનાવી. જેથી તમારૂં સમાધાન થતાં સંસાર રૂપ મહાસાગર તરી ઉતરી મોક્ષગામી થશો, ને તે માર્ગ મેળવ્યા વગર શાંત નહિ. પુરુષાર્થ યત્ન ચાલુ રાખજો.

નારણભાઇ ! કાકા વગેરેને પુછવાની તમને શી જરૂર શાસ્ત્રો મોજુદ છે. જ્ઞાનશાસ્ત્રોથી જ કે જ્ઞાનીને પુછવાથી માર્ગ મળશે. પછી તે ગમે તે હોય. આપને હજી પણ રહેતી હોય તો ત્યાં જઇ શોધ કરો.

હમો પણ સર્વ જગતને વિનંતિ સાથે વિનવીએ છીએ પરમાત્માના શરણમાં જવાનો ઉપર બતાવેલો 'સંપ' તે જ માર્ગ છે. તે સૌથી પવિત્રભાવે ગ્રહણ કરો. હમો પણ તમારા વિષયમાં શ્રી પરમાત્મા પાસે આશીશ માગીએ છીએ. શ્રી પરમેશ્વર તમને પવિત્ર બુદ્ધિ આપી તમારા ભાવો પણ જ બનાવે, ને તેથી કરી તમો પવિત્રગામી થતાં પરમાત્મા પોતાની શરણમાં લે. 'અસ્તુ'

આ લેખ મિ. નારણભાઇના જવાબ તરીકે લખાયો છે. મુંબાઇમાં યુવક મંડળ અને વીરાણી (કચ્છ) અને કરાંચીમાં એમના મિત્રોની સભાઓ થઇ તેમાં રિપોર્ટો છપાવ્યા, તે સર્વનો વિષય નારણભાઇના લેખ જેવો જ હોવાથી તે સર્વનો સામટો જવાબ આ લેખમાં જ અપાઇ ગયો છે. અરે સર્વ થતાં વિરોધીઓનો સામટો આ આખો જવાબ છે.

સાથે સાથે કેટલાક કણબી ભાઇઓનું મંડળ કરાંચીમાં છે, તેઓની સાથે હંમેશ પત્રવ્યવહાર થએલો, તે પણ સાથે સાથેજ પ્રગટ કર્યો છે.

હાલ એ જ. "બાકી સમય મળે." 'શાંતિ, 'શાંતિ, શાંતિ

કરાંચીનાં કચ્છી, કણબી યુવક મંડળ સાથે, હમારો થએલ પત્રવ્યવહાર.

મુંબઈમાં કેટલાક વિરાણી આદી કચ્છના વતની લેઉવા કણબીઓ ધંધાર્થે રહેલાઓ માંહેલા અજ્ઞાન અવસ્થામાં ધર્મ (ફાંટા=મજહબ) માં લુબ્ધ બની, કૃતિમ પંથોમાં મોહાંધ થવાથી, સત્ય ઉપર અભાવ ધરી "જેની આંખમાં કમળો હોય તે સર્વને પીળું જુએ." 'આ ન્યાયે' સ્વદેશી, સ્વજાતીના આગેવાનો તેમ ધર્મનાં કાર્યવાહકો, ધર્મનાં આગેવાનો પૂજ્યવંશનો દ્રોહ કરવા લાગ્યા. અને પોતાને ડાહ્યા, જ્ઞાની જાણી કચ્છની આખી જ્ઞાતીમાં સુધારો કરી પોતાના જેવા બનાવવા પ્રયત્નં કરવા એક મંડળ બનાવી, ધર્મનો દ્વેષ મનમાં ભરાઈ રહ્યો હતો તે જ્ઞાતિ બદલી, લેઉવાનાં કડવા બની (કુળઘાતક થઈ) છાપા દ્વારા પ્રગટ કરવા મંડયાં. તેનો ચેપ કંઈક કરાંચી તરફ લાગવાથી ત્યાં પણ એક મંડળ બન્યું, તેઓએ એક હેન્ડબીલ પ્રશ્નાવલી જેવું વિતન્ડાવાદનું, મુંબઇવાલાઓનો છપાવેલ મૂર્ખવાદનો લેખ હમોને મોકલ્યો તેની પહોંચનો પત્ર તા. ૧૧-૧૨-૧૮ ના રોજ હમોએ "તમો ખોટા લેખો, દ્વેષભાવથી ન લખો, ને આંખો મીંચી કામ ન કરો. વેદોક્ત ઉત્તર જોઇતો હોય તો શ્રી નિષ્કલંકી

આપીશું." વગેરે વગેરેની મતલબવાળો કાર્ડ મોકલ્યો. તે ઉપર મંડળના સેક્રેટરી સાહેબ કોણ જાણે ભાવોમાં ગુંથાઇ જઇ, પોતાની વિદ્વતા પ્રગટ કરવા, લખેલા કાર્ડનો જવાબ તા. ૨૪-૧૨-૧૯૧૮ ના રોજ પ્રમાણે આપ્યો.

કરાંચી, તા. ૨૪-૧૨-૧૯૧૮

શ્રીમાન્ સૈયદ બાવા સાહેબ અહમદઅલી.
મુ. પીરાણા.

જત લખવાનું કે હમારા મંડળના સેક્રેટરી કણબી હરજી ઉપર તા. ૧૧-૧૨-૧૮ નો લખેલો સૂચના પત્ર તેમના થી હમોને મળ્યો. તેમાં લખો છો કે "તમારા તરફથી બીભત્સ લેખ સૈયદોનાં આહાર વિહારનો ચિતરાએલો છે આંખો મીંચીને કામ કર્યા જાઓ છો, ને પછી વધારામાં છો કે આંખો ખોલીને કંઈ કરો." તો અમે જે કાંઇ છીએ, તે બરાબર સમજીને, તથા તેનો ઠીકઠીક ગોર્વ કરીને તથા બીભત્સ સંબંધમાં કોઈપણ વચન ન આવે, અમારી હરેક જાતનાં કેસો છે. તેનું પુરતું નીરક્ષણ ને પછી લખીએ છીએ. એમાં કોઈપણ જવાબદારીમાં આવીએ, અમારૂં કોઈપણ લખાણ હોય જ નહી. કારણ કે મારી શ્રી કચ્છી કડવા કણબી જ્ઞાતિ સુધારક યુવક મંડળમાં વ્યક્તિ શારૂં જ્ઞાન ધરાવનાર છે. તો અમોને તે સંબંધમાં ખાત્રી છે કે અમારાથી અયોગ્ય વખાણ નહી થાય. તમો અમોને વેદને અનુસરી તથા વેદ માન્ય અમારા ણનો પ્રતી ઉત્તર આપશો, એમ આપે જણાવ્યું છે. તે તમો વેદને અનુસરીને અમોને પ્રતીત્તર વાળશો, તો

અમારા અહોભાગ્ય માનીશું. પણ અમોને પુરતી ખાત્રી છે તમો વેદને અનુસરી કંઈપણ કર્તવ્ય કર્મ કરતા નથી. ને કદાચ વેદને અનુસરી કર્મ કરતા હો તો આજે સતપંથ આટલું બધું વૈમનસ્ય હોય જ નહિ ને જે આ ભેદાભેદ ચાલ રહ્યું છે તે ક્યારનું એ બંધ પડી જતે. હાલ એજ વિજ્ઞપ્તિ

લિ. તમારા તરફના પત્રની રાહ જોના

શ્રી કચ્છી કડવા કણબી જ્ઞાતિ સુધારક યુવક મંડળ

ઠેકાણું:-હીરજી લધા રામાણી રણછોડ લે

ખત્રી ટોપણ નારાંણ બીડીવાલાની દુકાન

ઉપર મુજબનો પત્ર મંડળ તરફથી હમોને, "પ્રતીઉત્તર મેળવવાની બીડીવાલા દુકાને રાહ જોઈ રહ્યા છે તેવો" ૩૧-૧૨-૧૯૧૮ નાં રોજ મળ્યો. તેથી મંડળની ઈંતેજારી ઓછી કરાવવા તેજ દહાડે એટલે તા. ૩૧-૧૨-૧૯૧૮ રોજ જવાબ લખવો પડ્યો. તે નીચે મુજબ.

"પીરાણા-પોષ્ટ ગીરમથા, તા. ૩૧-૧૨-૧૯

શ્રી કચ્છી ક. ક. જ્ઞા. સુધારક યુ. મંડળના સેક્રેટરી હરજી લધા રામાણી વિગેરે મંડળ સર્વે.

મુ. કરાંચી

જત-લખવાનું કે આજરોજ તા. ૨૪-૧૨-૧૯ લખેલો પત્ર મળ્યો. તે વાંચી તમારી લખવાની વિગત સમજ્યા છીએ. તમારૂં લખવું એ પત્રમાં એવું છે કે "હમોએ કાંઈ લખ્યું છે, ને છપાવ્યું છે તે સર્વે સમજી વિચારી જાણી જોઈને જ કર્યું છે." વિશેષમાં લખો છો કે "હમારા ધારાશાસ્ત્રી પણ એ કામમાં રોકેલા છે. શબ્દાર્થ કોષો

હમો રાખીએ છીએ. એ સર્વથી ચોક્કસ કરીને કામ કર્યું છે." મતલબ તો એજ ખરી બતાવો છો કે પૂર જોઅમે ધારી-ધારીને પગલાં ભરીએ છીએ. (તો શું અહીં કાંઈ તમારા સર્વ લેખનો જવાબ આપતો નથી, પરંતુ મજકુર પત્રની સમજ તમોએ કેવી લીધી છે. તેજ તમારા પત્રની સમજ મારે મેળવવા સારૂં (કંઈક ખુલાસો મેળવવાનો પત્ર લખું છું. તે સમજી જવાબ આપશો.) સેક્રેટરી સાહેબ ! આપનાં શબ્દાર્થ કોષોમાં એ લખેલું હશે કે? (અહીં સતપંથીઓને હમણાં એક તરફ બેસાડી, એકલા મુસલમાનોના જ વિષયમાં કહો કે,) 'મુસલમાન' એટલે શું ? શું ? મુસલમાનોનાં ધર્મમાં દારૂ પીવાની આજ્ઞા છે? અને એ કાયદો તમારા ધારાશાસ્ત્રીની જાણમાં હશે કે? તે જરા હમો એ વાત જાણતા નથી. તે કયા કોષનાં પુસ્તકમાં ને કયા કાયદાની બુકમાં, એ 'શબ્દ' ને એ 'એક્ટ' નોંધાએલો છે તેની નોંધ મોકલશો.

'આંખો મીંચીને કામ કર્યા જાઓ છો' એવો મારો લેખ પ્રથમના પત્રમાં જે હતો, તેનો પ્રતિઉત્તર આપે જે લખ્યો કે "અમો જે કાંઈ કરીએ છીએ, તે બરાબર છે, હવે આપના પ્રથમના લેખો વાંચો. તેમાં શું 'યવનો હમારા ગુરુ' હોઈ શકે? એવા શબ્દો છે. તો તમો શ્રી રામચંદ્રજીને માનતા હશો ને તે તમારા ગુરુજન ને શ્રેષ્ઠ છે એમ ધારતા હશો કે કેમ ? કારણ એનું એમ છે કે તેઓની વંશ 'યવન' નામના પુરૂષથી થએલી છે, તેથી તેઓ પણ યવન કહેવાય. જુઓ શ્રી રામચંદ્રજીની વંશાવલી, ('યવન, ૮ 'શ્રાવસી, ૫૮ શ્રીરામ) ગુજરાતીમાં મુંબઇ છપાએલ છે. હવે આપણા કોષના પાનાં ફેરવી તેનો અર્થ શું થાય છે તે

લખશો! બાકી લખો છો કે "તમો અમોને વેદને અનુસરીને તથા વેદમાન્ય અમારા લખાણનો પ્રતિઉત્તર આપશો એમ જણાવ્યું છે. તે જો તમો વેદનો અનુસરી અમોને પ્રતિઉત્તર વાળશો તો અમારા અહોભાગ્ય માનશું?"

તેમાં હવે આપના કોષના પાના ને ધારાશાસ્ત્રીના અભિપ્રાયો તપાશો કે વેદ કોને કહેવા? વેદ શું? વેદ કયાંથી આવ્યો? ધર્મ વેદમાં રહે છે કે બહાર નીકળે છે? એટલે અક્ષરોમાં જ લખાએલો રહે છે કે પાલવામાં આવે છે? વેદ કેટલા? ને કેવી રીતે આવ્યા? તે આપનાં કોષો ને ધારી જ્ઞાની ને કે તમારા જ્ઞાને બતાવજો. જે પુસ્તકમાં વેદોના પ્રમાણસહ લેખ હોય ને તેને અન્ય કોઈ વ્યક્તિ કે સમુહ, ઢોંગ પ્રપંચ વગેરે કહેતો, તે પુરુષ અને સમુહને કેવો માનવો? વ્યક્તિ દોષોમાં દોરવાઇ જે ધર્મની નિંદા કરે છે, તે પુરુષો કેવી બુદ્ધિના હોય છે? પોતે વેદ કે વેદાંગ જોયા ન હોય, અને ઉપર (ઈર્ષાભાવથી) પોતાનું ડહાપણ કાંઈ ચલાવે, તે પુરુષ કદીએ માર્ગે આવે કે કેમ? વેદ પ્રમાણે ચાલનારા કેટલા સંઘ છે? તે સંઘોમાં કેટલા કેટલા તડો પડયા છે? ને શા કારણથી પડયા છે? વૈમનસ્ય ઉત્પન્ન શા કારણથી થાય છે? ધર્મદોષથી કે વ્યક્તિ દોષથી? વેદોમાં કેટલા પંથો ને કેટલા ધર્મો વર્ણવ્યા છે? સેક્રેટરી સાહેબ! આ લઘુપત્રથી હું આપને કાંઈ વધુ ગુંચવણમાં નાખવા નથી માગતો, પણ આપના કોષોને ધારાશાસ્ત્રી જે આપના સુધારક મંડળમાં છે તેનો ફક્ત લાભ લેવા માંગુ છું. આપને જે ઇચ્છા છે, વેદોક્ત ઉત્તરની, તે શ્રી નિષ્કલંકી નારાયણની ઇચ્છાએ તે પૂર્ણ થશે.

વો ઉત્તર મેળવો તેવો તમો અભિપ્રાય ફક્ત વાણીએ આપી બેસી રહેતા નહિ, કરી બતાવજો. પણ એટલું મારે ખાસ આપને પુછવાનું રહે છે કે, તમો કયા વેદ પ્રમાણે ધર્મ માન્ય કરશો? તમારી માન્યતાના કયાકયા ગ્રંથો છે? તેનો ખુલાસો કરશો અને તે માંહેલા વ્યવહાર તમોએ તજ્યા હશે તો તેનું શું? એટલું ખુલાસામાં ઉમેરો કરશો.

આપ કોઈ નવિન પ્રવૃતિ કરો, ને હેન્ડબીલ, કે બુકો વગેરે છપાવો તો હમોને જરૂર મોકલશો ભુલી જતા નહિ. લા. એ જ.

લી. શુભેચ્છક :

સૈયદ બાવાસાહેબ અહમદઅલીના દવાત

ડી. અમદાવાદ.

ઉપરનો પત્ર હમારો યુવક મંડળને મળ્યો પણ તેઓના ક્રોધાગ્નિને વિસ્તારવાનો માર્ગ નહિ મળવાથી સંકોચાઈ જઈ બળતા ઉદ્ગારો આ કાઢયા. જેમ કોઈ નાહાન બાળક "મળને ચૂંથ્યા બાદ પોતાના જ ખોળામાં ભરે તેવી ચેષ્ટા" જેવો તેમનો પત્ર હમારા પત્રના જવાબમાં આવ્યો. ને તે પત્ર લખતાં પોતાની વિદ્વતા ને પોતે, સર્વ પ્રકાશી દીધુ તે આ પ્રમાણે.

કરાંચી તા. ૯–૧–૧૯૧૯

સૈયદ બાવાસાહેબ અહમદઅલી. જોગ

મુ. પીરાણા

લખવાનું કે તમારો પત્ર, તા. ૩૧–૧૨–૧૮નો લખેલો આવ્યો તે વાંચી તમામ હકીકત જાણી. વિશેસમા લખવાનુ કે તમોએ હમારા લખેલા પત્રમાં જે અમોને સવાલ કરેલા છે. ને તેના

૪

જવાબ મળેલા છે. તો તે જવાબ આપવાને અમો તમારા સાથે કોઇપણ બાબતથી બંધાએલા નથી. તેમ તમારે ને અમારે કોઇપણ જાતનો સંબંધ નથી. જેથી તમને અમારા પાસેથી કાંઇપણ જવાબ માગવાને અખત્યાર નથી તેમ અમો તમારા કોઇપણ કામની અંદર આડે આવતા નથી તો પછી તમને અમારા પાસેથી જવાબ લેવાને અખત્યાર પણ નથી. અને અમો પણ તમને જવાબ આપવાને બંધાએલા નથી. જેના સાથે અમોને સંબંધ છે તે જો જવાબ માગશે તો તેને જવાબ આપવાને અમો બંધાએલા છીએ. ને આપીશું. બાકી તમારે અમને આજથી કોઇપણ દિવસ પત્ર વહેવાર લખવો નહિ. ને લખશો, તો અમો તેની દરકાર પણ કરીશું નહિ માટે હવે ટુંકમાં સમજી હવે પત્રવ્યવહાર કરવો નહિ. એજ.

લિ.

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી સુધારક યુવક મંડળ તરફથી
મુ. કરાંચી બંદર રણછોડલેન"

ઉપરનો પત્ર હમોને તા. ૧૩-૧-૧૯ ના રોજ મળ્યો. પણ આશ્ચર્ય જેવું થવાથી હમોએ ખાત્રી કરવા તુરતજ નીચેનો પત્ર લખ્યો કે જેથી કાંઇપણ એ લોકો સમજી હમારા પત્રનો ખુલાસાવાર જવાબ આપવા જ્ઞાન ગોતે, જ્ઞાન ગોતતાં જ્ઞાન પામી સુમાર્ગે આવે, પણ એ આશા અમારા મનમાંજ રહી; જેને ધર્મના નામે ખારવેર લેવા છે તેઓ જ્ઞાન શું કરવા જોશે? જેનું બંધારણ અધર્મના લોહીથી બંધાયુ છે તેની મતિ કેમ કરીને પવિત્ર થવાની? તે પત્ર આ છે

પીરાણા તા. ૧૩-૧-૧૯૧૯

શ્રી કચ્છી પાટીદાર યુવક મંડલ
મુ. કરાંચી

તમારો પત્ર તા. ૯-૧-૧૯૧૯ નો લખેલો આવ્યો તે

વાંચી બીના જાણી. તેના જવાબમાં લખવાનું કે, તમો અમારા સવાલોના જવાબો ના આપવા સંતાઈ જવાના બાના ખોળી લખો છો કે "હમો તમારી સાથે કોઇપણ રીતે જવાબ આપવા બંધાએલા નથી તેમ સંબંધ પણ નથી તેમ અખત્યાર પણ તમોને નથી. તેમ તમારા કોઇ કામને આડે હમો આવતા નથી વગેરે" વળી લખો છો કે "જેની સાથે સંબંધ છે તેને જવાબ આપવા બંધાએલા છીએ." પણ એટલું તમારે સમજવું જોઈતું હતું કે 'તમો સતપંથી છો. તમો જેની સાથે બંધાએલા લખો છો તેઓ પણ સતપંથી છે ને હમો પણ સતપંથી છીએ. તેમ સતપંથે માન્ય કરેલા વ્યક્તિયો માંહેલા પણ છીએ. વળી તમો સતપંથની ચર્ચા કરો છો તેથી દરેક સતપંથીને તમો જવાબ આપવા બંધાએલા છો તેમજ તમો જ્યાં સુધી સતપંથ પાળો છો ત્યાં સુધી જવાબ આપવા બંધાએલા છો. એજ કારણે મારે આપને આ પત્ર લખવો પડયો છે કે જ્યાંસુધી તમો મારા પહેલાનાં પત્રનો જવાબ નહિ આપો ત્યાંસુધી તમોને સતપંથની નિંદા કોઈપણ ચર્ચા કરવાનો હક્ક નથી. કેમકે તમારા આ પત્રથી તમો બંધાએલા છો. તેમ જ્યાંસુધી તમો સંતપંથી હશો, તો મુંબઈવાળા રિપોર્ટથી વિરુદ્ધભાવ તમારો તમારા પત્રથી સાબીત થયો છે. તો સતપંથ વિરૂદ્ધ ચર્ચા કરવા તમારા મુખ તમોએ તમારે હાથે બંધ કરવા બંધાએલા છો. કેમકે તમોએ લખ્યું છે કે "હમો તમારે આડે આવવા માગતા નથી" ઉપરાંત તમો લખો છો કે "જેથી બંધાએલા છે એ તે જવાબ માંગશે તો આપશું." તો તમે તો કેમ? જવાબ આપતા નથી? હું પણ સતપંથી છું. તમારે નહિ તો માહેમાહેના ખારવેર ધર્મના નામે લેવા આ પાખંડ ઉભું કરી ધાંધલ મચાવવો છે. તેથી સત્ય હકીકત

આપતાં સંતાઓ છો એમ સર્વેને ખાત્રી થઇ ગએલી તમારે માની લેવી તેથી પણ જવાબ આપવા બંધાએલા છો; કેમકે નાહક ખોટા ઝઘડા ઉભા કરનાર જાહેર થવો જોઇએ.

વિશેષ લખવાનું કે આપત્ર મી. હરજી લધા રામાણીની સહી વગેરેનો નથી. તેમ ફકત મંડળનું એકલું નામ આપી "તરફથી" લખી વાળ્યું છે. તો એમ લાગે છે કે આ પત્ર કોઇ મંડળના શત્રુ તરફથી લખી અશક્તતા જાહેર કરી દીધેલી હોવી જોઇએ. એમ ધારી મારે ખુલાસો મેળવવા આ પત્ર લખવો પડયો છે કે આ પત્રનો જવાબ તેમ પહેલાનાં પત્રનો જવાબ આપશો. અગર મી. હરજીભાઇ! આપની સહીવાળો જવાબ જો મને હવે પછી નહિ મળે તો હું ધારીશ (માનીશ) કે તમોએજ (મંડલ તરફથી) એ પત્ર મને લખ્યો છે અને આપના પત્રનો જવાબ પણ મેં તમને લખ્યો છે તે તમારે નક્કી માની લેવું. તેમ જ્યાંસુધી તમો હમોને પત્ર નહિ લખો ત્યાંસુધી હમો આપને પત્ર લખનાર નથી. પેહેલ લખવામાં પણ તમે જ કરી છે. હવે ઇન્કાર પણ પ્રથમ તમો જ કરો છો, પત્ર સતસંગના હતા. ને જેથી સતપંથનો ખુલાસો સાચે થાત. પણ આપને તે પસંદ નહિ હોવાથી બંધ કરો છો. તો હમારે પણ બંધ કરવો પડે છે પણ સતપંથની ચર્ચા કાંઈ કરશો તો હમારે જવાબ લખવો પડશે, પણ કાંઈ વ્યક્તિના દોષો જાહેર કરશોને તે ખરા હશે તો હમો તમારે આડે નહિ આવીએ એ તમારે ખચીત માની લેવું. એજ.

લી. શુભેચ્છક
સૈયદ બાવાસાહેબ અહમદઅલીના
હેજંદા વાંચજો.

આટલું થયા પછીએ મજકુર મંડળે એક રજીસ્ટર કવ-રમાં બે હેંડબીલો એક ગુરૂ મંડળ ઉપરનું, ને એક શિવલાલ શેઠ ઉપરનું મને મોકલ્યા. એ હેંડબીલો છપાવેલાં હતાં ને મુળ મતલબ મચકુર મંડળના દ્વેષાગ્નિની જ્વાળા સૈયદો સાથેનો ઝેરભાવથી ભરેલી હતી. તેની પહોંચ મારે આપવી જ જોઇએ. તેથી આ પ્રમાણે પહોંચ કાર્ડમાં લખી મોકલવી.

પીરાણા તા. ૬-૬-૧૯૧૯

કચ્છી પાટીદાર જ્ઞાતી સુધારક યુવક મંડળના

સેક્રેટરી અને ઓ. સેક્રેટરી

મુ. કરાંચી

લિ. સૈયદ બાવા સાહેબ અહમદઅલી

લખવાનું કે તમારો રજીસ્ટર લેટર તેમાં બે લેટરો શે. શિવલાલ ને પીરાણા ગુરૂ મંડળના નામના હતા તે મળ્યા પણ તમોને જણાવવાનું કે તમોએ ઉધતાઇથી આવેશમાં લખી છપાવ્યા છે. પણ તે તદ્દન ખોટા છે છતાં તેનો જવાબ આપવા અમો બંધાએલા નથી. કારણ હમો ગુરૂ મંડળમાં નથી. તેમ તેના સેક્રેટરી પણ નથી. તેમ તેઓ સાથે હમારો મેળ સંબંધ નથી તો તમો પરભારા પત્ર ત્યાં મોકલશો જેથી જવાબ તેઓ આપશે. તેથી આ પત્રથી તમોને ચેતવણી આપી દીધી છે. હાલ એજ.

આ પત્રનો પ્રતિઉત્તર મજકુર મંડળે ફરી નીચે પ્રમાણે લખી પોતાની જુઠાઇની કબુલાત આપી દીધી. તે આ પ્રમાણે છે

સૈયદ બાવા સાહેબ અહમદઅલી, ખાકી

મુ. પીરાણા

લિ. શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી સુધારક યુવક મંડળ. લખવાનું કે તમારો ૬–૯–૧૯ નો લખેલો પો. કાર્ડ અમોને મળ્યો છે. જવાબમાં લખવાનું કે તમો લખો છો કે 'તમોએ જે ઉદ્ધતાઈથી છપાવ્યું છે તે તદ્દન ખોટું છે. તો તમારા મનથી ખોટું સમજતા હશો તો ખોટું. આપણે કાંઈ તકરાર કરવી નથી. તેમ તમો જવાબ આપવા બંધાએલા નથી. તો અમો તમારી પાસેથી જવાબ માગતા પણ નથી. વિશેષમાં "તમો લખો છો જે હું ગુરુમંડળનો સેક્રેટરી નથી. તેમ હમો ગુરૂ મંડળમાં પણ નથી તેમ મંડળ સાથે હમારો કાંઈ પણ સંબંધ કે મેળ પણ નથી." તો તે વાત બરાબર હશે તો પછી અમોએ તો રજીસ્ટર "ગુરુમંડળના સેક્રેટરી સૈયદ બાવા-સાહેબ મહમંદઅલીને પહોંચે" એવી રીતનું કરેલું હતું. તો જ્યારે તમો મંડળના સેક્રેટરી નથી તેમ તમારે મંડળ સાથે સંબંધ નથી. તેમ મંડળમાં નથી તો તમારે રજીસ્ટર લેવાની મતલબ શી હતી ? તો રજીસ્ટરને ને તમોને કાંઈપણ સંબંધ નથી, તો તમો સેક્રેટરી નથી. તો તમારે રજીસ્ટર લેવાનું જરૂર નહોતું તો શા માટે તમોએ રજીસ્ટર લીધું. તો તેથી તમોએ કેવા ઉદ્દેશથી રજીસ્ટર લઈને વાપસ ના કેમ મોકલી તેની અમોને કાંઇ ખબર પડતી નથી. ખેર ! તેની અમોને કાંઈ જરૂર નથી. હાલ એજ. બાકી તખત મળેથી વાત. મોક્ષ દ્વારની નકલ એક મોકલવા મહેરબાની કરશો.

લિ. શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ તરફથી સેક્રેટરી શીવલાલ કાનજીભાઈ

ઉપર પ્રમાણે મજકુર યુવક મંડળ પોતાની ખોટી વર્તણુકનો આવો મોઘમ એકરાર કરે છે 'જવાબની જરૂર નથી'

એમ કબુલ કરે છે. 'જવાબ માગે છે' વાત બાકી રાખી છે ? એમ બતાવે છે. મતલબ કોઈ પણ પાયા ઉપર ઠરી બેસતા નથી. છતાં અમારે ઉપરના પો. કાર્ડનો જવાબ આપવો જ જોઇએ. તેથી નીચે પ્રમાણે લખી મોકલ્યો છે.

પીરાણા તા. ૨૦-૬-૧૯૧૯
યુવક મંડળના સેક્રેટરી શિવલાલ કાનજી વગેરે

ઘટિત સાથે લખવાનું કે તમારા તા. ૧૪-૬-૧૯ ના પત્રના જવાબમાં મારો તા. ૬-૬-૧૯ નો પત્ર યોગ્ય જ લખેલો છે. તમારો રજીસ્ટર મારા પુરા શીરનામાનો હોવાથી લેવો પડચો. લીધા વિના વાંચી શકતે નહિ. તો મતલબ જાણવાનું મુશ્કેલ હતું. તેમ પાછો મોકલવાથી વાત ભર્મમાં રહેતી, તેમ તમોને પણ જાણવાનું મળતું નહિ કે ગુરૂ મંડળમાં કોણ કોણ છે. તે સર્વ વાતનો ખુલાસો 'પત્ર લઇ વાંચેથી' થાય. તે કારણે લેવો પડચો. તેમ તમારા પ્રેમના આકર્ષણોએ જ મને તે પત્ર લેવા દોર્યો છે. કેમકે તમો ને ગુરુમંડળના પત્રો જ ખુલાસો આપે છે, કે કોઇ સેક્રેટરી કે કોઈનું નામ આપતા નથી. છતાં તમો મારા ઉપર આકર્ષાઈ મને તમારા પત્ર મોકલવાનો ઠેકાણો ઠરાવી દીધો. તેજ કારણ મારે પત્ર લેવાનો ઠર્યો, તેમ હમો કોઈ દિવસ પણ વગર બોલાવે કે સતપંથની ચર્ચા અવળી કરનારને સીધો રસ્તો બતાવવાનાં કારણ વગર વચમાં બોલતા નથી. તે તમારી જાણમાં છતાં તમોએ હમારા ઉપર જ પત્ર મોકલ્યો. તેમ તમો હમોને પત્ર પહેલાં લખી કહી ચૂકયા છો, છતાં મારા ઉપર પત્ર મોકલ્યો. તેમ તમારા ઉદ્ધત લેખોથી હું પ્રથમથી જ વાકેફ છું કે તમો સતપંથની નિંદા ખોટી કર્યા કરો છો

તે જાણવું જોઇએ ! તેમ પત્રો પાછો વાળતાં ખોટા આક્ષેપો મૂકવા તમો કુદાકુદ કરો, તેથી પત્ર લેવાની મને ફરજ પડેલી હોવાથી લીધો છે. તમો "માંહે પોલ ઉપર ધામધુમ ઢોલ" જેવી બનાવી તમારી વર્તણુક અજાણ આગળ મોટી બતાવો છો. તો આ પત્રમાં કાંઇ નવું જુનું કરી, કે જુનું નવું કરી, કાંઈ કુદયા છો કે કેમ ? તે તો સહેજ જાણવા ઇચ્છા હોય જ. કેમકે હમો તમારી રગેરગથી વાકેફ છીએ, તેથી સહેજ હસવાનો વખત મળે, તેથી પત્ર લીધો છે.

તમો એક બુક માગો છો પણ હમારા નિયમે રૂા. ૧) થી ઓછું વી. પી. મોકલતા નથી. હાલ એજ.

દા. શુભેચ્છક સૈયદ બાવાસાહેબ અહમદઅલી 'ખાકી'

આ પત્ર લખ્યા પછી મચકુર યુવક મંડળ વાળાએ કાંઇ પત્ર લખ્યો નહિ, તેથી હમોએ જાણ્યું કે હવે એ શાંત થયાં હશે ! પણ કાંઈ નહિ.

બાર ગાઉએ બોલી બદલે, તરૂવર બદલે શાખા;
કાળાંતરે કેશ બદલે, 'પણ' લક્ષણ ના બદલે લાખા.

પોતાનો જાતીભાવ ન ગયો. તા. ૧-૭-૨૦ ના રોજ એ હેંડબીલો એમની બુદ્ધિના નમુના રૂપ ગદ્યપદ્યમાં તદ્દન ખોટાં ને મેલાંની બળો જેવાં તેઓના મુખમાંથી વહેતા બાર પડી હમારા ઉપર પોસ્ટથી મોકલી આપ્યા. ભલે, તેમણે તેમનું ચિત્ર પ્રકટ કર્યું, પણ મારે તેનો ઉત્તર તેજ ભાષામાં આપવો કે કેમ ? એ પ્રશ્ન ઉભો થયો. છતાં ! તેમ ન કરતાં કાંઇક તેઓને સતપંથની થોડી પણ ખરી રીતે પુષ્કળ માહીતી થવી જોઇએ. તેવો લેખ તેઓના જવાબમાં આપવો. ધારી આ નીચેનો પત્ર લખી રવાના કર્યો.

પીરાણા, તા. ૧૨–૭–૨૦

શ્રી કરાંચી બંદર મધે મિત્રો ! કચ્છી કણબી સુધારક યુવક મંડળ

ઘટિત સાથે લખવાનું કે આપનો એક બુક પોસ્ટમાં મોકલેલ હેંડબીલો મળ્યાં. તેમાંનો બે જુના તમારા પ્રથમનો (છપાએલાં) છે. તેની વિગત હાલ લખવાની રહેતી નથી. પણ તા. ૧-૭-૨૦ ના બે પત્રો ગદ્યપદ્યમાં છપાવેલા મળ્યા છે. ભાઇ ! તેમાં તમોએ તમારૂં તમામ બળ ખર્ચી દીધેલું છે. જગતની નજરમાં સુધરેલા દેખાડવાની હોંસમાં એક “ બાજુ ” (હિંસક વનચર પશુ ')નું અનુકરણ કર્યું છે. પણ મિત્રો ! તેમાં તેની પેઠે શેષપાવક વિના અન્ય મળવાનું નથી. કારણ આપ જો સુધારાના પ્રેમી છો, તો એમ એકલાજ મનમાં ફૂલાઈ અહંકારી ન બનો ? ‘ મદ્ધ ’ દિશા શુન્ય વિના અન્ય કાંઇ કરતું નથી. “ સુધારા ” સુધારો પ્રચલિત સમયે જગતમાં પ્રથમ પંક્તિ ભોગવી રહ્યો છે. સુધારા પ્રેમી સદ્ચારિત્રશાળી પુરુષો પવિત્ર પ્રયોગો અજમાવી રહ્યા છે. સુધારાથી જગતમાં સુલેહશાંતિના બીજરોપણ કરવા, ભૂમિ તૈયાર કરી રહેલા છે. મહાત્મા ગાંધીજી કેવા સચોટ દષ્ટાંતો તેમ અનુભવી અભ્યાસના પ્રયોગો વ્યવહારમાં ગોઠવી, મિત્રભાવ વધારવા એકત્રપણું સાચવી રહ્યા છે ને તેમ કરવા કેવા સચોટ બોધ કરી રહ્યા છે. ને એકબીજાની નિંદા અને દ્વેષ ન કરવાની પૂર્ણપણે મનાઈ કરી રહ્યા છે. ભાઇઓ ! તે પણ આપ નથી જોતા !!! અસ્તુ !

તમારે વેદમાન્ય ધર્મની ખોળ કરવાના જે ભ્રમિત ભાવો છે, તો તેમાં તેવા ભાવોને સત્યમુલક બનાવો, સ્વયંમ વેદને જુઓ,

ખરી ખોળ કરો, 'ઇર્ષા' ને 'હુંપણું' દૂર કરો. આમ ખોટી નિંદા ત્યાગો. દ્વેષના બળે ભાન ભૂલી જાઓ છો. મિત્રો ! (જેમ) સ્વપ્નામાં એકેએક 'હરીફનું' પહેરવાનું વસ્ત્ર ખેંચી લીધું ને મલકવા લાગ્યો. ખરી રીતે જોતાં જાગ્રત થયો તો પોતાને જ નગ્ન જોઇ શરમાઇ ગયો.

બીજો એક કેફી પુરુષે પીણાના ઘેનમાં શત્રુનો ભાસ થતાં ઉભો થયો. તેવામાં સમક્ષ એક દર્પણ આવી જતાં તેમાં પોતાના દૃષ્યને જોઈ તેને જ શત્રુ સમજી ક્રોધમાં ને ક્રોધમાં આકર્ષાઈ, નીચે નમી ડામર લઈ તેથી તેનું મુખ કાળું કરવા ઇચ્છી, કાચ ઉપર લગાડયું. પણ જરા હાલ્યો, તો મોઢું બીજી જગાએ ધોળું (સફેદ) જોયું. ફરી ત્યાં ડામર ચોપડી કાળુ મોઢું જોઈ મલકાઈ. મુછો ચઢાવવા મુછ પર હાથ નાખ્યો, તેવો જ જરા ડગ્યો. પણ ડામરવાળો હાથ હોવાથી તેના ગાલ ઉપર કાળો લીસોટો થયો. તે જોઈ ખુશી થઈ બોલ્યો કે, બેટમજી, બે વાર છેતર્યો પણ હવે હાથ આવ્યા છો ! કયાં જશો ? એમ કહી ડામરવાળો હાથ પોતાના જ આખા મોઢા ઉપર ફેરવ્યો. પણ કરમસંયોગે આંખમાં ડામર પડવાથી આંખ બળી; જેથી બેસી જઇ બુમરાણ કરી મુકી, તેથી ઘણા માણસો ભેગા થઇ કાળું મોઢું જોઇ પુછવા લાગ્યા, ભાઈ! તેં કાળું મોઢું કેમ કર્યું ? તેવામાં કેફ ઉતરવાથી ભાન આવતાં જોયું કે ઘણા માણસો ભેગા થઈ મારૂં મોઢું જોઈ હાંસી કરી રહ્યા છે ને 'કાળું છે, કાળું છે' તેમ કહે છે, તેનું કારણ શું ? તે તપાસવા દર્પણમાં મોઢું જોયું તે જોતાં જ લજવાઈ પસ્તાવા લાગ્યો. સમજ્યો કે સ્વહસ્તે કાળું મોઢુ થયું છે.

મિત્રો! તેમ ન થાય તેનો દૃઢ વિચાર કરી, નિંદા ને દ્વેષ ત્યાગો. નિર્મળતાથી સત્યની ખોળ કરો. જગત જ્યારે એક થવાનું ખોળે છે. તે સમે તેઓ શત્રુવટ વધારવા બળ ક્યાં વાપરો છો? વેદ જ્યારે સતપંથ ધર્મનું મંડન કરે છે, તો તમો તેનું ખંડન કરવા કમ્મર કસો છો, એ કેવી વિદ્વતા? છેક ભોળા! શુન્ય હૃદયના વિવેક ન બનો.

સતપંથમાં કોઇપણ જાતનો પક્ષપાત નથી. તમામ ઇશ્વરી વાણી કબુલ રાખી છે. દ્વેષ કોઇનો કર્યો નથી. ઇશ્વરી જ કાનૂન પ્રમાણે સુલેહ સાચવવાના તમામ પ્રયોગો આ ધર્મ-પુસ્તકોમાં છે.

એ અર્ધઉર્ધ જેવું નથી, તમે ધારો છો તેમ ભેળ-શેળીઓ નથી. મિત્રો! પક્ષાપક્ષી પાડનારા જ ખરી રીતે જગત હિતના શત્રુઓ છે, જેમાં મતામત્ ને ભેદભાવો રહેલા છે. તે જ ધર્મો ખોટા ને અવૈદિક છે.

ઇશ્વર, નોખા નોખા પાડી અનેક ધર્મ બને, માંહેમાંહે કુસંપે કરી લડે, વઢે, નિંદા કરે તેમાં પ્રસન્ન ન જ હોય! અને તેવા પંથોને ધર્મ કહેવાય જ નહિ! અને જેમાં એવી વાતો છે. તે ઈશ્વરી ધર્મ નહિ, પણ સ્વાર્થીઓની કપટજાળ છે. તેથી ભાઇઓ! હું આપને એક જગદ્હિતાર્થે ખાસ ભલા-મણ કરૂં છું. પ્રશ્નોત્તર કે કાંઈ અન્યભાવથી લખતો નથી (પણ હાં! તમારી ઇચ્છા પ્રમાણે પ્રશ્નોત્તર કરવા પણ ખુશી છીએ) આ ખાસ મારી ફરજ અદા કરવા જ તમને સુચના કરૂં છું. જેને તમો 'પીરાણાપંથે' કહો છો. તેજ ખરેખરો 'સતપંથ' છે તેની ખાતરી કરવા જગતના ઇતિહાસો તપાસો. યવન, યુનાન, યુવનાસ્ય વગેરેની ઉત્પત્તિ તપાસી જુઓ.

સેહસ્ત્રદ્વિપમાં બ્રહ્મવોશને પુજ્ય મનાતો વંશ કયાં હતો ને છે? તેમ વેદોમાં હવે જુઓ. પવિત્ર સ્થળો. શ્યામ ૧૦૦ શિઆળા રહેશે. તે કયાં સ્થળ બતાવે છે? વસિષ્ઠ, કાગભંસુડીની વાણીમાં શ્રી નિષ્કલંકીના સ્થાનકે સ્વરૂપ કયા ને કેવા વર્ણવ્યા છે? ચારે વેદ કેમ ગોઠવેલા છે? ગુપ્તદ્વારી યજ્ઞથી અધિકાર આપો. એ શું બતાવો છો? સોળ કળાવાન પુરુષ તે કયાં ઓળખાવે છે? " મહાત્મા પુરુષની ભવિષ્યવાણી તપાસો." શ્રી નિષ્કલંકીના છેવટના યુદ્ધમાં સ્થળ ને સ્વરૂપ જુઓ. તેમ અવતારોમાં દ્વાપરમાં બે અવતાર શ્રીકૃષ્ણને શ્રીબુદ્ધા થઈ ગયા છે, તો કળિયુગમાં તે બુદ્ધા અવતારની કલ્પના મિથ્યા કેમ ન કહેવી? કળિયુગમાં શ્રી નિષ્કલંકી એકલા જ છે. તો તેના સ્વરૂપ ને સ્થળની ખોળ કેમ ન કરવી? વેદ ને કુરાનમાં ભિન્નતા માનવાથી, શું કેળવણીનું ફળ પ્રાપ્ત થાય છે? ને તેમાં કેટલી વિદ્વતા રહેલી છે? વગેરે વિચાર નિખાલસ ભાવથી કરો! ખરી રીતે જોતાં ખરી વિદ્વતા શેમાં છે? આમ નાહક ફોકટ ઝગડા મચાવી પવિત્ર માર્ગથી ચલિત થઇ, પોતે ખાડામાં પડી અન્યને તે તરફ આકર્ષી તેમને પણ ભવ બગાડવામાં ભાઈઓ કાંઇ સાર નથી.

મારા આ પત્રોને પિત્તો મારી શાંત ચિત્તથી સારાસારના વિચાર સાથે વાંચી, વંચાવી, તેનો તમોએ કેવો ભાવ ગ્રહણ કર્યો છે! તેનો જવાબ લખજો.

મિત્રો! વ્યક્તિદોષોથી ધર્મને ખોટો કોઈ સાધારણ સમજવાનો પણ ન કહે, ને તમારે જો સુધારો કરવો છે તો ભાઇ સતપંથ શાસ્ત્રો પ્રમાણે સત્ય હિંમત રાખી આવો. આપણે આપણી સતપંથી આલમને શાંતિએથી વિનવીએ,

ફાંટાવાળા કરીએ. ને તેમને તેમની ભૂલો વિનયથી સમજાવી દૂર કરાવીએ. આમ સત્ય માર્ગ તજાયો ન જાય ? સુધારકના ડોળે કુધારો ન ઘલાય ? જગતમાં તમો સતપંથની આજ્ઞાનુસાર સુધારો કરો, જુઓ ! પછી જગતમાં કેવા સુલેહશાંતિના દૃશ્યો દૃષ્ટિગોચર થાય છે ?

આમ તો ૧૬૦૦૦ ધર્મોમાં (ફાંટાઓમાં) ૧૬૦૦૧ મો વધારે કરવા પ્રયત્નો કરો છો, તેથી દ્વેષ મુલકમાં વધારો થશે.

આપનો એક લેખ "સદ્ગોર શું નહિ જાગે ? તે પ્રશ્ન કાંઇ ગર્ભિત ભાવથી છપાવ્યો છે. પણ આપના આ લેખમાં જે ઉદ્ગારો પ્રકટ કરે છે, તે કાંઈ નવા નથી. તેમ આપ પણ જાણતા હશો કે આ પ્રમાણે પ્રેહલાદ આદિ ભક્તોને મહેણાં દેનારાઓ આમ જ બોલતા હતા ! આવા ઉચ્ચારોથી જે અસર પ્રેહલાદ આદિને થઈ હતી તેટલી જ અસર સતપંથી આલમને થવાની અને જેનો બદલો પ્રેહલાદ વગેરે ભક્તોના પ્રતિપક્ષીઓને મળ્યો છે. તેવો જ સતપંથના પ્રતિપક્ષીઓને મળવાનો છે. અસ્તુ !

મિત્રો ! જરૂરથી બે ત્રણ વાર મિટિંગો મેળવજો ને તેથી પણ વધારે જરૂર પડે તો મિટિંગો મેળવી આ પત્રનો સત્યસાર ગ્રહણ કરી, પછી જેમ તમારા મંડળના ભાવો ઉદ્ભવે તેવો અહેવાલ પુરી રીતે પત્રમાં લખી જણાવી આભારી કરશોજી.

આ પત્રમાં જે જે વાર્તા લખી છે તેના પ્રમાણો વેદોક્ત ને શાસ્ત્રોક્ત છે. આપને જે વાત વેદ ને શાસ્ત્ર વિરૂદ્ધની લાગે ને તમો ન જાણતા હોવ તો, તથા વેદ ને શાસ્ત્રોમાં તમને ન

માલમ પડે તો તે વાત ખુશીથી પુછી લેશો તો લખી જણાવીશું. પણ ભાઇ! ઉતાવળીઆ થાતા નહિ! હાલ એજ.

લિ. શુભેચ્છક

સૈયદ બાવાસાહેબ અહમદઅલી 'બાકી'

ના હેજંદા વાંચજો.

ઉપરના પત્રના જવાબની વાટ ઘણી જોઇ, જવાબ ના આવવાથી તેમ મિત્ર રત્નસિંહ શિવજી રવાપુરવાલાનો કરાંચીમાંથી કયાર્ડ આવી લેખવાલો આવ્યો.

કરાંચી તા. ૧૪-૯-૨૦

શ્રીમાન

સૈયદ બાવાસાહેબ અહમદઅલી જોગ

જત લખવાનું કે તમારો કૃપા પત્ર મને કાલ રોજે મલ્યો, તે વાંચીને સમાજના સેક્રેટરી અને પ્રમુખને હું મલ્યો ને કહ્યું કે તમે સૈયદ બાવા સાહેબને કાગળ લખશો પણ તેને પોતો નથી તેથી તમો બીજી વખતે લખી મોકલો તો તે જવાબ આપે. એમ મેં કહ્યું, ત્યારે તેણે કહ્યું કે અમો એવા નવરા નથી કે રોજરોજ બાવા સાહેબને કાગળ લખતા રહીએ. પોતે તપાસ કરીને જો તે કાગળ મેલવીને વાંચી લે તો ભલે નહી તો તે જાણે. અમારી તો લખે છે બલાય. એ સાંભળી તેમને એકદમ ગુસ્સો આવ્યો. વગેરે મતલબ છે.

દા. રત્ન શી.

આ પત્રનો જવાબ હમોએ નીચે પ્રમાણે લખી મોકલ્યો.

ૐ તા. ૨૧-૯-૨૦

શ્રી-કરાંચી બંદર મધે સર્વ ગુણ સંપુરણ પવિત્ર મિત્ર આપનો તા. ૧૪-૯-૨૦ નો પત્ર મલ્યો, વાંચી મલવા જેટલો સંતોષ થયો. આપ યુવક મંડલને કહેવા ગયા અને તેઓએ ઉદ્ધત જવાબ આપને આપ્યો તેથી એ લોકોની લુચ્ચાઇ દેખાએ છે. નહિતો તમો લખો છો તેવો ઉદ્ધત જવાબ આપેજ નહિ. કેમકે હમો એ દિવસથી પીરાણે આવી પત્રની તપાસ કરી પણ બિલકુલ આવ્યોજ નથી. ને એ લોકોએ તમોને તદ્દન ખોટું જ કહ્યું છે કે, "હમોએ બાવાસાહેબ ને જવાબ લખ્યો છે." જો જવાબ લખ્યો હોત તો પત્ર આકાશમાં ! કે પાતાલમાં ! ક્યાં જતો રહે તે ? ખેર ! તેનું કાંઈ નહિ. પત્ર ના લખે તો તેમની મરજી. એ લોકો બાના ખોળતા ને સંતાઈ જતા બહુ શિખ્યા છે. મારે તમોને ખરી ખબર આપવીજ જોઇએ. ને તમોને તેઓની વર્તણુક ને ખોટા દિલાસા આપેલા પ્રગટ થવાજ પત્ર લખ્યો છે. મારે તો ફકત તેઓની તર્ક શક્તિ ને જ્ઞાનના બળથી વાકિફ થવાજ પત્ર વ્યવહાર રાખવો પડે છે. નહિતો મને બીજો કાંઇ એથી લાભ નથી. હું જાણું છું કે (કાચે ઘડે નીર નાં રહે) મીથ્યા માથાકુટ ન કરૂં પણ સત્પંથ મને તેમ કરવા પ્રેરે છે. હાલ એજ લી. શુભેચ્છક.

સૈયદ બાવાસાહેબ અહમદઅલીનાં હેજંદા વાંચજો.

મુ. પીરાણા

પો. ગીરમથા. ડી. અહમદાબાદ.

ઉપરનાં પત્રનો જવાબ મી. રત્નસિંહ શિવજીનો નીચે પ્રમાણે આવ્યો.

કરાંચી, તા. ૨૬

શ્રીમાન

પુજ્ય સૈયદ બાવાસાહેબ અહેમદઅલી જોગ
મુ. પીરાણા

વીનંતી કે આપનો પ્રેમથી ભરેલો પત્ર મને મલ્યો, તે વાંચી મલવા સમાન સંતોસ જોકે કોઇ નથી પણ દીલમાં આનંદ થયો છે. બાદ તમો લખો છો કે તે લોકો ખોટા બાના બતાવે છે તો હવેથી મને પણ તેઓના ઉપર શક આવે છે કે ખરેખર તેઓ સત્યવક્તા છે નહિ. કારણકે જો તેઓએ પત્ર લખ્યો હોય તો તેની નકલ જરૂરથી રાખે. પણ મીત્રમંડલનાં સેક્રેટરી ને પ્રમુખ અમદાવાદ આવેલ છે તેથી મેં તેના જોઇંટ સેક્રેટરી ને જરા મિત્ર ભાવથી પુછી જોયું તો તેણે ઘણી તપાસ કરી પણ બીજી નકલુ પડેલી છે તેમાં તે નકલ બીલકુલ મલીજ નહી. પછે તો ખુદા જાણે કે કઈ વાત સત્ય છે. બાકી તે લોકોની દર શનીવારે તેની લાયબ્રેરીમાં મીંટીંગ ભરાએ છે તો તે મુજબ કાલ રોજે ભરાણી હતી. તેમાં તેનો અમદાવાદનો પત્ર સેક્રેટરીનાં હાથનો લખેલ હતો, તેમાં લખ્યું છે કે રીપોર્ટ ગણો સારો થશે. ભાષણો ઉત્તમ શૈલીથી લખાણા છે, એવું વીગેરે લખેલ હતું.

લી. રત્ન શી. શીવજી

ઉપરનો પત્ર મિત્ર રત્નસિંહનો આવ્યા બાદ કેટલેક દિવસે એટલે તા. ૧૫-૧૦-૨૦ ના રોજ એક પારસલ બુક પોસ્ટથી રીપોર્ટ કરાંચીમાં મંડલની તા. ૮-૮-૧૯૨૦ ની પરિષદનો મલ્યો. તેમાં એ લોકોની યોગ્યતા તેઓનીજ પ્રતક્ષ સનમુખ લાવવાનાં ભાવે નીચેનો પત્ર લખી જવાબ મંગાવ્યો.

ૐ

તા. ૧૬-૧૦ ૨૦
મુ. પીરાણા

કરાંચી કચ્છી કણબી સુધારક યુવક મંડલ
અને રેવાનંદજી જોગ

જત લખવાનું કે આપનો તા. ૮-૮-૨૦ની સભાનો રિપોર્ટ તમારો મોકલેલ મલ્યો વાંચી વિગત જાણી. મંડલના મિત્રો આપના સર્વ લેખો એક "ઈર્ષા"ના મુદ્દા ઉપર રચાએલા છે. પડદા પાછળનો કપટ તો નાટક જેવો છે! જેમ પુતળીયોની રમત મદારીની દોરીનો આધાર રાખે છે તેમ આપની સ્થિતિ ગુંચવણમાં રહેલી છે.

આપની સભામાં ભાષણો જે થયા તેજ ભાષણોના કર્તાઓને મારે આટલું જ પુછવું છે કે, આપે જે વિષયો ચર્ચાવ્યા છે તેની મતલબ આપ જાણો છો? એ વિષે રૂબરૂમાં સમજાવી શકશો? અને તે બદલ પ્રથમ હું જે કાંઈ આપના રિપોર્ટનો ખુલાશો માંગુ તે બતાવવા મહેરબાની કરશો?

સ્વાગત મંડળનાં પ્રમુખ પા. નાનજીભાઈ! આપે આપેલુ ભાષણ આપે સ્વતંત્ર સ્વમતેજ પ્રકાશેલું છે? આપે કણબીને પશુ લખ્યા! તો તમો પણ પશુ કે નહિ? ભલા! આપે વિદ્યાઅભ્યાસ કેટલો! કઇ શાળામાં કર્યો છે? આપ ધર્મજ્ઞાનના ભોમિયા છો? કયા કયા શાસ્ત્રો જોયા છે? આપે જે આપના ભાષણમાં પ્રમાણ તરીકે "શાસ્ત્રો" એવું નામ કહો છો તે વાચતાં આવડે છે? ને તેને ઓળખો છો? ભાઈ! એ જાણવા ઉમંગી થયો છું કે, જે માણસ (મારી જાણ પ્રમાણે) "કક્કાનો શત્રુ" તે આજ શાસ્ત્રોના નામનો પુરાવો આપે છે!?

તો તેમાં ખરૂં શું છે? પોતે શીખીને બોલે છે, કે કોઇએ બનાવ્યો છે? ન્યાય આપનાર ધયઢેરાઓ આપને સ્વછંદી ન રહેવા દે ને તેથી નાત બાર મૂકે તેમાં કોનો દોષ? ધર્મ-સંબંધી જ્ઞાન સાથી, કેટલું, ક્યાંથી પામ્યા છે? જ્ઞાન જ્હેર ભાવમાં કે સંપમાં રહેલું છે?

મંડલના સેક્રેટરી સેવજી કાનજી! આપ વિદ્વાન કોને માનો છો? અનુભવી કેવો? અનેકોનો અનુભવ કરનારને કહો છો? આપે રાજા સમજીને વિદ્વાનનું વિશેષણ આપ્યું તે તો ભલે! પણ તેની યોગ્યતાની પરીક્ષા કેવી લીધી છે? અને તેઓએ કેટલા વેદવેદાંતોનો અભ્યાસ કર્યો છે? તે સર્વ પ્રગટ કરશો, જેથી આપની અને એમની યોગ્યતા પ્રકાશને પામશે. આવા લેખો અન્ય હાથે લખાવેથી પોલ સર્વ પ્રગટ થાય છે તે આપે અવશ્ય યાદ રાખવું.

ભાઇ રાજા સામજીને સભાના પ્રમુખ શોધી તેમના યશોગાન ગવાયા, તેને નારણ રામજીએ પુષ્ટી આપી, પણ તેને તો રાજાભાઇએજ મિથ્યાભિમાન વધારનારી કહી. રાજાભાઈ પોતાની જ્ઞાતિ પશુની જાહેર કરે છે! તેમ પોતાને જ નાલાયક કબુલ કરે છે! તો અન્ય જનોએ ખરૂં શું માનવું? ખુશામતિયા બોલતા હોય તે? કે માલિક પોતે કબુલતો હોય તે? રિપોર્ટનો લેખ પારકા હાથે લખાવી "આ લેખ" મેં લખ્યો એવી સફાઇ મારો, તેથી સફાઈ ટકી શકે જ નહિ.

રાજા સામજીભાઇ! આપની વિદ્વતાનો પાઠ આપે ભજવ્યો છે? કે અન્ય વ્યક્તિ કને લેખ તૈયાર કરાવ્યો છે? "ઇશ્વરી વાણી"ની સબળતાની પરિક્ષા શું હશે? ધર્મ જ્ઞાનના શાસ્ત્રો

કેટલા છે? ને કયા કયાનો અભ્યાસ કેટલો, કેટલો કર્યો છે? શાસ્ત્રોના નામો આવડે છે? ઇશ્વરી વાણીને ન માનનાર કેવો જાણવો? પ્રેતભોજન વિષયમાં આપે સર્વ શાસ્ત્રો જોયા છે? ને તે સર્વના નામ આવડે છે? પુન્ય કરનારને પાપ લાગે છે? જેને પવિત્ર પુરૂષ કહ્યા માન્યા પછી તેમના વચનોનો અનાદર કરનાર કેવો લેખાએ? તમારા બાપ કોઈ દહાડોએ ઘચડેરાઈ કરવા ગયા હતા? તમો ક્યારેએ ઘચડેરાઇએ ગયા છો? કયા કયા કિલ ચુકવ્યા છે? જે માણસમાં જે કામની લાયકાત ન હોય ને તે કામ કરે તો તેને કેવો ગણવો? જ્ઞાતી તેને બહિષ્કાર કરે છે તે પુરૂષો કેવા હોય છે?

રતનસિંહ કૃષ્ણ! તમારૂ લખેલ 'આખ્યાન' "ખોટુ છે એમ કહો છો," તો લખનારને કેવો માનવો?

ખેતા ડોસાભાઈ! ટેકો આપો છો તો ભલે! પણ પોતાનું પોત પ્રથમ સાચવવું જોઇતું હતું! જેટલું જ્ઞાન હોય તેટલું જ બોલીચે ને તેટલી જ વાત પોતાના નામથી છપાવવા આપીએ. આપે (પુરાણોમાં) 'વેદશાસ્ત્રો' એટલા જ શબ્દો આપ્યા છે, વેદોના નામ, શાસ્ત્રોના નામ ખુલાશાવાર આપી શકયા નથી તેનું તો કાંઇ નહિ! પણ આપે તે વાંચ્યા છે? અરે આંખોએ પણ જોયા છે? તમે આખી પૃથ્વીની વિવાહ વિધિએ. તે પણ યુરોપિયન ધર્મ રૂઢીએ પસંદ કરી, તેમાં તો તમારી જાતના મુખ્યાર છો, પણ એથી સનાતનપણુ તમારૂ કેમ ટળી જતુ નથી? તમોએ યુરોપિયન ધર્મવિધિએ કેટલા લગ્ન કર્યા છે? અને એવું માનનારાઓને ધર્મ વિરૂદ્ધના કેમ ના માનવા?

ભાણજી ડાહ્યાભાઈ! તમારી ગાએલી લાવણી તો ખાસી છે!" સાગર જ્ઞાતીને મુકીભર લફંગાઓ મુળ ધર્મ ધારા

બદલવા અને કુધારા ઘાલવા ધર્મ સાચો ઠરાવે છે.” તેજ વાત ખરી છે. પણ ‘વેદ કહી બતાવે છે’ એ વિના બીજુ આપે લખ્યું તે વેદ વાંચી લખ્યું છે? કે કોઇને હાથે મોઢું ધોવરાવ્યું છે! સાચું બતાવજો! આપને વેદ વાચતાં આવડે છે?

નાથાભાઈ શીવજી! જ્ઞાતી ભોજનને આપની દુર્દશાનું પરિણામ ગણી ઉંઘમાંથી જાગી ઉઠી નાઠયા છો! ને કરાંચી પહોંચ્યા તોએ તે ભય હૃદયમાંથી ગયો નથી તે તો ઠીક! પણ તમોએ જ્ઞાતીએ કરેલા જમણો કેટલા જમ્યા છો? ને તમારે ઘેર કેટલા જમણો કર્યા છે? વાતો તો તમે ગમેતેમ લખાવો પણ તેમાં શાસ્ત્રો એવું નામ મોધમ ન લો. પવિત્ર કાર્યને શાસ્ત્ર કદી બંધ કરતું જ નથી. આપનું પોકલ એથી ઉઘડી જાએ છે. હમો આપને ઓળખીયે છીએ કે કેટલા વિદ્વાન છો! પણ અભણ લોકોમાં કિંમત થઈ જશે, નાને મોઢે મોટી વાત ન શોભે. ગરૂડ પુરાણ વિના અન્ય શાસ્ત્રો નથી? તમે ગરૂડ પુરાણ પણ વાચ્યું છે! ભાઈ! કોઇને મોઢે બોલી પોતાની ફજેતી ન કરો. આ હેતું તરીકેની મારી શિખામણ યાદ રાખજો.

ભાઈ વિશ્રામ પાંચા! આપજે કેળવણીના ઠરાવ રજુ કરો છો તે તો એ વાતને ધન્યવાદ આપવા સમાન છે, પણ એ વાત તો કોઈ વિદ્વાનના મોઢે સારી ચર્ચાએ, એતો કેળવાએલાનો જ હક્ક છે. તમો પોતાને ઈર્ષાખોર કબુલ કર્તા જાઓ છો ને કેળવણીનો પ્રચાર કરાવવા માંગો છો એટલે તમારી પેઠે ઈર્ષા કરતા શિખે! તેવી કેળવણી અપાવવી છે! કે બીજી? તમોને તમારી અયોગ્યતાને લીધે. રાજ્ય કર્મચારિયોના પગરખા આગળે બેશવા નહિ મળતું હોય, તેમાં સમગ્ર જ્ઞાતીને કેમ સંડોવો છો? ઘણા લાયક પુરૂષો રાજ્ય કર્મચારિ-

ચોની સાથે મુલાકાત લે છે તે વખતે તેમને તેમના ચોગ્યતા પ્રમાણે કુરશી વગેરે આશનો રાજ્યદુતો આજ્ઞાએથી આપે છે. અરે પૃથ્વીંદ્ર શ્રી મહારાજા સાહેબ પોતે પણ તેવા પુરૂષોને પોતાના પુત્ર તુલ્યહેતથી બોલાવે છે. આપ જે બોલ્યા છો તે આપની ઈર્ષાનું પરિણામ દેખાડયું છે.

ખેતાડોસા ભાઈ, ટકો આપતાં કહે છે કે તમો કોઇએ કેળવણી લીધી નથી, એટલે તમો મુર્ખાએ સભા કરી છે. "એવી તમો પોતે" પોતાની કિંમત આંકતા આગળ વધી જાઓ ને પાછળ તમારી ચેષ્ટા અન્યજનો એવી જ કરે ! તેમાં કોનો દોષ ?

નારણ રામજી એક ઠરાવ રજુ કરતાં જાહેર કરે છે કે "આ ઠરાવ અન્ય એક માણસ રજુ કરનાર હતો પણ તેણે એ ઠરાવ રજુ કરવાની ના કહી તો હું રજુ કરૂં છું." ભાઇ ! એટલુ ટુંકુંજ સા વાસ્તે કહો છો ! ખરૂંજ કહેને કે "આ સર્વ પ્રપંચનો રચનાર હું છું. બિચારા ભોળા હૃદયના નપાપી માણસોને મેં ઠગી મારા પંજામાં લેઇ ચકડોલે ચડાવ્યા છે, તેમાં એક સમજી ગયો તો મારા ફરેબમાંથી છટકયો ! તો તે કામ મારે બજાવવું પડયું, કેમકે આટલું ખાલુ પડતું હતું બીજો કોઇ ન મલ્યો અને જેઓ છટકી શકયા નહિ તે મારા સાથી છે." બીજા બાના શા વાસ્તે બતાવો છો ! ખરૂં જ કહી દેશો કે ?

શીવજી કાનજી ભાઇ ! "ઘુવડને અંધારૂં વ્હાલું" જ્ઞાતી ન્યાય ખાતર દંડ વગેરે શાસન આપે તે કામ જ્ઞાતીનાં આગેવાનો (ઘયઢેરાઓ) કરે છે. દરેક ગામમાં શાસન કર્તાઓ એક કે વધારે (ઘયઢેરા મુખી, પટેલો) હોય છે. તે ઉપરાંત

તાલુકાઓમાં, જીલ્લાઓમાં, દેશોમાં, મુલ્કોમાં, આખા રાજ્યમાં, અરે! બધા રાજ્યોમાં, અને એથી અધિક પૃથ્વી, આકાશ ને પાતાલ સર્વનો પણ એક શાસન કર્તા છે. તે આપ સ્વછંદિ-યોને ન જ ગમે. ડાકુ, ચોર, લુચ્ચા, ઠગારા, ધુતારાઓ તે સત્તા ઉખેડી નાખવા માંગે છે. પણ ધીરા! ભાઇ! ધીરા' એ ઇશ્વરી સત્તા છે પરમાત્માની કૃતી છે તે તમારા જેવા સ્વછંદિએ ઉખેડવા નખ ભેરવે છે પણ યાદ રાખજો આંગળીયોથી નખ નોખા થઈ જશે તોએ એ અખંડ સત્તા કદી ટૂટનાર નથી. નાતનાં આગેવાનો કદી એક સરખા હોય નહિ, અપવાદ ખાતર કદી કોઈ ટૂંકી દ્રષ્ટિનો હોય તેથી સર્વ સરખા લેખાએજ નહિ. તેઓ પૈસા પેદા કરનાર નાત વેપારી નથી, પણ ન્યાયી છે. આપની જ આંખો ધૂઓ પછી જૂઓ! વીરાણીમાં ધય ઢેરાઓ જ્ઞાતી હિતની ખાતર પુત્રવત્ત સમજી તમોને શિખામણ દેવા આવેલા, પણ તેમની શાકર જેવી વાણી આપને ઝેર થઈ પડી તેમાં તેમનો કેવો દોષ? પવિત્ર પુરૂષ પરમાર્થે ગામમાં જતા હોય ને તેમને અજાણ્યા જોઈ તે ગામના કુતરાઓ ઈર્ષા ભાવે તેમની સામે ડાંઉં, ડાંઉં, કરતા ભસતા આવે તેથી કાંઈ તેવા મહાત્માઓનું અપમાન થયું કહેવાએ નહિ. કુતરાઓએ પોતાનો સ્વભાવ દેખાડયો લેખાએ. પણ આજુબાજુના સુજનો તેના કુતરાઓને 'હડધુત' કરી હાંકી મૂકે છે. ભાઈ! તેજ ગતી આપની થઇ છે, સમગ્ર જ્ઞાતિમાંથી 'હડધુત' થઇ હુંકાયા છો. (કમળાના રોગવાળો) પીળું જુવે તેમ તમારા ભાવો બીજામાં જૂઓ છો, તેથી જ ધયઢેરાઓને આવા અપવિત્ર વચનોથી સંભારો છો! તમારૂં આખુંયે મંડળ એકસરખું છે. કેમકે બદ્ધા તમો એજ દુઃખે જ્ઞાતીમાંથી 'હડધુત' થયેલા ભેગા થઇ સૂર્ય ઉપર ધૂળ નાખવા પ્રયત્ન કરી રહ્યા છો.

જ્ઞાતી વેદ વાક્યાનુસારે ચાલે છે, પણ તમોને જ વેદ વાક્ય ગમતા નથી. તમો પોતાને વેદોક્ત માનો છો પણ ભાઈ! સ્વપ્નમાંએ વેદ સાંભળ્યો છે?

નાનજી વિશ્રામભાઈ! શાબાશ! આખી જ્ઞાતી ઘચઢેરા સુદ્ધાંત જ્ઞાતી બાર રાખનાર વીરપુરૂષ! શાબાશ! હદ કરી! તમે તો તે કામમાં ભેળા છો ને પછી ખાત્રી શેની? "કે ટોળુ ખાઇ પીને ઘચઢેરા વાંસે જ પડ્યું છે."

રત્નસિંહ ખીમજીભાઈ! આખી જ્ઞાતીનાં ઘચઢેરાઓને જે અપશબ્દોથી સંબોધો છો તેનું કારણ એ છે કે, "ફરતો માણસ પૃથ્વીને ફરતી જૂએ." તે જ ન્યાએ પોતાની જે હડકવા છે તે ઘચઢેરા ઉપર નાખો છો. તમો પોતાને સ્વછંદી ફરવાની હડકવા છે તેથી તેમાં અંતરાએ પાડનાર ઘચઢેરાઓને હડકાયા કહો છો. ભાઇ! એ વાયરો તો તમોને ભરાયો છે તેથી વ્હેલાસર ચેતો અને "કસોલી" પોહોંચો તો હજુએ સારૂં થશે, નહિ તો હડકવાનાં રોગથી વગર મોતે મરાએ છે. ભાઇ! આપનો વાછડીનો દ્રષ્ટાંત વ્યાજબી છે ફક્ત આપે તેની દિશા બદલી છે પણ એનું સત્ય સ્વરૂપ આ છે. "જ્ઞાતી અને જ્ઞાતી સ્વધર્મ એ ગાએ છે, જ્ઞાતી પુત્રોને અનુયાયિયો તેના વાછરડાં રૂપ છે, અન્ય વેષધારી ધૂર્તો બળધ છે તેથી વાછરડા ભૂલમાં પડી એવા વેષધારી ધૂર્તો પાસે જતાં ઈર્ષા ભાવમાં દોરાઈને કે પૂર્વના પાપે કરી સત્પંથની નિંદ્રા (રૂપીલાંતો)નાં પ્રહારોથી વાછરડા વિમુખ કરી (મોડા સૂજાવી=ફેરાવી) દીધા છે, તે વાછરડા હવે જ્ઞાતી અને ધર્મ જોઈને ભડકી જ્ઞાતી અને ધર્મની નિંદ્રાએ વળગ્યા છે." એવી વાતો તો આપનેજ વિચારવાની

છે, આપેજ સમજ લેવી જોઈતી હતી! સમજો! સમજો! નિંદ્રા ખોરને શું કહેશો! વેદધર્મ જે સત્પંથ છે તેના વિરોધિયોને કેવા માનશો?

ભાણજી ડાહ્યાભાઈ! આપની સ્વમત પ્રતિબંધની કાપલી જે આપે રિપોર્ટમાં છપાવેલી છે, તેમાં "હજારો જીવ સૈયદો મારે છે" એમ લખો છો તે જરા આપ મેહેરબાની કરી એક જીવ મારનાર સાબીત કરી જાશો? ધુતારાઓનાં ભોગ ન થાઓ! જે અન્ય લુચ્ચાઓની કેહણીએ રહી જૂઠ બોલવા લાગી જાએ છે તે માંણસ કેવો કહેવાય છે? રેવાનંદજીભાઈ, આપે સનાતન ધર્મની લાગણી દેખાડવા ઘણો પરીશ્રમ વેઠયો છે' એમ દેખાડવા પ્રયત્ન કર્યો છે તે સમજુ અને જ્ઞાનીજનો સમક્ષ છાનો નહિ રહે. મિત્ર! સનાતનપણુ મનુષ્ય જાતીમાં ઝેર ઉભવનાર હોય છે? સનાતનપણુ મનુષ્ય જાતીનાં ધર્મની નિંદ્રા કરાવનાર હોય છે! સનાતનપણું અહેંભાવ વધારનાર હોય છે? કે સનાતનપણુ ભગવા લુઘડા પહેરી લોકોને ભરમાવી ઠગવામાં હોય છે! કે સેમાં હોય છે! વેદ આજ્ઞા પ્રમાણે ચાલનાર તમને ન ગમે તો ગમશે કોણ? સત્પંથિયો વેદોક્ત ક્રિયા ચાર પ્રમાણે વર્તે છે, વેદાજ્ઞા પ્રમાણે ઉપાસના વગેરે ક્રમજ્ઞાન સાચવે છે તેને સનાતન ધર્મથી ચૂકેલા કહો છો! શાબાસ છે! ભગવા લુઘડાનો વેષ ધારણ કરનાર! શાબાસ! તમો પોતાનાં સ્વભાવ પ્રમાણે પોતાનું દશ્ય દર્પણમાં જોઇનેજ રિપોર્ટમાં બરાબર ચિતર્યું છે. "આંધળાઓ આપે જે લેખમાં બતાવ્યા છે તેજ જ્ઞાતી અને ધર્મ વિરૂદ્ધ પડનારા સત્પંથ ધર્મથી અજ્ઞાત (જ્ઞાનની આંખો વગેરેના, અહેંભાવી, અહંકારી) આંધળાઓને જ્ઞાતીએ બહિસ્કૃત કરેલા છે. ઠગ જે બતાવો છો! તે આપ

જેવા દેસારણુ કરનારા વેષધારી (એકમેકને વઢાડી મારવનારા, સંભાવ વગરના દૂંઠ દ્રષ્ટીના, નામ છંદ કરી બેહેકાવનાર વેષકારો, અજ્ઞાની ભક્તો, જ્ઞાની બનવાના ખોટા મોહમાં ફસાએલા, માન મસ્તાના ઈચ્છિનારાઓ, સાધુઓ છે. 'આંધળાઓને સમજાવવા આવનારા જે ગામ લોકો બતાવ્યા છે તે જ્ઞાતીના મનુષ્યો છે આપ જેવાઓએ તેઓનું સર્વસ લઇ પથ્થરા ઝલાવ્યા છે. (તે આવી સભાઓ ભરી નિંદ્રા ભર્યા રિપોર્ટો છપાવી ફેંકે છે) એ જ્ઞાતી જનો ઉપર નખાવો છો, તેમ તેઓના હિતેચ્છુઓને પણ ભૂલવા દેતા નથી કે તેઓની પાસે જઇ શકે નહિ કે તેઓને રસ્તે લાવી શકે? ને જેથી આપ જેવાઓ ધાર્યું થાએ. રેવાનંદજી! આપે ખુબ બનાવી છે! પણ યાદ રાખજો આવી કપટ જાળ ભગવા વેષ ધારીને શોભે નહિ. વેદ ધર્મથી આપ અજ્ઞાત હોવાથી ખોટો દાવો કરતાં સરમાવવું જોઇએ. મહાપુરૂષો કેવા સંપના માર્ગો ખોળી, ખોળી ઉઘાડે છે, ત્યારે ચંડાળ ધૂર્તજનો વઢાડી મારવાના માર્ગો બનાવે છે, જ્હેરખાર પડે તેવા રસ્તા ઉભા કરે છે, માંહેમાંહે દ્રેષાગ્ની પ્રજલિત કરાવે છે, આવા દુષ્ટફળ કરનારને સાધુ કહેવા કે શ્યેતાન?

મિત્રો! મારે ઉપરના રિપોર્ટનો ખુલાશો મેળવવાનો સારરૂપ છે તેથી જરા શાન્ત ભાવરાખી સર્વ મેમ્બરોએ પોતપોતાના તરફનો નોખો, નોખો ખુલાશો આપવા કૃપા કરવી. જેથી આપના રિપોર્ટનો ખરો ખુલાશો થઈ જશે, અને ખરી પ્રતીષ્ટા જગજાહેર થઈ જશે. હાલએજ વિશેષ આપના જવાબ બાદ. શાન્તી: શાન્તી: શાન્તી:

લી. શુભેચ્છક સૈયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી)

રવાના કર્યા તારીખ ૨૯–૧૦–૨૦ (કારણ મારે અમદાવાદ રોકાઈ જવાનું થયુ ને પત્ર લખેલો પીરાણે રહી ગયો. તેથી આજ આવી રવાના કર્યો છે.)

સંવત ૧૯૭૫માં એક બળેલા હૃદયનાં એ સત્પંથની નિંદા કરવાની મોજમાં સપડાઇ પદ્યમાં (કવ્વાલી) લેખ છુટો હેન્ડ બીલ છપાવ્યો હતો. તેનો જ જવાબ પ્રશ્નો સાથે તેજ વખત છપાવી, જ્યાંથી પ્રગટ થયો હતો (સુરત), ત્યાં જઈ, વહેંચી દીધેલો. પણ છુટા હેન્ડ બીલમાં હતો. તેથી તેની તેની યાદી કાયમ રહે. અને દ્વેષિયોની ને સત્પંથીયોની નજરે આવતો રહે તેથી એ લેખ ફરી આ બુકમાં લેવામાં આવ્યો છે. તે નીચે પ્રમાણે.

ૐ

તા. ૧૮–૧૨–૧૯૨૧.
મુ. પીરાણા

કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડલ જોગ
મુ. કરાંચી.

મહાશયો ! આપનો કચ્છ નિવાસી પાટીદારો ઉપરનો ખુલ્લો પત્ર તા. ૧૩–૧૧–૧૯૨૧ નો છપાવી મોકલેલો, તેની એક નકલ મને આપના તરફથી મોકલેલ આજ રોજ મલી તે વાંચી. તેમાં જે તમારી જ્ઞાતિને જેમ ફાવે તેમ બોલવાની આપે લાયકાત મેળવેલી હશે ? કે નહિ ? તે જોવાનું તમારી જ્ઞાતિને છે. પણ મારે તો પત્રની ચોખવટરૂપ કાંઇ આપને જાહેર કરવું જોઇએ જ. કારણ આપે જ્યારે મને હેતે કરી શંભારી પત્ર મોકલ્યો ! તો મારે વિવેક શુન્ય નજ થવું જોઇએ.

આપ જેને તમારી 'પોતાની જ્ઞાતિ છે,' એવું સંબોધી લખો છો! તે અખંડ જ્ઞાતિ તો પોતાને "લેવુવા" લખે છે, માને અને જાહેર કરે છે, ત્યારે આપ પોતાને 'કડવા' કરાવો છો! મિત્રો! એ તો ખુલ્લી વર્ણ સંકરતા થઈ!! અફશોસ! આપ જો એ વર્ણસંકરપણું જ્યાં સુધી ન મટાડી શકો; ત્યાં સુધી આપને કપાળે જ મેંશનો ચાંદલો રહેશે. ને જગત આપને વર્ણસંકર કહેશે જ.

ધર્મ અને નિતિ, રીતીનો મહાન બોજો ઉછાંછલા યુવકો કદીપણ સહન કરી શકે જ નહિ. તેલાયક થવાને તો બુદ્ધિ અને જ્ઞાને વૃદ્ધ થવું જોઇએ. આપનું યુવકપણું જ્યાં સુધી રહેશે ત્યાં સુધી શયેતાની ધીંગા મસ્તી અને ખોટા ટાએલાઓ ટાળી શકનાર જ નથી. આપે જે હામ સત્પંથ સુધારવા ભીડી છે! તેમજ ઇચ્છો છો? ને તે પૂરા પ્રેમે? આપ એ સત્ય રીતે કહેતા હોવ તો પ્રથમ સત્પંથી થઈ સહન શક્તિ, ક્ષમા, નર્માઈ શિખો. દ્વેષ, વેહેર, ખાર તજો સત્પંથ શું શિખવે છે! તેનું ભાન કરો. એથી જ જ્ઞાતી સુધારી શકશો, જો પહેલાં તમો સુધર્યાં હશો! સંપ, જ્ઞાન, વેદ અને વિવેક સાચવવા ઉમંગી બનો. વેદોમાં જે જે પુજ્ય અને અગત્યની વસ્તુઓ કહી છે, તે સત્પંથિઓની અગત્યની જ પુંજનિય છે. તેની સત્પંથિઓને જરૂર હોય જ, પણ વેદ વિમુખોને ન હોય! ને તે સત્પંથી પણ ન જ કહેવાઓ. જ્યાં સુધી માણસ વેદોક્ત વ્યવહાર નથી સાચવતો ત્યાં સુધી તે ઢોંગી જ હોય છે, ને તેવાઓ જ પોતાના જેવા અન્યને કહેવા જોર મારે છે. ધન્ય છે ઢોંગી જનોને!!!

હિન્દુ મુસલમાન વિષે આપને પ્રથમ ઘણી વખત લખી

ચુકેલો છું. શ્રી સદ્દગોર પીર ઈમામ શાહ તે શ્રી નબીમહમ્મદ સાહેબની પવિત્ર પુત્રી માતા ફાતમાહના ઓદરેથી શ્રી અલી સાહેબની વૌંશે દર વૌંશે આવેલા પુત્ર સૈયદજ હતા ને સમયના જ્ઞાને અખિલ વિશ્વમાં તેની જરૂર હતી, અને આજ પણ એજ વિષય જગતના નેત્તાઓએ અગ્રગણ્ય રાખેલો છે, તેમ છેવટ સુધી રહેશે જ. આપનું ટોળુ કાંઇ નિરાલી પદ્ધતીનું છે! કે વિરૂદ્ધતા પ્રગટાવે છે! યાદ રાખજો—જ્યાં સુધી શ્રી નિષ્કલંકીનો સમય ને કળજુગનો વર્તારો ચાલુ છે ત્યાં સુધી તો એ પવિત્ર વૌંશ (સૈયદો) ની જરૂર પડવાની.

વ્યક્તિ દોષોમાં દોરવાઈ ઉછાંછલા ન બનો! જેની જરૂર પડશે તે તો સર્વ દોષો રહીત, પવિત્ર, સૈયદ (ઇમામમેહેંદી = નિષ્કલંકી) છે. તેની ઓળખાણ કરાવનારાઓ પણ તે જ વૌંશના ઓછા વદ્ધતા પવિત્ર ને સુદ્ધ જ હશે. ન્યાયિ વાત તો એજ છે કે જેની જરૂર આપણને છે; તો આપણી જરૂર તેને પણ હશે. ને તેને જો આપણી જરૂર છે તો અવશ્ય આપણને તેની જરૂર પડવાની જ. ભ્રમમાં બંધાઇ ઉતાવલિયા થઇ નિંદાગારા ન બનો. આપ કેટલિક વાતો નિતિ યુક્ત બોલી ગયા છો! પણ આપ તે તરફ યુવક ભાવનાના હોવાથી લક્ષ આપી શકયા નથી. મિત્રો! જે કોઈ માણુસ કે સમૂહને પોતાની નિંદા કરનાર માની લે છે, ને પોતાનો દ્વેષિ ઓળખે છે, તેની ખરી વાત પણ ઉભય પક્ષમાં ઘસડાઇ જાએ છે. વાત સુદ્ધાંત પણ સાંભળવા કંટાળે છે. તેમાં મોટા ટાયલા રૂપ છાપાઓમાં જરાતરા કયાંએ સંતાઇ જાએ. વ્હેમનો ભરેલો ભૂત સત્યથી ઘણી દૂર નાખી દે છે, તે જ દિશા આપની પણ બની હોવી જોઇએ! "વિવેકી પુરૂષો દોષ ન જોતાં સારજ ગ્રહણ કરે છે."

મલેચ્છ, યવનો કોઈ અન્યના સર્જેલા નથી, સર્વ સૃષ્ટિ એક પરમાત્માની છે, દેશ પરદેશની સજ્ઞાએ નામ પડયા છે, છતાં પરમાત્મા દરેકમાં વ્યાપિક સામાન્ય રીતે રહેલો છે. ને વિશેષતાએ શ્રી બુદ્ધા અવ્તાર (મલેચ્છમાં) અને શ્રી રામા અવ્તાર (યવનમાં) લેઈ જગતમાં રામ રાજ્ય, સુલેહ પથરાવી ગયા છે. તેને ત્રણે લોક પૂજી પોતાનું કલ્યાણ કરી ગયા. આજ આપ તેમનો અનાદર કરો તો મુખતિયાર છો! તેઓશ્રીની હયાતીમાં શત્રુઓ હતા જ! યુદ્ધાદિ અનેક પ્રકારેથી તેઓશ્રીને કષ્ટ પહોંચાડતા. તે મહિલાઓ આજ વાણખાણે યુદ્ધ ચલાવી રહ્યા છે! તેમાં કેવો આશ્ચર્ય? ભાઈ! વ્હેરની વશુલ આમ નહિ થાએ, વશુલતો ભક્તિ ભાવે જ સોએ સો ટકા લઈ શકશો. વ્હેરની વશુલાતમાં તો શેષ પાવક લેશો. સુધારાના સ્વપ્ના પણ નહિ આવે.

મિત્રો! ધર્મ સુધારો, કે નિતિ સુધારો ક્રિયાચાર પાળવામાં જ છે. પવિત્રતાઇ એજ લક્ષ્મીનું મંદિર છે. પવિત્ર ધર્મ નિમન લિખિત પાંચ મુદ્દામાં સમાઇ રહ્યો છે. ૧ શરીર શુદ્ધિ = લાઈ સુતકાદિના સ્નાનાદિ પ્રયોગો વિગેરે. ૨ હૃદય શુદ્ધિ = માદક પદાર્થોનું ત્યાગ, જેમકે લસણ, ડુંગળી, હીંગ, તમાકુ, મોંશ, મદીરા, ગાંજો, ભાંગાદિ સ્વપ્ને પણ ના આવે. ૩. વર્તદાન=એટલે શુકર વારીબીજ, ને દાન એટલે દશાંશ, વેદયુક્ત સાચવવી. ૪. ઉપાશના=સંધ્યા એટલે ચારે વખત કરવાનાં પ્રયોગ, અને પૂજા એટલે ઘટપાટની ક્રિયા. ૫. ધ્યેય= શ્રી નિષ્કલંકીના પાત્રનું જે વેદે સમયાનુકુળ બતાવ્યું છે તેનું ધ્યાન ધરવું. એ પાંચમાંથી આપને પાળવાની જોગવાઈ ન થઇ શકી હોય, તેટલી સવડ કરી પૂરી, સુધારી; ફરી ભૂલ ના

આવે તેવી ભીતીએ વર્ત્યા કરો, પછી જૂઓ કેમ સુધારો થતો નથી ? આપને સ્વછંદે વર્તવું છે ! ધર્મને બાને ધતિંગ જમાવવું છે ! ને બણગા સુધારાનાં ફૂંકાવા છે ! આ તો જાણે કાદવથી ખરડાએલ લૂઘડું મૂતરથી ધોઇ પવિત્ર કરવા જેવું છે. નાતજાતના ઝેર ખારમાં કેટલા સડયા કરશો ? સત્પંથ તેમ કરવા ક્યાં સૂચવે છે ? સત્પંથે બતાવેલો વિષય આજ સ્વરાજ (મોક્ષ) ની ચાવી રૂપ વપરાઈ રહ્યો છે. જૂઓ મહાત્મા ગાંધીનાં સૂત્રોને મી. અંબાલાલ નૃસિંહલાલ શાહનાં વચન "સત્સંગ" માસિક પુ. ૧૩ અંક ૨. પા. ૩૬. "પાપ કાંપનો જમાવ સત્વર ઉચ્છેદો સુખ સાર; હિન્દુ મુસલ્મા ઐકય સ્થાપતાં 'કરો ધર્મ વિસ્તાર' દયામય શીઘ્ર ધરો અવતાર" કોણ જાણે આપનો નવો વેદ કીયા સડેલા ભંડારમાંથી શોધી લાવ્યા છો ? ચારે વેદમાં તો આપના વિચાર લગતો વિષય કોઈ ઠેકાણે નજર આવતો નથી.

ધર્મને ને માયાને (મિલ્કતને) શું સંબંધ હોય છે ? આ કેવો નવો પ્લાન સોધ્યો છે ? કોનો બચાવ કોનાથી કરવા દોડયા છો ? ધર્મનાં સ્થળે જે દોલત (માયા) એકઠી થાએ એ શ્રદ્ધાળુ અને ભાવિકોનાં પ્રેમનો નમુનો છે. ધાર્મિક આજ્ઞાએ આવેલી રકમનો પ્રવાહ છે. ને એમ તો વખતોવખત શ્રીજીનાં અવતારોનાં સ્થળોમાં બનતું આવ્યું છે, તે સાથે ધર્મિઓને કાંઈ સંબંધ હોતો જ નથી. ને જે એ વ્યવસ્થાથી ગુંચવણમાં પડયો, તો જાણી લેવું કે ધર્મ હાર્યો. એ ગુંચવણ અવશ્ય ગુંચવણમાં પડનારની ને તઠસ્થની ઉભય પક્ષની આડો તો આવે છે, એ વાત નિર્વિવાદ છે, પણ તટસ્થ તેનો નિવેડો વ્હેલો લાવી શકે છે, પણ અંદર પડેલો ગુંચવણ ઉકેલી શકતો

એ નથી ને સુખી પણ થઈ શકતો નથી, કરોળિયાની જાલની જેમ ગુંચવાઈ ગુંચવાઇ અન્ય જીવોને સાથે લઇ નાશ પામે છે. એવા દાખલા ઘણા બની ચૂકયા છે. ભૂતકાળના ઇતિહાસિક પુસ્તકો પૂરાવા આપી રહ્યા છે. તે ગુંચવણમાં સમજુ પુરૂષો પડવા કેમ પસંદ કરશે?

૫. સંકોચતાં સંકોચતાં વિસ્તરી ગયો છે તો પણ વાંચી સારા સાર ને ગ્રહણ કરી ધ્યાનમાં લેશો. સાર જે ન્યાય યુક્ત ગ્રહણ કર્યું હોય તે પ્રત્યોત્તરમાં વળતાં આપવા કૃપાવત્ત થશો.

આ સાથે બીજા ત્રણ લેખો કંવાલી રાગમાં છપાવેલ મોકલ્યા છે. ૧. મગનલાલનો જવાબ. ૨. સત્પંથને ચારે વેદો પૂરાવા આપે છે તેનાં મંત્રોની પુરાવાની નોંધ. ૩. સત્પંથને સાચવનારાઓની સ્થિતીનું ભાન કરાવનાર. હાલ એજ અવશેષ આપનાં સલ્ા આદ! શાંતી, શાંતી, શાંતી.

લી. શુભેચ્છક

સૈયદ બાવાસાહેબ અહમદઅલી 'ખાકી'ના
હેંજદા સપ્રેમ વાંચજો.

પોસ્ટલ સર્ટીફીકેટ

આ શિરનામાનો પત્ર અ. ૨. બુક પોસ્ટ અત્રેની પોસ્ટ ઓફીસેથી રવાના થયો છે.

TO

કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી સુધારક યુવક મંડલના સેક્રેટરી
કા. શિવજી કાનજીને પોહોંચે
મુ. કરાંચી
ઠે. રણછોડની લેન,
ખોજા મેહેરઅલીના મકાનમાં
ક. ક. પા. જ્ઞા. સુ. યુવક મંડળની ઓફીસમાં.

ૐ

પીરાણાઓના ગુરૂ ભક્તિનો લેખ લખનાર મગનલાલની કવ્વાલીનો જવાબ

શેર ગુજરાતી

સૂર્ય સત્પંથ જગમગ્યો, ઘુવડ થયા નિરાશ,
અવિદ્યા છાર ઉડાડીને, સત્ય કર્યો પ્રકાશ.

કવ્વાલી

અરે નર ઘુવડ નાચેલા, પ્રકાશે કાં થયા ઘેલા,
પડળ આંખોનાં છે મેલાં, નિહાળી જો વતન પહેલાં.

કહે તું હિન્દને મારો, મિશર તો છે વતન તારો,
કથન તું કાં કથે ઘેલા? જરા ઇતિહાસ જો પહેલાં.

આરબના તે હતા સંગી, પુરા બળવાન એ જંગી,
પછીથી હિન્દમાં રહેલાં, વિચારી જો અસલ પહેલાં.

ગરીબોને નસાડીને, પડયા છો હિન્દ પચાવીને,
થઇને મનના મેલા, હવે કહો હિન્દ છે પહેલાં.

હતો નિલી હવે હિન્દુ, તપાસ એ આર્યના બિન્દુ,
અસલ ભૂમીના રાનેલા, ગરીબોને કશાવેલા.

નથી આ મૂલક આર્યોનો, હતો ને છે અનાર્યોનો,
જૂલમ જંગી મચાવેલા, ગરીબી હક્ક પચાવેલા.

થવા હિન્દુ મથે સાથી? જતો રહે આવ્યો હોય જ્યાંથી,
કપટ કૂડેથી ખોરેલા, ભરમની ભૂલે મોરેલા.

જરા વેદો ઉઘાડી જો, ધરમ નિતિ તપાસી જો,
ફસીને ફને, ફેરેલા ગરવને ઘેને ઘેરેલા.
તપાસી જો તારા ધર્મો, પડયા નોખા કરી કર્મો,
ફૂલે ફંદોના ઘેરેલા, અલ્યા અન્ય ભેદે ભેરેલા.
ધર્મમાં ઝેરને રાખી, કંઈ ફાંટા કર્યા નાખી,
ધર્મે હિન્દુ જો છે પહેલા, અનાર્યોનો તું સુણ ઘેલા.
સનાતન નામ ધરવાને, પોતાને સુદ્ધ કરવાને,
તપાસી જો ઠર મહેલા, સનાતન ક્યાં હતો પહેલાં.
અરબ ભાષાથી ભડકીને, ઉન્મતાથી તું થડકીને,
નિંદાનો નંદ થયો હેલા, ધરમ તે ક્યાં હતો પહેલાં.
સૂર્ય સત્પંથનો જોઇ, રહે છે તું અલ્યા રોઇ;
સનાતન ધર્મ એ પહેલા, જરા જો શાસ્ત્રને ઘેલા.
હોય મતવાદ જેમાં તે, માંને તું ધર્મ એમાં એ ?
પ્રભુ હિન્દુ હતો હેલા, કે મુસલમાન તું બતાવ વહેલા ?
જગત બોધક વિના નહિ રહે, મૂરખ રાખે છે અહીં સંદેહ,
પ્રમાણોથી બતા વહેલા, એ બોધક ક્યાં હતો પહેલાં ?
ફસાવા અન્યને અંધા, વચન કાઢે છે તું ગંધા;
મગન તુજ જાત જો પહેલાં, લવે શું વહેમથી ઘેલા ?
ધરમ તો છે પિતા તારો, શું ખોળે અન્યનો ધારો,
કરી જો બુદ્ધને પહેલાં, લવે શું વહેમથી વહેલા ?
પડયો ખિચડમાં ખંડાઇ, વખોડે અન્યને ભાઇ;
કપાવી નાક તેં વહેલાં, નાચ્યો તું નાચ સૌ પહેલાં.
કહું છું હું હજી થોડું, કથન તારાનુ નહિ જોડું;
ધરમ પર ધાડ લાવેલા, અતી પાખંડ મચાવેલા.

ધરમ દાઝેથી હું વલતો, નહિ તો ભાઈ સાંભળતો,
કથન કથવા નથી સહેલા, વર્માજી વહેમના વેલા.
ભાષાનુ જ્ઞાન ના જાણે, કલમ લેઈ હાથ શું તાણે?
કશાવે સત્યના મેલા, અલ્યા સત્યગોર એ સહેલા.
ભાઈ ધનવાન શું આપે ? તુજ હાથે નાક તુજ કાપે ?
ધરમ હિમ્મતનાં જે મેલા, ખાવા ખદૂકા રહે ઠેલા.
મગન બોલીને સાંભળવું, હવે હૈયે તેનાં બળવું;
કર્યાં પ્રશ્નો તમે પહેલા, તેના ઉત્તર છે આ સહેલા.
પ્રકાશે ઘુડ થયા અંધા, ચકોર વળગ્યા જઇ ચંદા;
મગન મત મેલી દે પહેલાં, સૂઝે સતપંથ તો સહેલા.
વિસનગરી માનજો સાચું, તમે કાપ્યું ખરે કાચું;
કહે ખાકી કથન સહેલા, હવે સમજી જજો વહેલા.

લેખક
સૈયદ બાવા સાહેબ અહમદઅલી (ખાકી).
મુ. પીરાણા.

ગત ૩૦ વર્ષની કાર્યવાહીની સંક્ષિપ્ત રૂપરેખા

આ પ્રકાશનમાં સ્વ. ખાકી સાહેબના ગત ૬૭ વર્ષ પહેલાંની કાર્યવાહી તથા તેમના હસ્તે લખાયેલા પત્રોની રૂપરેખા પ્રસિધ્ધ કરેલ છે. પરંતુ સ્વ. ખાકી સાહેબના અવસાન બાદ તેઓશ્રીના જ વારસદાર સતપંથી સૈયદ શ્રી શમ્સુદ્દીન બાવાજીની પ્રેરણાથી, ગુજરાત સાબરકાંઠા જીલ્લા તથા કચ્છ વિભાગમાં, ગત ૩૦ વર્ષથી અત્યાર સુધીના સમયમાં જે ધાર્મિક સંઘર્ષો થયા છે, તેવા બનાવો પૈકીની સંક્ષિપ્ત રૂપરેખા આ પ્રકાશનના અંતમાં નીચે મુજબ પ્રસિધ્ધ કરીએ છીએ.

માટે હાલ વર્તમાન સમયના સતપંથી શ્રદ્ધાળુ વડીલો તથા યુવાનોને આવા ધાર્મિક સંઘર્ષોની સામે થયેલ કાર્યવાહીની યાદ અપાવીએ છીએ તેમાં અતિશયોક્તિ કે આત્મ શ્લાધા જણાયતો આપ દરગુજર કરશો. Monthly magazine

Jagruti Magazine started in 1958

(૧) ધનસુરા વિભાગમાંથી જાગ્રુતિ માસીકની શરૂઆત 1958 સને ૧૯૫૮થી કરવામાં આવેલ છે. અને તેવા માસીકોમાં 1961 સન ૧૯૬૧ની સાલમાં જ સતપંથ ધર્મની ટીકા કરતી કેટલાક લેખો પ્રસિધ્ધ થયેલા. તેના લેખો 'વહાલી શાન્તીમંડળ' ના નામથી પીરાણુપંથ છોડાવવાની એક પત્રિકા આર્યસમાજી ભગત વાલજીભાઇ કાનજીભાઈના નામથી પ્રસિધ્ધ થયેલ હતી. જેના પ્રતિઉતરમાં આપણા સતપંથ સમાજે મારા નિમિત્તે જાહેર પત્રિકા પુસ્તક છપાવીને જવાબ આપેલા. તે હકીકત સમગ્ર સમાજની જાણમાં છે.

(૨) ત્યારબાદ સન ૧૯૬૭માં-કચ્છ આણંદસર ગામે લક્ષ્મી નારાયણ મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે, જાહેર સભામાં સતપંથ ધર્મની ટીકાઓ થયેલી. જેના સામે આપણે કચ્છ અંગીયા ગામના શ્રી ભાણજીભાઈ રામજીભાઈની મદદથી તેવા આણંદસર ગામના પ્રસંગની સત્ય ઘટનામાં ટીકા કરનારાઓનાં અપકૃત્યોને છપાવીને પ્રસિધ્ધ કરેલ. જેના સામે આપણા વિરૂધમાં મુંબઈના ભગત ગોપાળ પ્રેમજીભાઈની વિધ્વતાથી પત્રિકાઓ છપાવીને રૂા. દસ હજારનું ઈનામ જાહેર કરેલ અને કચ્છ ગુજરાત ભેરમાં સતપંથ સમાજ સામે સંઘર્ષો શરૂ કરેલ.

(૩) ત્યારે તેવા સમયમાં આપણા સતપંથ સમાજમાં સ્વ. મુખી શ્રી દેવજીભાઈ લાલજીભાઈએ તથા સ્વ. લધાભાઈ ખેતાભાઈએ સતપંથ સમાજને શિક્ષણ મળે તે માટે અખંડ જ્યોતિ માસીક પ્રસિધ્ધ કરાવેલ. અને તેવા ત્રિમાસીક અખંડ જ્યોતિના પ્રકાશક સતપંથી સૈયદ શમ્સુદીન બાવાનું નામ ૧૯૬૮ની સાલના પ્રસિધ્ધ થયેલા અંકમાં જગ પ્રસિધ્ધ થયેલ છે.

Akhand Jyoti - Monthly Magazine by Satpanthi in the year 1968

ઉપરાંત-જાગૃતિ માસીકના સંચાલકોને નમ્ર વિનંતીઓ કરવા છતાં ટીકા ટિપણીઓ ચાલુ રાખતા હોવાથી ગાંધીનગરથી ફોજદારી રાહે અરજીઓ અમારા નામથી કરાવવામાં અંગત પ્રેરણા સતપંથી શ્રી શમ્સુદ્દીન બાવાની શક્તિથી જાગૃતિ માસીકના સંચાલકો ત્યાર પછીથી તેમના માસીકમાં ધાર્મિક ટીકાટીપણી આજસુધી કરી કરાવી શકયા નથી.

(૪) સાબરકાંઠા જીલ્લામાં તખતગઢ કમ્પામાં સતપંથી શ્રી ભાણજીભાઈ કાનજીભાઈના ત્યાં લગ્ન પ્રસંગમાં જે ગ્રામજનોએ વિઘ્નરૂપ થવા પ્રવૃત્તિ કરેલી હતી. તેના સામે બંદોબસ્ત જે શક્તિથી થયેલ તે આપણા સમાજથી અજાણ નથી જ. ઉપરાંત-એ તખતગઢ કમ્પામાં ભાણજીભાઇના ત્યાં

લગ્ન પ્રસંગ કેવી રીતે ઉજવાયો? તેની સંક્ષિપ્ત રૂપરેખા તે સમયમાં જ સતપંથ સમાજના–૧૦ પ્રતિનીધીઓના પ્રકાશનના નામેથી એક પત્રિકા મારી કલમથી પ્રસિધ થયેલ છે. જેના નમુના ફાઇલોમાં છે.

(૫) નખત્રાણા પરિષદ ગત સન ૧૯૭૭માં મળેલ ત્યારે અખિલ ભારત પાટીદાર પરિષદમાં મુખ્ય મહેમાનો તે સમયના વિધાન સભાના અધ્યક્ષ શ્રી કુન્દનલાલ ધોળકીયા તથા ગૃહમંત્રી પોપટલાલ વ્યાસ વગેરેની હાજરી હતી. તે પરિષદમાં જ્ઞાતી રિવાજના ઠરાવોમાં ભૂમિદાગ ફરજીયાત અટકાવવા ઠરાવ નં. ૧૮ની સામે વિરૂધ દર્શાવવા હમોએ કેન્દ્ર સરકારની મદદથી તેવા કોમવાદી ઠરાવો તથા ધાર્મિક ટીકા ટીપણ ન કરી શકે તેવો બંદોબસ્ત કરાવેલ અને તે વખતની પરિષદની વિરૂધમાં હમોએ પત્રિકાઓ છપાવી. સમાજમાં દરેકનું ધ્યાન દોરવેલ છે.

(૬) કચ્છમાં ફાદીયા થરાવડા તથા અન્ય ગામના સતપંથી મંદિરોના રક્ષણ માટે જે જે જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે તે તથા કચ્છ કલ્યાણપુર ગામના મંદિરના પ્રશ્ને જે સંઘર્ષો થયા તેમાં વિઘ્ન સંતોષીઓએ આપણા જ ભલા ભોળા સતપંથી વાલજીભાઇ માવજીભાઇને ઉશ્કેરીને જે નખત્રાણાની કોર્ટમાં ફોજદારી ગુનાની ફરીયાદીઓ કરાવી હતી, તેથી તેવી ફરીયાદીઓનાં સમાધાન કરાવવા કેટલાક સમજુ વડીલોએ પ્રયત્નો કરેલા તેમ છતાં સમાધાન ન થતાં તેવી ફરીયાદીઓમાં હાલના પીરાણા સંસ્થાના ચેરમેન શ્રી કેશુભાઇ રામજીભાઇ તથા સતપંથી સૈયદ શ્રી શમ્સુદીન બાવા તથા માનકુવાના શ્રી કાનજીભાઇ નથુભાઇ વગેરેના ઉપર જુઠા ઉપજાવી કાઢેલા આક્ષેપો કરેલા હતા. તેથી તેવી મતલબનો

જુઠો કેસ નખત્રાણા કોરટમાં ચાલીજતાં નામદાર કોર્ટે સામા-વાલાની ફરીયાદ ખર્ચ સાથે કાઢી નાખેલ છે. તે હકીકત સમાજમાં નોંધપાત્ર બનેલી છે.

(૭) ઉપરાંત સ્વ. નારણભાઇ રામજીભાઇના જીવન ચરિત્રને ફરીથી સમાજમાં છપાવીને ગતવર્ષમાં પ્રસિધ્ધી ટીકા કરનારાઓએ જાહેર કરેલ. તેમાં તેમણે સૌપ્રથમ સતપંથ ધર્મ કેમ ? અને ક્યારે છોડયો ? તે હકીકતો પ્રસિધ કરાવેલ અને તેવાં પુસ્તકોની આપણને જાણ થતાં તેના સામે પડકાર કરવાની જાહેરાત પ્રથમ આપણે પ્રસિધ કરેલ. અને પીરાણા સંસ્થા કમીટીમાં તે પુસ્તક રજુ કરીને તેના સામે કોરટની રાહે કાર્યવાહી કરવા હેતુના ઠરાવ કમીટીએ કરેલ. તેમજ તેવી મતલબની નોટીસો–સતપંથ સમાજવતીથી હમે સામાવાલાઓ પ્રકાશકોને આપેલી તેનો કોઈ ખુલાસો ન હતો.

(૭) તે સમય દરમ્યાનજ કચ્છ નખત્રાણા મુકામે ગત તા. ૧૮–૫–૮૫ તથા ૧૯–૫–૮૫ ના બે દિવસ જનરલ જ્ઞાતી સમાજનું અધિવેશન મળેલ. તેમાં પણ એવા સતપંથ ધર્મને છોડાવનારા સ્વ. નારણભાઈ રામજીભાઈના જીવન ચરિત્ર પુસ્તકોને ફરીથી પ્રસિદ્ધ કરાવવા તેમજ ભૂમિદાગ ફરજીયાત બંધ કરાવવા ઠરાવો કરેલા હતા. જેથી તેવી જાહેર પરિષદોમાં હમોએ લીખી કમ્પાથી નખત્રાણા સુધી પગપાળા પ્રવાસ કરીને હાજરી પરિષદમાં આપેલી. અને જાહેર સભામાં હમોએ જે વિરૂધ અને પડકાર કરેલો તેથી કચ્છ ગુજરાતભરના સતપંથ સમાજમાં સંપ અને સંગઠનથી

કાર્ય કરવાની દરેકને નખત્રાણાની પરિષદમાંથી પ્રેરણા અને હિંમત મળેલ છે.

ઉપરાંત–તે નખત્રાણા પરિષદના સંચાલકોને પડકારતી જાહેર પત્રિકાઓ તથા કચ્છમિત્રમાં જાહેરાતો હમારા નામથીજ કચ્છ વિભાગના સતપંથી યુવક મંડળે પ્રસિધ્ધ કરાવેલ છે. અને તેવી પત્રિકાઓ રજીસ્ટરથી–નખત્રાણા પરિષદના સંચાલકો શ્રી પ્રેમજીભાઇ પુંજાભાઇ વગેરેને મોકલેલ છે તેનો વળતો જવાબ તેઓ આપી શકયા નથી.

(૯) આવી જાતના ધાર્મિક સંઘર્ષોની સંક્ષિપ્ત રૂપરેખાના અંતમાં શિક્ષણ કેળવણીની નવિન સંસ્થા, પીરાણા મુકામે શરૂ કરવામાં આવેલ છે. જે શિક્ષણ સંસ્થાનું શુભ નામ 'પીરાણા ગુરુકુળ એજ્યુકેશન ટ્રસ્ટ' રાખવામાં આવેલ છે. તેવું જાહેર ટ્રસ્ટ રજીસ્ટર થઇને મંજુરી મળી ગયેલ છે. તેનો રજીસ્ટર નંબર ઈ. ૫૯૬૮ છે.

તો આવા શિક્ષણ કેળવણીના કાર્યને નિભાવવા સતપંથ સમાજે સંપ અને સંગઠનથી કાર્ય કરવા, આવા શુભ કાર્યોમાં તન મન ધનનો પવિત્ર સાથ સહકાર આપવા હમારી નમ્ર વિનંતી છે.

લેખક : અનામી અંતરઆત્મા
એજ સતપંથ સમાજના શુભેચ્છકો

પ્રકાશકો :– શ્રી રાવજીભાઈ કાનજીભાઈ પટેલ
મુ. પો. લીખી કમ્પા તા. હિમ્મતનગર
શ્રી અરજણભાઈ કાનજીભાઈ પટેલ
મુ. પો. રામપુરા કમ્પા તા. બાયડ

realpatidar.com

શ્રી સત્પંથ સાહિત્યની યાદી નીચે મુજબ છે

નંબર		રૂ.
૧	સત્પંથ પ્રકાશ	૩૫–૦૦
૨	યજ્ઞવિધિ	૨૫–૦૦
૩	આજ્ઞાપત્ર	૧૫–૦૦
૪	ભાભા રામ સુબોધ	૫–૦૦
૫	મોટી સત્યવેણી શ્રી નરઅલી મહમદશાહ બાવાની	૬–૦૦
૬	નાયાકાકા પ્રેમપાઠ	૫–૦૦
૭	બાઈ બુઢાઈ સત્પંથ બોધીની	૫–૦૦
૮	યોગવાણી	૫–૦૦
૯	સત્પંથ કર્મપ્રયોગ	૫–૦૦
૧૦	ચેતામણી	૪–૦૦
૧૧	અમૃતવાણી	૫–૦૦
૧૨	મૃગોદ્ધાર	૨–૦૦
૧૩	સત્પંથીઓનું 'કર્મ'	૧–૫૦
૧૪	ચેતો ઋષિવરો ગુરૂ કહે	૪–૦૦
૧૫	કલીતારક મંત્ર	૨–૦૦
૧૬	મનહરજ્ઞાન	૪–૦૦
૧૭	સત્યનું શોધન	૨–૦૦
૧૮	ભક્તની સોધ	૨–૦૦
૧૯	પરછા	૨–૦૦
૨૦	શિક્ષાપત્રી	૨–૦૦
૨૧	ઓશાણી	૧–૦૦
૨૨	નારણ રામજીનો પ્રતિધ્વનિ	૨–૦૦
૧૩	મહોરની દર્શનના પાના	૫–૦૦
૨૪	સંત વાણી	૧–૦૦
૨૫	સુકેનાવલી	૧–૦૦